

લક્ષ્મીની પરીક્ષા
રવીન્દ્રનાથ ટાગોર



ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

પ્રકાશક તથા વિક્રેતા

ગાંધીરસ્તા : અમદાવાદ.

શ્રી. રવીન્દ્રનાથ ઠાકુર પ્રણીત

લક્ષ્મીની પરીક્ષા

: અનુવાદક :

નગીનદાસ પારેખ

પ્રાપ્તિસ્થાન

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરસ્તો : અમદાવાદ.

: નાટકોનો અનુક્રમ :

●

પહેલી આવૃત્તિ : ૧૯૪૧

કિંમત : બે રૂપિયા

: પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરસ્તો : અમદાવાદ

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ
શારદા મુદ્રણાલય, પાનકોર નાકા,
જુમામસીદ સામે : અમદાવાદ

પ્રિય નાથુભાઈને

નિવેદન

ગુજરાત વિનય મંદિરનાં બાળકોને ભજવવા માટે સારાં નાટકો શોધી આપવાનું કામ મેં સ્વીકારેલું હતું. એ કામગીરીને અંગે જ મારે આ પહેલાં પ્રસિદ્ધ થઈ ચૂકેલાં 'વિસર્જન', 'પૂજારિણી અને ડાકઘર' તેમ જ આ પુસ્તકમાં સંગ્રહાયેલી ચારે કૃતિઓના અનુવાદ કરવા પડેલા. એમાંની પહેલી 'ગૃહપ્રવેશ' એ 'માસી' નામે પ્રસિદ્ધ થયેલ વાર્તાનું કવિવરે પોતે કરેલું નાટ્ય રૂપાંતર છે. એનો અનુવાદ ૧૯૨૭-૨૮ના અરસામાં કરેલો. ત્યાર પછી ૧૯૩૭માં એ 'ઊર્મિ'માં પ્રસિદ્ધ થયેલો. બીજી કૃતિ 'લક્ષ્મીની પરીક્ષા'નો અનુવાદ ૧૯૩૫-૩૬ના અરસામાં કરેલો અને 'કિશોર'માં પ્રસિદ્ધ થયેલો. 'મફતિયા માલપાણી'નો અનુવાદ ૧૯૩૯ના અરસામાં કરેલો અને તે વખતે 'પ્રસ્થાન'માં પ્રસિદ્ધ થયેલો. છેલ્લી કૃતિ 'અંત્યેષ્ટિ સત્કાર'નો અનુવાદ ૧૯૨૭-૨૮ના અરસામાં કરેલો અને પાછળથી 'કિશોર'માં પ્રસિદ્ધ થયેલો.

આ ચારે જુદા જુદા પ્રકારની કૃતિઓને આજે એક પુસ્તકમાં કેવળ અભિનેયતાને સૂત્રે ગૂંથીને રજૂ કરવામાં આવે છે. આશા છે કે ગુજરાતના વિદ્યાર્થીઓને ભજવવા માટે એ ઉપયોગી થઈ પડશે.

૧-૭-૪૭ **નગીનદાસ પારેખ**

ગૃહ–પ્રવેશ

અંક પહેલો

યતીનની પાસેનો ઓરડો
પાડોશણ અને યતીનની બહેન હિમિ

પાડોશણ: યતીનને આજ કેમ છે, હિમિ ?

હિમિ : સારું નથી, ફોઈ.

પાડોશણ: કહું છું, ભૂખ તો લાગે છે ને હજી ?

હિમિ : ના, એક ચમચો કાંજીયે લેવાતી નથી.

પાડોશણ: હું કહું છું તે એક વાર કરી જુઓને બહેન. અમારા મોટા જમાઈને પણ બરાબર આવું જ થયું હતું. ભગવાનની દયાથી ખાઈ શકતા હતા — ભૂખ નહોતી મરી ગઈ, એટલે જ બચ્યા. પણ જરા પાસું ફરવા જતાં જ — યતીનનેય એવું જ પાંસળાનું દરદ —

હિમિ : ના, એમને તો કાંઈ દરદ નથી.

પાડોશણ: તે ભલેને ન હોય. મોટા જમાઈ પણ બરાબર આમ જ કેટલાયે મહિના સુધી પથારીવશ રહ્યા

હતા. એટલે જ કહું છું કે, બહેન, ફરિદપુરથી મંગાવી લો ને પેલા કપિલેશ્વર મહારાજની — કહેતાં હો તો મારા છોકરા અતુલને —

હિમિ : તમે એક વાર માસીને કહી જુઓ, તે જો —

પાડોશણ : તા....રી મા....સી — ! તે તો સાંભળતી જ નથી. તે ક્યાં કશું માને છે? માનતી હોય તો તેની આ દશા થાય ખરી? કહું છું હિમિ, તમારી વહુ તો યતીનના ઓરડા તરફ મુખ્યાં જતી નથી.

હિમિ : ના, ના, મહીં મહીં તો—

પાડોશણ : મારી આગળ છુપાવવાથી શું વળવાનું છે, બહેન? તમોએ તો ભારે હોંસથી આવી રૂપાળી કન્યા ઘરમાં આણી હતી — હવે દુઃખના દિવસોમાં આ તમારી પરી-વહુનું રૂપ શું કામ આવવાનું, કહેને વારુ? એનાં કરતાં તો કાળી કૂબડી —

હિમિ : એવું બોલશો નહિ, ફોઈ, અમારી વહુ નાદાન —

પાડોશણ : ઓ મા! નાદાન કોને કહે છે? ખોટી ઉંમર કહીને લગ્ન કર્યાં હતાં એટલે શું અમારે આંખો જ નથી? આવો છોકરો યતીન, તેના નસીબમાં આવી — પેલી આવી મણિ.

મણિનો પ્રવેશ

આવ, બહેન, આવ. અગાસીએ હતી કે શું?

મણિ : હા.

પાડોશણ : શીલના ઘરનો વરઘોડો નીકળ્યો છે, એટલે જોવા

ગઈ'તી કે શું? આહ! નાદાનને રાતદિવસ માંદાના ઓરડામાં શી —

મણિ : મારા ટમનાં ઝાડને પાણી પાવા ગઈ'તી.

પાડોશણ : ઠીક વાત યાદ કરી આપી. તારા ગુલાબની કલમ એકેક મને આપવી પડશે. અનુરાને ભારે ફૂલ-ઝાડનો શોખ છે — બરાબર તારા જ જેવો.

મણિ : આપીશ.

પાડોશણ : અને સાંભળ બહેન, તારા ગ્રામોફોનને આજ-કાલ તું અડતી નથી — જો કહેતી હોય તો પછી અમારા ભરત્યે સમરાવી લઈ —

મણિ : તો લઈ જાઓને.

પાડોશણ : તમારી વહુનો હાથ ખૂબ ઉદાર. ન કેમ હોય? કેવા મોટા ઘરની છોકરી. બહુ જ સાલસ. પેલી આવે તમારી માસી — હું જાઉં. યતીનનું બારણું રોકીને બેઠાં જ છે. રોગને તો રોકી શકતાં નથી એટલે આપણને જ રોકી રાખે છે.

[પાડોશણ જાય છે.]

હિમિ : શું શોધો છો, ભાભી?

મણિ : મારાં કુરકુરિયાંને દૂધ પાવાની પેલી રકાબી.

શર્માની પાસેનો ઓરડો
માસીનો પ્રવેશ

માસી : વહુ, તારાં પગલાં સાંભળવાને યતીન કાન માંડી રહ્યો છે તેની ખબર છે? આ સાંજને વખતે તેના ઓરડામાં જઈને પોતાને હાથે દીવો સળગાવી આવ. તેનું મન તો ખુશ થાય—શું થયું? કહું છું, કહું તેનો કંઈ જવાબ દે.

મણિ : હમણાં જ આપણા—

માસી : છો ને ગમે તે આવે; તને બહુ વાર રહેવાનું ક્યાં કહું છું જે? આ તેને મકરધ્વજ ખાવાનો વખત થયો. તારે માટે રહેવા દઈ આવી છું. તું ખરલ લઈ તેની પાસે ઊભી રહીને ધીમે ધીમે મધ સાથે મેળવી દેજે. ત્યાર પછી દવા પાઈ રહે એટલે પાછી આવી રહેજે.

મણિ : હું બપોરે તો તેમના ઓરડામાં ગઈ'તી.

માસી : ત્યારે તો તે ઊંઘી ગયો હતો.

મણિ : સાંજના વખતે તે ઓરડામાં જતાં મને બીક લાગે છે.

માસી : કેમ, તને બીક શાની?

મણિ : એ ઓરડામાં જ મારા સસરાજીનું મૃત્યુ થયું હતું—તે બહુ યાદ આવે છે.

માસી : કોઈ મર્યું ન હોય એવી જરા પણ જગ્યા આખી પૃથ્વીમાં ક્યાંયે પણ છે?

મણિ : બોલશો નહિ, માસી, બોલશો નહિ. સાચું કહું છું, મને મરવાની બહુ બીક લાગે છે.

માસી : વારુ બહેન, તો દિવસે જ તું જરા વધારે—

મણિ : મેં પ્રયત્ન તો કર્યો છે જવાનો. પણ મારું શરીર જ કંપી ઊઠે છે. એ મારા મોં તરફ કંઈ એવી રીતે જુએ છે—બંને આંખો ભભૂકી રહે છે.

માસી : તેમાં બીવાનું શું છે?

મણિ : એવું થાય છે કે તેઓ જાણે બહુ જ દૂરથી મારા તરફ તાકી રહ્યા છે. જાણે આ પૃથ્વીમાં જ નથી!

માસી : વારુ બાપુ, તો બહારથી જ આ દવાદારૂ વગેરે તૈયાર કરી આપ. તું મનથી પોતાને હાથે કાંઈ કરે છે એ સાંભળશે તો પણ કંઈક--

મણિ : માસી, મને તમે લોકો છોડી દો. મારાથી રાત-દિવસ આ માંદાનું કામ નહિ ઢસડાય.

માસી : એક વાર પૂછું છું કે તું પોતે જો કદી સખત માંદગીમાં પડે તો—

મણિ : કદી માંદી પડી હોઉં એવું તો યાદ આવતું નથી. કોન્નગરના બાગમાં રહેતાં હતાં ત્યારે એક વાર તાવ આવ્યો હતો. માએ મને ઘરમાં ગોંધી રાખી હતી. હું તો સંતાઈને નાસી ગઈ અને એક સડેલા તળાવમાં નાહી આવી. બધાંએ જ ધાર્યું હતું કે ન્યુમોનિયા થવાનો. કંઈ જ થયું નહિ. તે જ દિવસે તાવ ઊતરી ગયો.

માસી : તારે ઘેર કોઈ ને માથે કદી આપત–વિપત આવી જ નથી ?

મણિ : મેં તો કદી જોયું નથી. આ ઘરમાં આવીને પહેલું મરણ જોયું. એવું થાય છે કે ક્યારે છૂટું અને ક્યાંય નાસી જાઉં. માલિસની ગંધ આવતાં જ થાય છે કે હવાને જાણે હૉસ્પિતાલનું ભૂત વળગ્યું છે.

માસી : તારો જો આવો જ મિજાજ હોય તો — તારી સાથે સંસાર —

મણિ : કોણ જાણે, મને તમારા બાગમાં માળી બનાવી દો ને — તે કામ મારાથી બરાબર થશે.

[મણિ ઉતાવળી ઉતાવળી ચાલી જાય છે.]

હિમિ : જુઓ માસી, ભાભીનો સ્વભાવ જ એવો છે કે પ્રયત્ન કરીએ તો પણ ગુસ્સે થવાય જ નહિ ! કોઈ પણ જાતનો બોજો દીધા વિના જ વિધાતાએ એને પૃથ્વીમાં મોકલી આપી હોય એવું લાગે છે. એને મન દુઃખ–કષ્ટનો કશો અર્થ જ નથી.

માસી : એની બહારની બાજુ બહુ જતનપૂર્વક ઘડવા જતાં તેનું અંતર પૂરું કરવાનો ભગવાનને હજુ વખત જ મળ્યો નથી — તારા મોટાભાઈના આ ઘરની માફક જ તો ? ભારે દમામથી શરૂ કર્યું હતું, પણ અંદર કશું થયું નહિ. આજે હવે એને વારે-વારે ભોળવવો પડે છે — ઘરની બાબતમાં પણ અને મણિની બાબતમાં પણ.

હિમિ : કંઈ સમજાતું નથી. આ શું આપણું સારું થાય છે ?

માસી : શું સમજી હિમિ ? મૃત્યુ જ્યારે સામે ઊભું છે ત્યારે ઘર પૂરું થાય કે ન થાય તોય શું વહી ગયું ? એટલે જ એને કહ્યા કરું છું કે તેં એક મનથી જે સંકલ્પ કર્યો હતો તે પૂરો થયો છે. ને હિમિ, એ જ સાચું છે.

હિમિ : ઘરનું જાણે તેમ, પણ ભાભી ?

માસી : હિમિ, તારી ભાભીને જેમણે સુંદર ઘડી છે તેમના સંકલ્પમાં તે સંપૂર્ણ છે. ચિરદિનનો જે મણિ — ભગવાનના પોતાના હૃદયનું ધન જે મણિ તે તો કૌસ્તુભ રત્ન, તેમાં ક્યાંય કશીયે ખોડખાંપણ નથી. મરણ સમયે યતીન વિધાતાના તે માનસ મણિને જ જોવા પામે તો સારું.

હિમિ : માસી ! તારી વાત સાંભળીને મારા મનમાં અજવાળું અજવાળું થઈ જાય છે.

માસી : હિમિ, હું માત્ર વાતો કરું છું, પણ વહુ ઉપર ગુસ્સો કરવાનું છોડતી નથી. બધું સમજું છું પણ ક્ષમાય કરી શકતી નથી. પણ હિમિ ! તેં કેમ જાણ્યું કે તું ભાભી ઉપર ગુસ્સો જ કરી શકતી નથી ? તે ઉપરથી જ હું સમજી શકું છું કે, તું યતીનની જ બહેન છે. જાઉં યતીનની પાસે.

રોગીનો ઓરડો

યતીન : માસી, ત્રીજે માળે બધા પથ્થરો બેસાડાઈ ગયા ?

માસી : હા. કાલે બેસાડાઈ ગયા બધા.

યતીન : બસ, આટલે દિવસે પૂરું થયું. મારું કેટકેટલા વખતનું ઘર બાંધવાનું પૂરું થયું. મારું કેટલાય દિવસનું સ્વપ્ન !

માસી : કેટલાય લોકો જોવા આવે છે તારું આ ઘર, યતીન !

યતીન : તે લોકો તો બહારથી જુએ છે. હું અંદરથી જે જોઈ શકું છું તે હજી પૂરું નથી થયું. કોઈ કાળે પૂરું થવાનું પણ નથી. કલ્પલોકનો છેલ્લો પથ્થર બેસાડીને આજ સુધીમાં કયા કળાકારે કહ્યું છે કે હવે મારું કામ પૂરું થયું ? વિશ્વના સરજનહાર પણ એવું કહી શકયા નથી. તેમનું પણ કામ ચાલુ જ છે.

માસી : યતીન, પણ હવે નહિ, ભાઈ, હવે તું જરા ઊંઘી જા.

યતીન : ના માસી, આજે તું મને વહેલો વહેલો ઊંઘી જવાને કહીશ નહિ—

માસી : પણ ડાકટર—

યતીન : રહેવા દે ડાકટરને. આજે મારું જગત રચવાનું પૂરું થયું. આજે હું ઊંઘવાનો નથી. આજે ઘરના બધા દીવાઓ સળગાવી દો, માસી ! મણિ કયાં છે ? તેને એક વાર—

માસી : તેને પેલા ત્રીજા માળના ખંડમાં ફૂલથી શણગારીને બેસાડી દીધી છે.

યતીન : એ તને શી રીતે સૂઝ્યું ? બહુ જ સુંદર. બારણાની બંને બાજુએ મંગળકળશ મૂક્યા છે ?

માસી : હા. મૂક્યા છે, નહિ તો ?

યતીત : અને જમીન પર પદ્મફૂલનો સાથિયો ?

માસી : એમાં વળી કહેવાનું હોય ?

યતીન : એક વાર, ગમે તેમ કરીને, મને પકડીને ત્યાં નહિ લઈ જવાય ? એક વાર માત્ર જોઈ આવું, મારી મણિને પોતે બંધાવેલા ઘરમાં બેઠેલી.

માસી : ના યતીન, તે કેમેય ના બને. ડાકટર બહુ ગુસ્સે થશે.

યતીન : હું મનમાં ને મનમાં છબી જોઈ શકું છું. કઈ સાડી પહેરી છે ?

માસી : પેલી લગ્નની લાલ સાડી.

યતીન : આ ઘરનું નામ શું રહેશે તે ખબર છે, માસી ?

માસી : શું ? કહે ને ?

યતીન : મણિ–સૌધ.

માસી : સરસ નામ છે.

યતીન : તને એનો આખો અર્થ નહિ સમજતો હોય, માસી.

માસી : ના, અધો કદાચ નયે સમજાતો હોય.

યતીન : સૌધનો અર્થ માત્ર ઘર જ નથી કરવાનો. એમાં સુધા છે—

માસી : તે તો છે જ, યતીન. એ કાંઈ રૂપિયાથી થોડું જ થયું છે—તારા મનની સુધા એમાં ઢાળી છે.

યતીન : તમે કદાચ સાંભળીને હસશો.

માસી : ના, હસીએ શા માટે, યતીન ? કહે, શું કહેતો હતો ?

યતીન : આજે હું સમજી શકું છું કે તાજમહાલ બાંધીને શાહજહાં શી સાંત્વના પામ્યો હતો. તે સાંત્વના તેના મરણને પણ વટાવીને આજ સુધી —

માસી : હવે બોલીશ નહિ યતીન ! ઊંઘ નહિ આવતી હોય તો ના ઊંઘતો, ચુપચુપ વિચાર કર; ફાવે તો —

યતીન : મણિએ લગ્ન વખતની પેલી લાલ બનારસી સાડી પહેરી છે ? આજ તેને એક વાર —

માસી : ડાક્ટર ના પાડે છે, યતીન.

યતીન : ડાક્ટર ધારે છે કે રખેને મને —

માસી : તારે માટે નહિ, મણિને માટે જ — એ બહારથી સમજી શકતી નથી, પણ એના અંતરનાં —

યતીન : દુર્બળતા છે. ડાક્ટરે કહ્યું કે શું ?

માસી : એ તો અમે સૌએ જ જોયું છે —

યતીન : આ–હા, બિચારી ! તો તો સાવચેત રહેજો — કંઈ કામ નથી. રોગીના ઓરડાથી દૂર ને દૂર રહે એ જ સારું.

માસી : એને તો આવવા મળે તો જાણે નવો જીવ આવે, પણ અમે —

યતીન : ના, ના, કામ નથી, કંઈ કામ નથી. મારી પેલી અભરાઈ પર આલ્બમ છે, તે આપ તો.

[આલ્બમ આણી આપે છે.]

તને તાજમહેલની વાત કહેતો હતો. હવે યાદ આવે છે. મારું પણ જાણે તે શાહજહાંના જેવું જ થયું. — હું ક્ષીણ જીવનને આ કિનારે છું, તે પૂર્ણ જીવનને સામે કિનારે છે — બહુ દૂર છે. હવે તેને પહોંચાય એમ નથી. જેવી પેલા શહેનશાહની મુમતાજ. તેને અર્પણ કરી દીધું મારું આ ઘર — મારો આ તાજમહાલ — એમાં જ તેનો વાસ છે ચિરકાળ રહેશે. આમ છતાં મારી નજર આગળ તે નથી.

માસી : ઓ યતીન, હજી શાને બોલબોલ કરે છે? જરા વાર બંધ પડ — ઊંઘની દવા આણી આપું?

યતીન : ના, માસી, ના. આજે ઊંઘ કેવી? હું જાગતો હોઉં છું તો કંઈક કંઈક મળે છે — ઊંઘમાં તો બધું જ ચાલ્યું જાય છે. માસી, તારી આગળ હું જ્યારે ત્યારે માત્ર મણિની જ વાત કરું છું. કંઈ ખોટું તો નથી લાગતું ને?

માસી : જરાય નહિ. યતીન. મને કેટલું બધું ગમે છે એ કહી શકતી નથી. જાણે છે, કોની વાત મને યાદ આવે છે તે?

યતીન : કોની વાત?

માસી : તારી માની. આમ જ એક દિવસ તેના મનની વાતો પણ મારે સાંભળવી પડતી હતી. તારા બાપુ તે વખતે અમારે ત્યાં રહીને મેડિકલ કૉલેજમાં ભણતા હતા. તારી માની તે દિવસની વાત મારા વિના ઘરમાં

કોઈ જાણતું નહિ. બાપુ જ્યારે લગ્નને માટે બીજો જ વર શોધી લાવ્યા ત્યારે મેં જ તેમને —

યતીન : એ તારી પાસે સાંભળ્યું છે. મા આગળ દાદાજીનું કંઈ જ ચાલ્યું નહિ હોય, એટલે છેવટે બાપુ સાથે જ લગ્ન કરવાં પડ્યાં. તે દિવસોની વાતોની કલ્પના કરવામાં એવો આનંદ પડે છે!

માસી : તારી માનો સ્નેહ એ તો તપસ્યા હતી. પાંચ વરસ સુધી તેના હોમનો અગ્નિ બળતો રહ્યો. ત્યાર પછી તેને વર મળ્યો. યતીન, તારામાં હું તે જ અગ્નિ જોઉં છું અને આશ્ચર્ય પામીને વિચાર કરું છું.

યતીન : મા તેમના હોમનો અગ્નિ મારી રગોમાં રેડતાં ગયાં છે. મારી તપસ્યાનું પણ ફળ મળશે. કોણ જાણે કેમ પણ એવું લાગ્યા જ કરે છે. માસી, મારો તે પામવાનો સમય બહુ જ પાસે આવ્યો છે. આ બંસી ક્યાં વાગે છે?

માસી : લગ્નની શરણાઈ છે. આજે લગ્નનું મુહૂર્ત છે.

યતીન : કેવી નવાઈની વાત! મણિએ આજે લાલ બનારસી સાડી પહેરી છે! જીવનમાં લગ્નનું મુહૂર્ત વારેવારે આવે છે. આજે બધા દીવાઓ સળગાવવાને કહી દેને, માસી, દેવડીથી માંડીને —

માસી : આંખે બહુ તેજ લાગશે તો ઊંઘ નહિ આવે તો યતીન?

યતીન : કાંઈ વાંધો નહિ, જાગવાથી જ ઊંઘ કરતાં વધારે

શાંતિ મળશે. ખબર છે, માસી, કે મંદિર પૂરું થયું, હવે થવાની દેવમૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા. મારા જીવતાં જીવતાં આટલું બધું થઈ શકશે એમ ધાર્યું નહોતું.

માસી : હું છું ત્યાં સુધી તારી વાત અટકવાની નથી. જાઉં છું. ઊંઘવું ન હોય તો છેવટે મૂંગો રહે.

યતીન : વારુ, ઘરનો જે પ્લાન મેં કર્યો હતો તે મને આપી જા, અને મારી પેલી રમત – ઘરની પેટી. રમત – ઘર બોલવા જતાં પેલું ગીત યાદ આવી ગયું. હિમિ, હિમિ—

માસી : અધીરો મ થા યતીન, હું બોલાવું છું.

[જાય છે.]

હિમિનો પ્રવેશ

હિમિ : કેમ મોટાભાઈ ?

યતીન : પેલું ગીત ગા બહેન—ખેલાઘર—

હિમિ : (ગીત)

ખેલાઘર બાંધતે લેગેછિ
મનેર ભિતરે.
કત રાત તાઈ તો જેગેછિ
બોલબો કી તોરે !
પથે જે પથિક ડેકે જાય,
અવસર પાઈને આમિ હાય,
બાહિરેર ખેલાય ડાકે જે
જાબો કિ કરે ?

જાહાતે સખાર અવહેલા,
જાય જા છડાછડિ.
પુરાનો ભાંગા દિનેર ઢેલા,
તાઈ દિયે ઘર ગડિ.
જે આમાર નિત્ય ખેલાર ધન,
તારિ એઇ ખેલાર સિંહાસન,
ભાંગારે જોડા દેબે જે
કિસેર મંતરે. *

ડાકટરનો પ્રવેશ

ડાકટર : ગીત ચાલે છે. સારું સારું, બહુ સરસ; દવા કરતાં સારું. યતીન, મન ખુશ રાખ, બધું સારું થઈ જશે. પંચાણુંથી ઓછું જીવવું એ ભારે અપરાધ છે. ફાંસી જ દેવી જોઈએ.

યતીન : મન તો મારું ખૂબ ખુશ છે. ખબર છે, ડાકટર સાહેબ, કે આટલે દિવસે મારું ઘર પૂરું થયું. બધોય મારો પ્લાન.

ડાકટર : એમ જ જોઈએ. પોતે તૈયાર કરેલા ઘરમાં પોતે રહીએ ત્યારે તે શોભે. ખરી વાતે તો બાપીકું ઘર પણ ભાડાનું જ ઘર કહેવાય, પોતાનું નહિ. તારા

* હું મનમાં ને મનમાં રમત-ઘર બાંધવા લાગ્યો છું. એ માટે મેં કેટલા ઉજાગરા કર્યા છે, તને શું કહું ! રસ્તે વટેમાર્ગુ મને બોલાવતા જાય છે, મને ફુરસદ મળતી નથી. મને બહાર રમવા બોલાવે છે, પણ મારે જવું શી રીતે ? સૌ કોઈ જેની ઉપેક્ષા કરે છે, જે અટવાયા કરે છે, એવા પુરાણા ભાંગેલા દિવસોના ઢગલામાંથી હું ઘર બાંધું છું. જે મારું નિત્યનું રમતનું ધન છે, તેને માટે આ રમતનું સિંહાસન છે. ભાંગેલાને તે શાના મંતરથી સાંધી દેશે ?

બાપ મારા ક્લાસફ્રેન્ડ હતા; જીવ સિવાય બાપીકું કહી શકાય એવું કશું જ તેની પાસે હતું નહિ, પોતાનું બધું તેણે જાતે જ જોતજોતામાં મેળવી લીધું, એ કાંઈ ઓછા આનંદની વાત છે? તેના સસરા તેના લગ્નથી નારાજ હતા એટલે તેણે રીસ કરીને સસરાની મિલકત લીધી જ નહિ. તેં પણ તારું ઘર જાતે બાંધી લીધું, એ પણ ખુશીની વાત જ છે ને?

યતીન : હું ભારે આનંદમાં છું.

ડાક્ટર : સારું, સારું. હવે વાસ્તુ થવા દો. અમને જમાડજે. આમ સૂઈ રહ્યે કાંઈ ચાલવાનું છે?

યતીન : મને આજે એવું લાગે છે કે, વાસ્તુ થશે. એક વાર પચાંગ જોઈ લઉં. જે સારો દહાડો હોય તે જ દિવસે—

ડાક્ટર : વાહ, વાહ. પંચાંગ નહિ, બાપુ, બધું મન ઉપર આધાર રાખે છે. મન જ્યારે સારો દિવસ નક્કી કરી આપે ત્યારે સારો દિવસ આવે.

યતીન : મન તો મારું કહે છે કે સારો દિવસ આવ્યો છે. તેમાં જ તો હિમિને બોલાવીને ગીત સાંભળું છું. વાસ્તુની શરણાઈઓ જાણે આજે શરદના આકાશ-માં વાગવી શરૂ થઈ ગઈ છે.

ડાક્ટર : વાગવા દો. તેટલામાં નાડી જોઉં, અને છાતી તપાસી લઉં. પેંડા–બરફીની ફરમાસ કરવા પહેલાં

આ બધી નકામી પીડાઓ પતાવી નાખીએ. કેમ, ભાઈ?

યતીન : નાડી ગમે તેવી હોય તેમાં શું થયું?

ડાક્ટર : કશું જ નહિ. મનને ભોળવવાને એ બધું કરવું પડે છે. અમે તો ધન્વંતરીનો વેશ લઈને રોગીને હૈયે, પીઠે, પેટે, પોકેટમાં જોરસે હાથ ફેરવીએ છીએ અને યમ બેઠો બેઠો હસે છે. સ્વયં ડાક્ટર વિના યમની ગંભીરતા કોઈ તોડી શકે એમ નથી. હિમિ, બહેન, તું પાસેના ઓરડામાં જા. ત્યાં જઈને ગીત ગાજે. મેં એક પુસ્તક લખવા માંડ્યું છે. તેમાં હું લખવાનો છું કે ગીતની લહરીઓ આવતાં હવામાંથી રોગ કેવી રીતે તણાઈ જાય છે. રોગો બધા બેસૂર ખરાને — એ બધા બેતાલ વૈતાલનું ધાડું શરીરના તાલમાં ભંગ પાડે છે. જા, બહેન, સરસ જરા ઊંચે સાદે ગીત ગાજે.

હિમિ : કયું ગાઉં, મોટાભાઈ?

યતીન : પેલું નવું લગ્નનું ગીત.

ડાક્ટર : હા, હા, એ બરાબર છે. આજે લગ્નનું મુહૂર્ત છે ખરું. રસ્તામાં ત્રણ વરઘોડા વટાવીને આવવું પડ્યું. તેમાં જ તો મોડું થઈ ગયું.

[પાસેના ઓરડામાં આવીને હિમિ ગીત ગાય છે.]

બાજો રે બાંશરી બાજો !
સુંદરી, ચંદનમાલ્યે
મંગલ સંધ્યાય સાજો.

આજિ મધુ ફાલ્ગુન માસે
ચંચલ પાંથ કિ આસે?
મધુકર-પદભર-કંપિત ચંપક
અંગને ફોટેનિ કિ આજો?
રક્તિમ અંશુક માથે
કિંશુક કંકણ હાતે,
મંજિર-ઝંકૃત પાયે
સૌરભ-સિંચત વાયે,
વંદન-સંગીત-ગુંજન-મુખરિત
નંદનકુંજે બિરાજો. *

પાસેનો ઓરડો
ડાકટર, માસી

ડાકટર : ખરી વાત તો એ જાણે એ જ સારું. જે દુઃખ ભોગવવું જ પડવાનું છે તેનો સ્વીકાર જ કરી લેવો જોઈએ. ભોળવીને દુઃખ ટાળવા જતાં દુઃખ વધી જ જાય છે.

---

* હે વાંસળી તું વાગ વાગ!

હે સુંદરી, મંગલ સંધ્યાને સમયે તું ચંદનમાલ્યથી શણગારા.

આજે મધુ ફાલ્ગુન મહિનામાં શું ચંચલ પાંથ આવે છે? મધુકરના પદના ભારથી કંપાયમાન ચંપક શું આજે આંગણે ખીલ્યો નથી?

માથે રક્તિમ અંચલ, હાથે કિંશુકનાં કંકણ, પગે ઝમકાર કરતાં ઝાંઝર ધારણ કરીને સૌરભભર્યા વાયુમાં, વંદન-સંગીતના ગુંજનથી ગાજતા નંદન-કુંજમાં બિરાજમાન થા.

માસી : ડાકટર, આટલું બધું શાને કહો છો ?

ડાકટર : હું કહું છું કે તમારે તૈયાર રહેવું પડશે

માસી : ડાકટર, મોઢેના આ શબ્દોથી તમે મને તૈયાર કરવાના છો, એમ ધારો છો ? મારી જ્યારે અઢાર વરસની ઉંમર હતી ત્યારથી ભગવાને પોતે મને તૈયાર કરી મૂકી છે — ભઠ્ઠી ધગાવી ઈંટ પકવે તેમ. મારા સત્યાનાશની શરૂઆત તો કેટલાય દિવસોથી થઈ ગયેલી છે. હવે તો માત્ર છેવટનો થોડો ભાગ જ બાકી છે. વિધાતાને મને જે કાંઈ કહેવાનું હતું તે તેણે બહુ જ સ્પષ્ટ રીતે કહ્યું છે : તમે શાને ગોળ ગોળ બોલો છો ?

ડાકટર : યતીનની હવે આશા નથી. થોડા દિવસ છે હવે.

માસી : જાણ્યું. એ છેલ્લા દિવસોનું સંસારનું કામ પૂરું કરી લઉં ! ત્યાર પછી ઠાકોરજી દયા કરશે તો રજાના દિવસોમાં તેમની સેવામાં રાખી લેશે.

ડાકટર : દવા જરા બદલી આપી છે. હવે એના મનને હમેશાં પ્રફુલ્લ રાખવું જોઈએ. મન કરતાં મોટો ડાકટર નથી.

માસી : મન ! હાય રે ! તોય મારાથી જેટલું થશે તેટલું કરીશ.

ડાકટર : તમારી વહુને રોજ રોજ જરા રોગીની પાસે જવા દેજો. મને લાગે છે કે તમે લોકો એને વધારે પડતી અટકાવી રાખો છો.

માસી : ગમે તેમ તોયે બાળક ને, એટલે રોગીની ચાકરીનો ભાર કંઈ સહેવાય ?

ડાક્ટર : એમ કંઈ ન ચાલે. તમે પણ તેને જરા અન્યાય કરો છો. મેં તો જોયું છે કે વહુનું મન બહુ જ જબરું છે. આવી મોટી ચિંતા માથે ઝઝૂમે છે તોયે ભાંગી પડયાં નથી.

માસી : તો પણ મનમાં મનમાં તો જરા —

ડાક્ટર : અમે તો ડાક્ટર રહ્યા, રોગીના દુઃખની વાત જ જાણીએ. નીરોગીના દુઃખની ચિંતા નહિ. એના કરતાં વહુને મારી પાસે બોલાવો. હું જાતે તેમને કહી જાઉં.

માસી : ના, ના, જરૂર નથી — તે તો હું તેને —

ડાક્ટર : જુઓ, અમારા ધંધામાં માણસનો સ્વભાવ ઘણે ભાગે સમજી લેવાની બહુ જ સગવડ હોય છે. એટલું તો મેં જાણ્યું છે કે વહુ ઉપર સાસુની જે સ્વાભાવિક રીસ હોય છે, તે ભારે દુઃખના દિવસમાં પણ શમતી નથી. વહુ છોકરાની ચાકરી કરી તેનું મન મેળવી લે એ એનાથી કેમે કર્યું —

માસી : વાત ખોટી નથી, રીસ પણ ખરી, મનમાં કેટલાં પાપો છુપાઈ રહે છે તે અંતરજામી વિના કોણ જાણે છે ?

ડાક્ટર : માત્ર ભાણેજ સામું જ શા સારૂ જુઓ છો ? વહુ પ્રત્યે પણ ફરજ તો છે. તમે પોતે જ મનમાં વિચાર કરોને તેના મનને કેવું થતું હશે ! જરૂર બિચારી ઓરડામાં આવવાને માટે તરફડિયાં મારી મારીને મરી ગઈ હશે !

માસી : વિવેકશક્તિ ઓછી એટલે એટલો બધો વિચાર નહોતો કરી જાયો તો.

ડાક્ટર : જુઓ, હું તો બટકબોલો રહ્યો. ખરી વાત કહેતાં મને શરમ નહીં, કંઈ ખોટું લગાડશો નહિ.

માસી : શા માટે ખોટું લગાડું, ડાક્ટર? અન્યાય જો કોઈ જગ્યાએ પણ હોય તો તેની નિન્દા થયા વિના તે સુધરશે શી રીતે? તમારી વાત ધ્યાનમાં રાખીશ. કોઈ પણ જાતની ઊણપ નહિ રહે.

[ડાક્ટર જાય છે.]

માસી : હિમિ, શું કરે છે?

હિમિ : મોટાભાઈ માટે દૂધ ગરમ કરું છું.

માસી : ઠીક, દૂધ હું ગરમ કરીશ. તું યતીનને જરા ગીત સંભળાવ જઈને. જા, તારું ગીત સાંભળતાં સાંભળતાં વળી એની આંખમાં જરા ઊંઘ આવે છે.

પાડોશણનો પ્રવેશ

પાડોશણ : મોટીબહેન, યતીનને કેમ છે આજ?

માસી : સારું નથી, બહેન.

પાડોશણ : મારી વાત સાંભળો; મોટીબહેન, એક વાર અમારા જગુ દાક્તરને બતાવો જોઉં! મારી દોહતરનું નાક સૂજી ગયું હતું. પીડાઈ પીડાઈને મરતી જ હતી! આખરે જગુ ડાક્ટરે આવીને તેના જમણા નસકોરા-માંથી આવડો મોટો કાચનો મણકો કાઢી આપ્યો.

એના હાથને બહુ જશ છે. મારો છોકરો તેનું સરનામું જાણે છે.

આસી : વારુ, કહેજે, સરનામું મોકલી આપે.

પાડોશણ : પેલે દહાડે તમારી વહુને મેં અલિપુરના ચીડિયાખાનામાં જોઈ હતી.

આસી : એને પ્રાણીઓ ઉપર બહુ માયા છે. ઘણી વાર ત્યાં જાય છે.

પાડોશણ : જનાવરો ઉપર માયા હોય એટલે કંઈ ધણી ઉપર માયા નહિ રાખવી એમ!

આસી : કોણે કહ્યું કે માયા નથી! નાદાન બાળક આખો દહાડો રોગી પાસે શી રીતે રહી શકે? એમે જ એને પરાણે પરાણે—

પાડોશણ : તે ગમે તે કહો, પણ આખી પોળની સ્ત્રીઓ બધી એની વાત—

આસી : પોળની સ્ત્રીઓ તો એને પરણી નથી. બહેન, મારો યતીન એને સમજે છે, તે તો કદી—

પાડોશણ : તે મોટી બહેન, તે કશું બોલતો નથી એટલે—

આસી : બોલતો નથી એટલું જ નહિ, એ કોઈ વાર સંગ્રહસ્થાન, કોઈ વાર પ્રાણીઓ વગેરે જોવા જાય એથી એને આનંદ થાય છે.

પાડોશણ : શું કહો છો મોટીબહેન! ચાકરી શું એના કરતાં—

આસી : એ તો કહે છે, કે મણિને માટે તો એ જ ચાકરી છે. યતીન બિછાનામાં પડી રહે છે અને મણિ

ફરી આવે છે, તેટલાથી જ તેને ભારે આરામ થાય છે. રોગીને એટલું ઓછું છે?

પાડોશણ : કોણ જાણે, બહેન, અમે તો જૂનાં માણસો, આ બધું સમજી શકતાં નથી. ભલે મારા છોકરાને મોકલી આપીશ. મોટીબહેન, તેને જગુ ડાક્ટરનું સરનામું ખબર છે. એક વખત તેને બોલાવીને બતાવવામાં શું ગયું?

[જાય છે.]

શર્મીનો ઓરડો

યતીન : કેમ, હિમિ! આવ, આહ! જીવમાં જીવ આવ્યો. પેલો ફોટો ક્યાંય જડતો નથી, તું જરા જોને બહેન!

હિમિ : કયો ફોટો, મોટાભાઈ?

યતીન : પેલો, બોટેનિકલગાર્ડનમાં મણિની સાથે ઝાડ નીચે મારો ફોટો પડાવેલો તે.

હિમિ : તે તો તમારા આલ્બમમાં હતો.

યતીન : તે તો મારા આલ્બમમાંથી કાઢી લીધો હતો બિછાનામાં જ ક્યાંક છે — નીચે પડી ગયો હશે.

હિમિ : આ રહ્યો. મોટાભાઈ, ઉશીકા નીચે.

યતીન : જાણે બીજા જનમની વાત હોય એમ લાગે છે. પેલા લીમડા તળે, મણિએ પહેરી હતી કસુંબી રંગની સાડી. અંબોડો નીચો ડોક પાસે વાળ્યો હતો. યાદ છે ને હિમિ, ક્યાંકથી એક પપૈયો શોર મચાવી રહ્યો હતો. નદીમાં ભરતી આવી હતી. શો તે પવન અને કેવો તે સરુનાં ઝાડનો ઝરઝર શબ્દ! મણિ સરુનાં ફૂલ વીણીને તેની છાલ ઉખાડીને સૂંઘતી હતી — કહેતી હતી કે મને આ ગંધ બહુ ગમે છે. એને શું નથી ગમતું એ જ કોને ખબર? તેની રુચિ મારફતે મેં આ પૃથ્વીને ઘણી ભોગવી છે. તે દિવસે ગાયું હતું તે ગીત ગા તો, હિમિ. બહુ ડાહી છે. યાદ છે ને?

હિમિ : હા, યાદ છે,

યૌવન સરસીનીરે
મિલન શતદલ,
કોન ચંચલ બન્યાય ટલમલ ટલમલ.
શરમ-રક્તરાગે
તાર ગોપન સ્વપ્ન જાગે,
તારિ ગંધ-કેશર-માઝે,
એક બિંદુ નયન-જલ.
ધીરે બઓ ધીરે બઓ સમીરણ-
સવેદન પરશન.

શંકિત ચિત મોર
પાછે ભાંગે વૃન્તડોર,
তাই અકારણ કરુણાય
મોર આঁખি করে છલછલ.*

યતીન : તે દિવસે ઝાડનું તળિયું સુધ્ધાં બોલી ઊઠ્યું હતું. આજે આ દીવાલોમાં ઘેરાયેલી પૃથ્વી બિલકુલ ચૂપ છે. આ દીવાલો તેના ફિક્કા હોઠ જેવી લાગે છે. હિમિ, દીવો જરા ધીમો કરી દે. આ કિનારે ઝાડને લીધે કેવા જાતજાતના લીલા રંગની આભા આકાશમાં વિસ્તરેલી હતી. અને પેલે કિનારે મિલોનાં ભૂંગળાંમાંથી ધુમાડો આકાશે ચડતો હતો તેનો પણ રંગ કેવો સુંદર હતો, અને કેવો સુંદર આકાર હતો! બધુંય સારું લાગતું હતું. અને તમારો પેલો કૂતરો — પાણીમાં મણિ વારે વારે દડો નાખી દેતી હતી અને તે તરીને —

હિમિ : મોટાભાઈ, પણ તમે હવે બોલો નહિ.

યતીન : વારુ, નહિ બોલું; હું આંખ મીચીને સાંભળીશ, પેલાં

---

* યૌવનરૂપી સરોવરના નીરમાં મિલનનું શતદલ પદ્મ કોણ જાણે કયા ચંચળ પૂરથી ડગમગ ડોલી રહ્યું છે.

શરમના રક્તરાગથી તેનાં ગુપ્ત સ્વપ્નો જાગે છે, તેના ગંધ-કેસરમાં એક બિંદુ અશ્રુજળ રહેલું છે.

હે સમીરણ તું ધીમે વહે, ધીમે વહે, લાગણીપૂર્વક સ્પર્શ કર.

મારું ચિત્ત શંકિત છે — રખે ને ડીંટું ભાગી જાય એટલે અકારણ કરુણાથી મારી આંખો છલકાઈ જાય છે.

સરુના ઝરઝર શબ્દ. પણ હિમિ, તેં જે આજે ગાયું તે બરાબર તેવું જ હતું — કોણ જાણે? હજી જરા અંધારું થવા દે. પછી હું આપોઆપ જ સાંભળી શકીશ — 'ધીરે બઓ ધીરે બઓ સમીરણ' વાળું — તું જા. છબી ક્યાં મૂકી?

હિમિ : આ રહી!

[જાય છે.]

પાસેનો ઓરડો
માસી, અખિલ

અખિલ : કેમ બોલાવ્યો કાકી?

માસી : ભાઈ, તું વકીલ રહ્યો. તારે કંઈ કરવું જ પડશે.

અખિલ : પેલા તો હવે સબૂર કરી શકે એમ નથી — ડીક્રી કરી છે, હવે બજાવવાને માટે — હુકમનામું થયું!

માસી : બહુ દિવસ નહિ સબૂર કરવું પડે. તે લોકો તારા જ અસીલ છે ને. જરા સમજાવીને કહેજે. ડાકટરે કહ્યું છે —

અખિલ : ડાકટરે એક વાર પહેલાં પણ કહ્યું હતું ને, એટલે આ વખતે તે લોકોને વિશ્વાસ બેસતો નથી. ઘર મૂકીને ઘર બાંધવું, એ તે યતીનને કેવી બુદ્ધિ સૂઝી?

માસી : એનો વાંક નથી. એની બુદ્ધિને ઠેકાણે મણિ બેઠી છે, શનિ થઈને. એણે તો ધાર્યું હતું કે એની મણિને — એનાં એ ઝાંઝવાનાં જળને ઈંટના ચોકઠામાં પકડી રાખવું.

અખિલ : એની પાસે તો થોડા રોકડ રૂપિયા હતા.

માસી : બધા શણુના વેપારમાં નાખ્યા છે.

અખિલ : યતીનને વળી શણુનો વેપાર? નરેણીને વળી લાકડાં ફાડવાં! હસવું કે રડવું?

માસી : ભારે ખરચ કરવા બેઠો હતો એટલે એણે ધાર્યું કે શણુની ઊથલપાથલ કરીશું એટલે તરત નફો મળશે. આકાશમાં ઊડતી માખીને કેવી ઘાની ખબર પડે છે? સત્યાનાશની જરા ગંધ આવતાં કોણુ જાણે ક્યાંથી બધા કુમંત્રીઓ આવી મળે છે.

અખિલ : સત્યાનાશ! હમણાં શણુનો બજાર એવો થઈ ગયો છે કે ખેતરમાંનો પાક કાપવાનું પણ ખેડૂતને બોજતું નથી.

માસી : રહેવા દે, રહેવા દે. હવે બોલીશ નહિ. ચિંતા કરવાની પણ હવે જરૂર નથી. દિવસ ભરાઈ ચૂક્યો છે.

અખિલ : કાકી, લેણદારોને એના શણુના વેપારની ખબર પડી ગઈ હોય એમ લાગે છે. તે લોકો સમજી ગયા કે ઘણાં ગીધડાં ભેગાં થશે, એટલે જલદી જલદી પોતાનું લેણું કઢાવી લેવાની તૈયારી કરે છે.

માસી : ઓ રે અખિલ, હમણાં થોડાં દિવસ સબૂર કરવાને કહે—જમદૂતનીસાથે અદાલતનો દૂત હરીફાઈ કરવા નહિ આવે એવું કર. નહિ તો લઈ જા મને તારા અસીલની પાસે. હું બ્રાહ્મણની દીકરી તેને પગે માથું મૂકું.

અખિલ : વારુ, તેમની સાથે એક વાર વાત કરી જોઉં. જો જરૂર પડે તો તમારે આવવું પડશે. એક વાર યતીનને મળતો જાઉં.

માસી : ના, તને જોતાં જ તેને વેપારની યાદ આવશે.

અખિલ : વારુ, એણે મણિને નામે પુષ્કળ રૂપિયાનો જિંદગીનો વીમો ઉતરાવેલો હતો, તેનું શું થયું?

માસી : તે મેં ગમે તેમ કરીને બચાવ્યો છે. મારું બધું એમાં જ ગયું—એમાં ને ડાકટરના ખર્ચમાં. યતીનને તો બચાવી શકવાની નથી. યતીનના આ દાનને બચાવી શકી એટલું તો સુખ મનને રહેશે. યાદ તો છે ને કોઈ કોઈ વાર વીમાનું પ્રીમિયમ જ્યારે તેને ભરવાનું આવતું ત્યારે કેટલી ધમાલ થતી હતી તે! માફ કર અખિલ, તારા અસીલને કહીને—

અખિલ : જુઓ માસી, હું સાચી વાત કહું છું. એના ઉપર મને સહેજ પણ દયા આવતી નથી. આવી મોટી બાદશાહી બેવકૂફી—

માસી : પણ એના ઉપર ભગવાનની દયા કેટલી છે તે જરા જો. પ્રાણ ખરચીને એ આ ઘર બંધાવવા બેઠો

હતો; પૂરું તો ન થયું, પણ એનો રમતનો સાથી એનું ભાંગેલું રમકડું ઉપાડી એને પણ સાથે જ લેતો જાય છે. હવે કઈ રમતનું નિમંત્રણ આવ્યું છે, કોને ખબર !

અખિલ : કાકી, અમારા કાયદાના પુસ્તકમાં સારે નસીબે આ તમારી રમતની વાત લખેલી નથી. તેથી જ કમાઈને બે મૂઠી ખાવા પામું છું. નહિ તો આમ જ રમતના પવનમાં બિલકુલ દેવાળાને ઘાટે જઈને મરત.

[જાય છે.]

મણિનો પ્રવેશ

માસી : વહુ તારે પિયેરથી કાંઈ ખબર આવી છે કે શું ? તારો પિત્રાઈ ભાઈ અનાથ મને મળ્યો.

મણિ : હા. માએ કહેવડાવ્યું છે કે આવતે શુક્રવારે મારી નાની બહેનને અન્નપ્રાશન કરાવવાનું છે. એટલે વિચાર કરું છું કે—

માસી : બહુ સારું—તો બચ્ચી — એક સોનાનો હાર મોકલી આપ, તારી મા રાજી થશે.

મણિ : હું તો જવાનો વિચાર કરું છું. મારી નાની બહેનને મેં જોઈ નથીને, એટલે જોવાનું મન થાય છે.

માસી : ઓ મા, આ શું કહેવાય! યતીનને એકલો નાખીને જવાની!

મણિ : પાછાં આવતાં મને કંઈ બહુ મોડું નહિ થાય.

માસી : બહુ મોડું થશે કે નહિ તે કોણ કહી શકે, બહેન! સમય કાંઈ આપણા હાથમાં છે! આંખના પલકારામાં મોડું થઈ જાય.

મણિ : ત્રણ ભાઈ પછી ભારે લાડની દીકરી—ધામધૂમથી અન્નપ્રાશન થશે. હું નહિ જાઉં તો મા બહુ—

માસી : તારી માનું હેત બહેન, કાંઈ સમજાતું નથી. રુદનના સાત સમુદ્રે વીંટાયલું જેમનું જીવન છે એવી માતાઓની જ જાતની તારી મા પણ છે ને. તો પણ તેઓ માણસનું આવડું મોટું દુઃખ સમજતાં નથી અને વારેવારે તને બોલાવી લઈ જયા કરે છે.

મણિ : જુઓ, માસી, તમે મારી માને મહેણું મારશો નહિ, કહી મૂકું છું વળી સગી સાસુ હોત તો વખતે સહી લેત પણ—

માસી : વારુ મણિ, ભૂલ થઈ, માફ કરજે. હું સાસુ થઈને તને કશું કહેતી નથી, એક સામાન્ય સ્ત્રી તરીકે જ તને વિનતી કરું છું. યતીનને આવે વખતે તું છોડીને ના જઈશ. જો જશે તો તારા બાપ ગુસ્સે થશે, એ હું બરાબર જાણું છું.

મણિ : મને ખબર છે. તમારે ચિઠ્ઠી લખી આપવી પડશે. માસી, લખજો કે મારા જવાથી ખાસ કાંઈ—

માસી : તારા જવાથી કંઈ જ વહી જવાનું નથી એ શું હું જાણુતી નથી ? પણ જો તારા બાપ ઉપર લખવું પડે તો તો મારા મનમાં જે છે તે ખુલ્લે-ખુલ્લું લખીશ.

મણિ : બહુ સારું. તમારે નહિ લખવું પડે. હું એમને જઈને કહીશ એટલે તરત જ —

માસી : જો વહુ, બહુ સાંખ્યું છે, પણ આ વાતને માટે જો તું યતીન પાસે ગઈ તો હું કેમે કર્યું સાંખી લેવાની નથી.

મણિ : સારું, રહી તમારી ચિઠ્ઠી. પિયેર જવું છે તેમાં આટ-આટલી ધમાલ શી ? એ જ્યારે જર્મની ભણવાને માટે જવા તૈયાર થયા હતા ત્યારે પાસપોર્ટની જરૂર પડી હતી. મારું પિયર જર્મની છે કે શું ?

માસી : સારું, સારું. આટલે તાણીને બોલીશ નહિ. પેલો મને બોલાવતો લાગે છે ! આવી યતીન ! સાંભળ્યું કે શું — કોણ જાણે ?

[જાય છે.]

યતીનનો ઓરડો

માસી : મને બોલાવતો હતો, યતીન ?

યતીન : હા, માસી. સૂતાં સૂતાં વિચારતો હતો કે કોઈ ઉપાય નથી, હું તો કેદી થઈને પડ્યો છું. માંદગીની જાળથી બંધાયેલો, દીવાલ વડે ઘેરાયેલો. સાથે સાથે મણિને શા માટે બાંધી રાખું ?

માસી : તું શું બોલે છે યતીન, તેનુંયે ઠેકાણું નથી. તારી સાથે તો એનું જીવન બંધાયેલું છે. તું છોડી મૂકવા માગે એટલે જ શું તેનું બંધન છૂટી જશે ?

યતીન : એક દિવસ એવો હતો કે જ્યારે સ્ત્રી સહગમન કરતી; તે અન્યાય તો હવે બંધ થઈ ગયો છે. પણ મણિને તો આજે આ પળે પળે સહમરણ, જીવતાંજીવત સહમરણ છે. વિચાર કરતાં પણ મારો પ્રાણ અકળાઈ ઊઠે છે. એમાંથી એને છુટ્ટી આપો !

માસી : આજ આવું એકાએક કેમ બોલે છે, યતીન ? સ્વપ્નમાં તેં કાંઈ ભળતું જ સાંભળ્યું કે શું ?

યતીન : ના, ના. બહુ વારથી વિચાર કરતો હતો. સરુનાં ઝાડના ઝરઝર શબ્દ, નદીનો જુવાળ, દૂર દૂર પપૈયાનો પોકાર — મને યાદ આવતાં હતાં. મણિની પેલી કસુંબી રંગની સાડી, અને કૂતરાની સાથેની રમત અને વિના કારણ હાસ્ય ! એના મસ્તપ્રાણને આ મરેલી દીવાલોમાં શાને પૂરવો ? આપો છુટ્ટી એને. કેટલાય દિવસથી આ ઘરમાં તેનું હાસ્ય જ

સાંભળ્યું નથી. એના જીવનપ્રવાહમાં તો તાજો જુવાળ આવેલો છે, તેને વળી આ બધા દવાના શીશા અને રોગીનાં પથ્યાપથ્યનાં બંધનો વડે બાંધી દેવો છે? મને લાગે છે કે એ અન્યાય છે. ભારે અન્યાય છે.

માસી : કંઈ અન્યાય નથી, જરાયે ખોટું નથી! જેને પ્રાણ હોય છે તે જ પ્રાણ દઈ શકે છે. વરસાદ તો ભર્યો મેઘ જ વરસાવી શકે. ઊઠીને બેસીશ નહિ યતીન, સૂઈ જા. આમ તરફડ નહિ કરીએ. મણિને ક્યાં મોકલવી છે. બોલ, મને કાંઈ સમજાતું નથી.

યતીન : કંઈ નહિ તો મણિને એને પિયર — ભૂલી જવાય છે. એના બાપ અત્યારે ક્યાં છે?

માસી : સીતારામપુર.

યતીન : હા સીતારામપુર. તે ખુલ્લી જગ્યા છે. ત્યાં એને મોકલી આપો.

માસી : સાંભળ જરા. આવી સ્થિતિમાં તને મૂકીને પિયર જવાનુ તેને ગમશે શી રીતે?

યતીન : ડાકટરે શું કહ્યું છે તે વાત શું તેણે —

માસી : નથી જાણી તેણી શું? આંખે તો જુએ છે ને. પેલે દહાડે જરા ઇશારામાં જ પિયર જવાની વાત કરતાં વેંત વહુ રડી રડીને અરધી થઈ ગઈ.

યતીન : ખરેખર, માસી! વહુ રડી? સાચે જ? તેં જોયું હતું?

માસી : યતીન, ઊઠીશ નહિ, ઊઠીશ નહિ. સૂઈ જા. અરે, જા. ભંડાર તો બંધ કરવાનું જ ભૂલી ગઈ. હમણાં કૂતરું ભરાઈ જવાનું. હું જાઉં છું. તું જરા ઊંઘ, યતીન.

યતીન : હું આ વખતે જરૂર ઊંઘીશ. તું ફિકર કરીશ નહિ. માત્ર એક વાત — વાસ્તાનો શુભ દિવસ નક્કી કરી આપ.

માસી : શું કહે છે યતીન, તારી આ હાલતમાં —

યતીન : તમને વિશ્વાસ બેસતો નથી ? મારું મન તો કહે છે કે વાસ્તાનો દિવસ આવી પહોંચ્યો છે. હું જઈ શકીશ, જરૂર જઈ શકીશ. અત્યારથી બધું તૈયાર કરોને જઈને. વખતે વળી પાછી વાર નહિ થાય.

માસી : તે તો થશે, થશે. ચિંતા કરીશ નહિ.

યતીન : મણિને પણ હમણાં કહી મૂકો. તેનું પણ કામ છે ને.

માસી : છેસ્તો, યતીન, છેસ્તો.

યતીન : તું અમારા બંનેનાં વધામણાં લેજે. વારુ, માસી, મારા મનમાં એક પ્રશ્ન જાગે છે. પણ બીકથી કોઈને પૂછી શકતો નથી. તું કહી શકશે, શણનો બજાર હમણાં ચડ્યો છે કે નહિ ?

માસી : ચોક્કસ ખબર નથી. અખિલ કાંઈક કહેતો હતો ખરો.

યતીન : શું, શું, શું કહેતો હતો ? તને બિવડાવવાનું મન

થતું નથી પણ એ વાત નક્કી છે કે જો બજાર નહિ ચડયો હોય તો—

માસી : શું થશે જે ?

યતીન : તો મારું આ ઘર એક ક્ષણમાં ઝાંઝવાનું જળ થઈ જશે. આ પેલો, પેલો રહ્યો, આપણી પેઢીનો ગુમાસ્તો. નરહરિ, નરહરિ !

માસી : યતીન, બૂમ ન પાડ. મારા સમ, ચૂપ થઈને સૂઈ રહે. હું જાઉં છું, તેની સાથે વાત કરી આવું છું.

યતીન : મને બીક લાગે છે કે જાણે માસી, બજાર ઊતરતો જ હોય તો તું અખિલને કહીને ગમે તે રીતે —

માસી : વારુ, અખિલ સાથે વાત કરીશ. તું હમણાં —

યતીન : ખબર છે માસી, કે મેં જે રૂપિયા ઉછીના લીધા હતા તે અખિલના જ હતા ? બીજાને નામે —

માસી : મેં પણ એ જ અનુમાન કર્યું છે.

યતીન : પણ જો, નરહરિને તું મારી પાસે આવવા દઈશ નહિ. મને બીક લાગે છે રખેને કંઈનું કંઈ બોલી બેસે. મારાથી સહેવાશે નહિ. તું એને અખિલની પાસે લઈ જજે.

માસી : એ તો હું જાઉં છું—

યતીન : તારી પાસે પંચાંગ જો હોય તો મોકલી આપજે ને.

માસી : હમણાં પંચાંગ રહેવા દે, તું ઊંઘી જા.

યતીન : મણિ પિયર જવાનું કહેતાં રડી પડી ? મને ભારે નવાઈ લાગે છે.

માસી : એમાં વળી નવાઈ શાની ?

યતીન : એ તો પેલી અમરાવતીની ઉર્વશી છે કે જ્યાં મૃત્યુની છાયા પણ નથી હોતી. એને તમો તો બનાવવા માગો છો પ્રાઈવેટ હૉસ્પિતાલની નર્સ.

માસી : યતીન, એને શું તું માત્ર છબીને રૂપે જ જોશે ?— ભીંતે ટાંગી રાખવાની ?

યતીન : તેમાં ખોટું શું છે ? દુનિયામાં છબી મળવી બહુ કપરી છે. જોવાની વસ્તુ જોવા મળે એ શું ઓછું સૌભાગ્ય છે ? ભલે. તું કહેતી હતી કે મણિ રડી હતી. લક્ષ્મીનું આસન પદ્મ, તે પણ દીર્ઘ નિશ્વાસ નાખીને સુગંધથી વાયુને રડાવી દે ?

માસી : સ્ત્રી જો સેવા ન કરી શકે તો—

યતીન : શાહજહાંના ઘરમાં ઘરકામ કરનારાં માણસ તો ઢગલાબંધ હતાં, તે બધાંમાં તેમણે એક જણને જ જોઈ હતી કે જેને કશું કરવાની જરૂર ન હતી. નહિ તો તાજમહેલ તેમને સૂઝત જ નહિ. તાજ-મહેલની પણ કાંઈ જરૂર ન રહેત. માસી, હું સારો થઈશ એટલે ફરી પાછો આ ઘરની પાછળ મંડવાનો છું. જીવીશ ત્યાં સુધી આ ઘરને સંપૂર્ણ કરવું એ જ મારું એકમાત્ર કામ રહેશે — મારો આ મણિસૌધ. વિધાતાના સ્વપ્નને મેં નજરે જોયું છે એટલું જ

મારાં સ્વપ્નને શણગારીને અહીં મારે જણાવી જવું છે. માસી, તું કદાચ મારી વાત બરાબર નહિ સમજતી હોય !

માસી : ખરું જ કહે છે, ભાઈ, તમારી આ પુરુષોની વાતો હું બરાબર સમજતી નથી.

યતીન : આ બારી હજી જરા ખોલી નાખ. [માસી બારી ઉઘાડે છે.] પેલાં જો, પેલાં જો, અનાદિ અંધકારનાં બધાં આંસુ તારા થઈ ગયાં છે. હિમિ ક્યાં છે માસી? તે ઊંઘવા ગઈ છે?

માસી : ના, હજી રાત બહુ થઈ નથી, એ હિમિ, સાંભળ તો.

હિમિનો પ્રવેશ

યતીન : મને ગાવાને ના પાડે છે માટે જ વારેવારે તને બોલાવવી પડે છે. ખોટું લગાડીશ નહિ, બહેન.

હિમિ : ના, મોટાભાઈ, તમે તો જાણો જ છો કે મને ગાવાનું કેટલું બધું ગમે છે! કયું ગીત સાંભળવું છે, કહો.

યતીન : પેલું—'આ મ્રાર મન ચેયે રય'

[હિમિ ગાય છે.]

આમાર મન ચેયે રય મને મને હેરે માધુરી
નયન આમાર કાઁગાલ હોયે મરે ના ઘુરી
ચેયે ચેયે બુકેર માઝે
ગુંજરિલ એક તારા જે

મનોરથેર પથે પથે બાજલો બાંશુરી,
રૂપેર કોલે ઐ જે દોલે અરૂપ માધુરી.

કૂલહારા કોન રસેર સરોવરે,
મૂલહારા ફૂલ ભાસે જલેર પરે

હાતેર ધરા ધરતે ગેલે
ઢેઉ દિયે તાય દિઈ જે ઠેલે,

આપન મન સ્થિર હયે રઈ, કરિને ચુરિ
ધરા દેઓયાર ધન સે તો નય, અરૂપ માધુરી.*

યતીન : માસી, તમે તો એમ જ માનતાં હતાં કે મણિનું મન ચંચળ છે, મારા ઘરમાં તેનું મન ઠર્યું નથી, પણ જો—

માસી : ના, બાપુ, ખોટું સમજ્યાં હતાં. વખત આવ્યે જ માણસ ઓળખાય છે.

યતીન : તું માનતી હતી કે મણિથી હું સુખ પામ્યો નહિ,

---

* મારું મન જોઈ રહે છે. મનમાં ને મનમાં તે માધુર્યને નીરખી રહે છે. મારાં નયન કંગાળ બનીને ભટકતાં નથી.

અંતરમાં એઈ જોઈને એક તારો ગુંજી ઊઠ્યો. મનોરથને માર્ગે માર્ગે વાંસળી વાગી ઊઠી. રૂપના ખોળામાં પેલી અરૂપ માધુરી ઝૂલી રહી છે.

કોઈક અકૂલ રસના સરોવરમાં મૂળ વગરનું ફૂલ પાણી ઉપર તર્યા કરે છે.

હાથ વડે પકડવા જતાં જ તરંગો ઊછળીને તેને હડસેલી મૂકે છે, હું મારા મનમાં સ્થિર થઈને બેસી રહું છું. ચોરી નથી કરતી. એ ધન પકડાય એવું નથી, એ અરૂપ માધુરી છે.

અને એટલા માટે તેના ઉપર ક્રોધ કરતી હતી: પણ સુખ વસ્તુ તો પેલા તારાઓ જેવી છે. અંધકારની તડોમાં થઈને દેખા દે છે. જીવનની તડોમાં શું સ્વર્ગનો પ્રકાશ નથી ઝળકતો? મારે જે મેળવવાનું હતું તે મેં મેળવ્યું છે. કાંઈ કહેવાપણું રહ્યું નથી. પણ માસી, એની તો ઉંમર નાની છે, એ શેને આધારે રહેશે?

માસી : ઉંમર નાની કેવી? અમે પણ ભાઈ એટલી જ ઉંમરે દેવતાને સંસારમાંથી વિદાય આપી અંતરમાં ખેંચી લીધા છે, તેમાં કાંઈ નુકસાન થયું છે. ખરું! વળી એ પણ કહું છું કે સુખનીય વળી એટલી બધી શી જરૂર છે?

યતીન : જ્યારથી મેં સાંભળ્યું છે કે મણિ રડી'તી ત્યારથી જ હું સમજી ગયો કે એનું મન જાગ્યું છે, એને જરા બોલાવો, માસી. બપોરે એક વાર આવી હતી તે વખતે સૂર્યનો તાપ આકરો હતો. જોતાં જ મનમાં થયું કે એનામાં ક્યાંયે સહેજ પણ છાયા નથી. એક વાર આ સંધ્યાના અંધકારમાં જોવા દે. કદાચ એના અંતરનાં પેલાં અશ્રુઓ જોઈ શકું.

માસી : તારી આગળ એનો પ્રેમઘૂમટો ખોલતાં હજી શરમાય છે, એટલે એનું બધુંય રુદન છૂપું હોય છે.

યતીન : વારુ, બહુ થયું. છોને છૂપું રહેતું. પણ એ છૂપા રુદનની ખબર માસી, તું મને આપી જજે. કારણ

કે જ્યારે તેનો પડદો ખસી જશે ત્યારે કદાચ— પણ આજે સાંજે મારે તેની સાથે ખાસ વાત કરવી છે.

માસી : તારે એવી તે વળી ખાસ વાત શી છે, કહે તો?

યતીન : મારો 'મણિસૌધ' પૂરો થઈ ગયો એ ખબર પોતાને મોઢે તેને કહેવી છે. વાસ્તુ મારે નહિ પણ તેને જ કરવાનું છે. તેને જ માટે મેં આ સૃષ્ટિ રચી છે. મારું આ ઈંટલક્કડની વીણાનું ગીત છે.

માસી : તેને ખબર નહિ હોય?

યતીન : તો પણ સમર્પણ તો કરવું જ પડશે. હિમિને કહીશ. તે બારણા બહારથી પેલું ગીત ગાશે—

મોર જીવનેર દાન

કરો ગ્રહણ કરાર પરમ મૂલ્યે ચરમ મહીયાન.*

જા, માસી, તું બોલાવી લાવ. માસી, પેલો જુઓ, નરહરિ મારી સાથે વાત કરવા માગે છે. મારા શણના વેપારની પેઢીનો ગુમાસ્તો, એને આજ અહીં આવવા દેશો નહિ. ના, ના, ના. મારે કશું જ સાંભળવું નથી. ગમે તે ખબર હોય, હું પછીથી સમજી લઈશ.

[માસી જાય છે.]

યતીન : હિમિ, સાંભળ સાંભળ.

* મારા જીવનના દાનને ગ્રહણ કરીને તેને ચરમ મહિમાવાન બનાવો.

હિમિનો પ્રવેશ

તને એક ગીત સંભળાવું. એ તારે શીખવું પડશે.

હિમિ : ના, મોટાભાઈ. તમે ગાશો નહિ. ડાકટર ના પાડે છે.

યતીન : હું ધીમે ધીમે ગાઈશ. ઘણે દિવસે આપણા કિનુ બાઉલનું પેલું ગીત મને યાદ આવે છે.

[ગીત]

ઓરે મન જખન જાગલિ નારે
તખન મનેર માનુષ એલો દ્વારે
તાર ચલે જાબાર શબ્દ શુને
ભાંગલોરે ઘુમ,
ઓ તોરે ભાંગલોરે ઘુમ અંધકારે.
તાર ફિરે જાબાર હાવાખાના
બુકેર માઝે દિલો હાના
ઓરે સે હાવા તોર પ્રાણેરે ભિતર
તુલબે તુફાન હાહાકારે. ×

તારી પાસે વાત સાંભળી, હિમિ, હું સમજ્યો છું કે મણિનું મન જાગ્યું છે. તું કદાચ મારી વાત

× ઓ મારા મન, તું જ્યારે જાગ્યું નહોતું ત્યારે અંતરજન આંગણે આવ્યો હતો. તેના ચાલ્યા જવાનો અવાજ સાંભળીને તારી ઊંઘ ઊડી ગઈ—અરે તારી ઊંઘ અંધકાર થઈ ગયો ત્યારે ઊડી ગઈ.

તેના પાછા જવાની હવાએ તારા હૈયામાં આઘાત કર્યો. અરે એ હવા તારા પ્રાણોમાં હાહાકાર મચાવશે — ભારે તોફાન જગાવશે.

નહિ સમજી શકતી હોય. ભલે રહેવા દે. આ ઘર બધું તેં જોયું છે?

હિમિ : બહુ જ સુંદર થયું છે.

યતીન : ઉપરના જે ઓરડામાં પથ્થર બેસાડવાને કહ્યું હતું —ક્યાં છે, પ્લાન ક્યાં છે? આ રહ્યો. આ ઓરડામાં — એની વળીઓ ઢાંકતો લાકડાનો એક ચંદરવો થયો છે ને?

હિમિ : હા. થયો છે સ્તો.

યતીન : તેમાં નકશી કેવી છે, કહે તો?

હિમિ : ચારે બાજુએ જાડી નીલ રંગની કોર, વચમાં લાલ પદ્મ અને સફેદ હંસની ભોં — બરાબર તમે કહ્યું હતું તે જ પ્રમાણે.

યતીન : અને દીવાલ ઉપર?

હિમિ : દીવાલ ઉપર બગલાની હાર છીપો બેસાડીને આંકેલી છે.

યતીન : અને જમીન ઉપર?

હિમિ : જમીન ઉપર શંખની કોર. તેની વચમાં મોટું એવું પદ્માસન.

યતીન : બારણાં બહાર બે બાજુએ સફેદ પથ્થરના બે કળશ બેસાડ્યા છે કે?

હિમિ : હા, બેસાડ્યા છે. તેમાં બે ઇલેક્ટ્રિક લાઇટના ગ્લોબ બેસાડ્યા છે. કેવા સુંદર!

યતીન : ખબર છે એ ઓરડાનું નામ શું છે તે !

હિમિ : ખબર છે. મણિમંદિર.

યતીન : પેલે દહાડે અખિલ તારી માસી પાસે આવ્યો હતો, શું કહેતો હતો, કાંઈ સાંભળ્યું છે ? આ ઘર વિષે—

હિમિ: તેઓ કહેતા હતા કે કલકત્તામાં આવું સુંદર ઘર બીજું એકે નથી.

યતીન : ના, ના, તે વાત નહિ. અખિલ શું આ ઘર—જવા દે, જરૂર નથી, જરૂર નથી. માસી કહેતાં હતાં કે આજે બપોરે મોરલા માછલીનું ઝોલ થયું હતું. તે કહે છે કે મણિએ બનાવ્યું હતું. બહુ જ સરસ સ્વાદ હતો ! તું શું —

હિમિ : એ હું નહિ કહી શકું.

યતીન : છટ છટ બહેન, તારી ભાભીની સાથે તને બરાબર બન્યું જ નહિ, એ મને—

હિમિ : હું નણંદ ખરીને, તેથી જ કદાચ હશે.

યતીન : તું શાસ્ત્રને અનુસરીને હેત અને રીસ કરતી હશે ?

હિમિ ; હા, મોટાભાઈ, પેલા હિન્દી ગીતમાં છે ને "નનદિયા રહિ જાગી."

યતીન : તેં મને લાગે છે તેને જરા બદલીને "નનદિયા રહિ રાગી" કરી લીધું છે.

હિમિ : હા મોટાભાઈ, રાગમાં ખરાબ લાગતું નથી. (ગાય છે)

"નનદિયા રહિ રાગી"—

યતીન : પણ બેસૂર કરતી નહિ, બહેન.

હિમિ : તે કેમ બને ? તમારી પાસે જ તો સૂર શીખી છું.

યતીન : ઓરે, આજે જ આ બધા કામગરા લોકોની ગરદી જામી છે. નરેનખાંનો માણસ પણ આંટા મારી રહ્યો છે. હિમિ, એક કામ કર તો. ગમે તે રીતે જરા ખબર નહિ મેળવે ? આજના બજારમાં — ના, ના, રહેવા દે. પેલું બારણું બંધ કરી દે.

પાસેના ઓરડામાં

માસી : આ શું વહુ ! કેથે જાય છે કે શું ?

મણિ : સીતાપુર જવાની છું.

માસી : આ તે શું કહેવાય ? કોની સાથે જવાની ?

મણિ : અનાથ લઈ જાય છે.

માસી : બહેન, માડી, જજે તું, જવું હોય તો. તને અટકાવતી નથી, પણ આજે નહિ.

મણિ : ટિકિટ ખરીદીને ડબ્બો રિઝર્વ કરાવી નાખ્યો છે. માએ ખરચના પૈસા મોકલ્યા છે.

માસી : ભલે; એ નુકસાન સહન થશે. નહિ તો તું કાલે મળસકાની ગાડીમાં જ જજે. આજની રાત —

મણિ : માસી, હું તમારાં તિથિવાર માનતી નથી. આજ જવામાં ખોટું શું ?

માસી : યતીને તને બોલાવી છે, તારી સાથે તેને કાંઈ ખાસ વાત કરવાની છે.

મણિ : તો સારું. હજી દશ મિનિટની વાર છે. હું તેમને કહી આવું છું.

માસી : ના, તેને કહેતી નહિ કે તું જાય છે.

મણિ : તો નહિ કહું; પણ મોડું કરાય એમ નથી. કાલે જ અન્નપ્રાશન છે. આજે ન જાઉં તો ચાલે જ નહિ.

માસી : હાથ જોડું છું, વહુ. એક દિવસ પૂરતું મારું કહ્યું માન. મન જરા શાંત કરીને યતીનની પાસે બેસ. ઉતાવળ કરીશ નહિ.

મણિ : ત્યારે શું કરું, કહો. ગાડી કંઈ બેસી થોડી જ રહેવાની છે! અનાથ તો બહાર ગયો છે, હમણાં જ તે આવીને મને તેડી જશે. એટલામાં એને મળી આવું.

માસી : ના, તો તો રહેવા દે. તું જા. આવી રીતે તેની પાસે જવા નહિ દઉં. ઓ રે અભાગણી! જ્યાં સુધી જીવશે ત્યાં સુધી આજની વાત તને યાદ રહેશે.

મણિ : માસી, મને આમ શાપ દેશો નહિ, કહી મૂકું છું.

માસી : ઓ રે! બાપરે! હજીય શાને જીવે છે! દુઃખનો તો પાર નથી. હું નહિ અટકાવી શકી.

[મણિ જાય છે.]

શૈલનો પ્રવેશ

શૈલ : માસી, તમારી વહુનાં આ તે કેવાં આચરણ, બોલો તો ? છે શું ? ધણીની આવી સ્થિતિમાં શો વિચાર કરીને એ પિયર ચાલી ?

માસી : જરા જેટલી તો છોકરી, જાણે માખણની જ ન બનાવી હોય એવી લાગે છે, પણ પથ્થરના એના પ્રાણ છે !

શૈલ : એને તો હું ઘણા દિવસથી જોતો આવ્યો છું પણ આટલે સુધી જશે એ ખબર ન હતી. એક બાજુ જુઓ. કૂતરાં, બિલાડાં, વાંદર, મોર, જનજનાવર કેટલાં પાળ્યાં છે તેનો કાંઈ હિસાબ નથી ! તેમને કશું થતાં વેંત જ ધમાલ મચાવી મૂકે છે. આમ છતાં ધણી ઉપર . . . . હું તો એને સમજી જ નથી શકતો.

માસી : યતીન એને અંતરથી ઓળખી ગયો છે. એક દિવસ જોઉં છું તો યતીન માથે હાથ દઈને બિછાનામાં પડયો હતો અને મણિ ટોળું લઈને નાટક જોવા ચાલી. નહિ રહેવાયું એટલે યતીનને પંખો લઈને પવન નાખવા ગઈ. તેણે મારા હાથમાંથી પંખો છીનવી લઈને ફેંકી દીધો. આ રે, એ શી વેદના ! તે બધા દિવસોની વાત યાદ આવતાં છાતી ફાટી જાય છે.

શૈલ : એ પણ કહું છું માસી, કે એવી પથ્થર જેવી સ્રી

ન હોય તો પુરુષનાં ઊડતાં મનને દબાવી નહિ રાખી શકે. જેમ નરમ હોય તેમ પુરુષો વધારે ફસકી જાય.

માસી : શી ખબર, શૈલ. કદાચ એ જ માણસનો ધર્મ હશે. બંધનમાં કંઈ એક સખત વસ્તુ ન હોય તો તે બંધન જ ન કહેવાય. પછી શું પુરુષને કે શું સ્ત્રીને. પ્રેમની માળાનાં ફૂલ હોય છે પારિજાતનાં પણ તેનો દોરો હોય છે વજ્રનો.

શૈલ : હજી પણ જો તે ગાડીમાં નહિ બેસી ગઈ હોય તો જરા સમજાવી જોઉં જઈને.

[જાય છે.]

પાડોશણનો પ્રવેશ

પાડોશણ : મોટીબહેન ! ઓ મા ! આ તે શું કહેવાય ! કહે છે કે તમારી વહુ પિયર ચાલી ?

માસી : તે શું થયું છે ? તેમાં તમને આટલી બધી ફિકર શાને ?

પાડોશણ : તે ખરું: અમારે શું ? આ તો યતીનબાબુ ઉપર આખી પોળના માણસોને હેત છે એટલે —

માસી : હા, તેટલા માટે જ યતીનબાબુ જેના ઉપર હેત રાખે છે, તેને તમે બધાં મળીને—

પાડોશણ : તો બહુ સારું, મોટીબહેન. મણિએ બહુ સારું કામ કર્યું છે. આટલું સારું કામ બહુ ઓછી સ્ત્રીઓ કરી શકે.

માસી : સ્વામીની ઈચ્છા પ્રમાણે જે ચાલે તેને જ તમે સારી સ્ત્રી કહો છો ને ! મારી મણિ પણ એમ જ કરે છે.

પાડોશણ : હા, તે તો જોઈએ જ છીએ.

માસી : મણિ હજી નાદાન છે એટલે તેને રોગી પાસે ગોંધાઈ રહેલી જોઈને યતીન અકળાતો હતો. આખરે ડાકટર સાહેબની રજા લીધી અને પછી — જવા દે. તમો થાય એટલી નિંદા પોળે પોળે ફરીને કરોને. પણ યતીનના કાન આગળ કોલાહલ કરશો નહિ.

પાડોશણ : વાહ રે ! મણિ શા દુ:ખે વારે વારે પિયર જાય છે, તે સમજી શકાય છે.

[જાય છે.]

ડાકટરનો પ્રવેશ

ડાકટર : આ છે શું ? દરવાજા આગળ જોઉં છું તો ટ્રંક પેટી ગાડીમાં ચડાવીને વહુ તેના ભાઈની સાથે ક્યાંક ઊપડતી હતી. મને જોઈને જરા થોભી સુદ્ધાં નહિ. રોગીની હાલત જરા પૂછીએ, પણ તેયે નહિ. તેની સાથે ઝઘડો કર્યો છે કે શું ? (માસી નિરુત્તર)

રોગીની આ અવસ્થામાં; કંઈ નહિ તો હમણાં થોડા દિવસ તો વહુની સાથે સાસુપણું તમારે બંધ રાખવું જોઈતું હતું.

માસી : બને ત્યારે કે, ડાકટર? સ્વભાવ તો મર્યે પણ નહિ જાય. ઘરમાં ભેગાં રહીએ એટલે જરા બોલાચાલી તો થવાની જ.

ડાકટર : આ વહુ ગાડી મંગાવીને ચાલી ગઈ, તે તમે જરા ના પાડી હોત તોયે બસ થાત. (માસી નિરુત્તર) કોણ જાણે. કદાચ એ ગઈ એથી જ તમને ટાઢક વળી હશે. હું તો તમને ચોખ્ખેચોખ્ખું જ કહું છે કે તમે આવી રીતે વહુને કાઢી મૂકીને ક્ષણે ક્ષણે યતીનની આશાનો ભંગ કરો છો, તેથી તેના જીવનને હાનિ જ થાય છે. રોગી પ્રત્યેની અમારી ફરજ સૌ પહેલી, તેટલા માટે જ મારે આવી સ્પષ્ટ વાત કહેવી પડી, નહિ તો તમારા સાસુવહુના ઝઘડામાં વચ્ચે પડવાનો મને અધિકાર નથી.

માસી : જો વાંક કર્યો હોય તો તે વિષે દલીલ કરવાંથી કાંઈ વળવાનું નથી. હું પોતાને હલકી પાડીને વહુને પાછી આવવાને કાગળ લખું એ તો આ જનમમાં થવાનું નથી, પછી તમે ગાળ દો કે ગમે તે કરો. હજી તમે એક કામ કરી શકો, ડાકટર.

ડાકટર : શું, કહો.

માસી : સીતારામપુર વહુના બાપને એક કાગળ લખી નાખો. તેમાં લખો કે યતીનની શી સ્થિતિ છે. વહુના બાપને

હું જેટલા ઓળખું છું તેટલા ઉપરથી મને તો ખાતરી છે કે તે કાગળ મળતાં જ વહુને લઈને અહીં આવશે.

ડાક્ટર : ઠીક. લખું છું, પણ વહુ પિયર ગઈ છે એ વાત કેમે કરી યતીન જાણવા ન પામે એ જોજો. હું તમને કહી મૂકું છું કે એ ખબર ઉપર મારી કોઈ પણ દવા ચાલશે નહિ. હિમિ, બહેન, તું ત્યાં બેસી રહી છે તે એક કામ કર. તેને જે ગીત ગમતું હોય તે તેના બારણા આગળ બેસીને ગા. તેને વહુની ખબર પૂછવાનો સહેજ પણ વખત મળવો ન જોઈએ! સાંભળ્યુંને બહેન! હમણાં રોવાનો વખત નથી. રોવાનું પછી થઈ રહેશે. હમણાં તો ગીત ગા. તને કહ્યું તો છે મેં કે હું એક પુસ્તક લખું છું. તેમાં સિદ્ધ કરી આપીશ કે ગીતના તરંગો (વાયબ્રેશન્સ) અને રોગનાં બીજની ગતિ બિલકુલ ઊલટી છે. નોબેલ પ્રાઈઝની તૈયારી કરી રહ્યો છું એમ જ માનોને! સમજી?

[જાય છે.]

[હિમિ ગાય છે.]

ઐ મરણેર સાગર પારે ચુપે ચુપે
એલે તુમિ ભુવનમોહન સ્વપનરૂપે
કાન્ના આમાર સારા પ્રહર તોમાય ડેકે
ઘુરેછિલ ચારિદિકેર બાધાય ઠેકે

બંધ છિલેમ એઈ જીવનેર અંધકૂપે.
આજ એસેછો ભુવનમોહન સ્વપનરૂપે.

આજ કિ દેખિ કાલો ચુલેર આঁધાર ઢાલા,
સ્તરે સ્તરે સંધ્યાતારાર માણિક જ્વાલા.

આકાશ આજિ ગાનેર વ્યથાય ભરે આછે,
ઝિલ્લિરવે કાંપે તોમાર પાયેર કાછે,
વંદના તોર પુષ્પવનેર ગંધરૂપે.
આજ અસેછો ભુવનમોહન સ્વપનરૂપે. *

[નેપથ્યે જોઈને] આવું છું, મોટાભાઈ અંદર જ આવું છું.

અખિલનો પ્રવેશ

અખિલ : કેમ બોલાવ્યો, કાકી ?

માસી : તને બોલાવવાને વાસ્તે યતીન મને કાલથી કહી રહ્યો છે. આજે હવે હું નહિ વારી શકી.

---

* પેલા મરણરૂપી સાગરને સામે પાર તું ભુવનમોહન સ્વપ્નરૂપે ગુપચુપ આવ્યો. મારું રુદન આખો પહોર તને પુકારતું પુકારતું બાધાઓથી રૂંધાતું ચારેકોર ભટકતું હતું. હું આ જીવનના અંધારા કૂવામાં ગોંધાયેલો હતો. આજે તું ભુવનમોહન સ્વપ્નરૂપે આવ્યો છે.

આજે હું શું જોઉં છું ? કાળા વાળનો અંધાર ઢાળેલો છે. તેને પડે પડે સંધ્યા તારાનાં માણેક પેટાવેલાં છે; આજે આકાશ ગીતની વ્યથાથી ભરેલું છે. અને તારા ચરણ આગળ તે ઝિલ્લિરવ કરીને કંપે છે.

પુષ્પવનના ગંધરૂપે આજે તારી વંદના થાય છે. આજે તું ભુવનમોહન સ્વપ્નરૂપે આવ્યો છે.

અખિલ : એના પેલા ઘર ગીરવીની વાતને માટે ?

માસી : એ વાત એના મનમાં ભારે જડાઈ ગઈ છે; પણ તે વિષે એ પૂછવા માગતો નથી. જેટલી વાર એ વિચાર ધક્કો મારતા આવે છે તેટલી વાર તે તેને હડસેલી મૂકે છે. તે વાત તું તેની આગળ કેમે કરી કાઢતો જ નહિ — તે પણ કાઢવાનો નથી.

અખિલ : તો મારી શી જરૂર પડી ?

માસી : વીલ કરવાને માટે.

અખિલ : વીલ ? હદ કરી !

માસી : હું જાણું છું કે, વીલની કશી જરૂર નહોતી. પણ મારા સોગંદ દઈને કહુ છું કે, આટલું તો તારે કરવું જ પડશે. એ જેને જે કાંઈ આપવાનું કહે તે સંભવિત હોય કે અસંભવિત બધું જ તું બરાબર લખી લેજે. હસતો નહિ. વાંધો પણ ઉઠાવતો નહિ. પછી વીલની શી દશા થવાની છે તે આપણે જાણીએ છીએ.

અખિલ : જાણીએ છીએ સ્તો. જયોર્જ ધ ફિફ્થનું આખું સામ્રાજ્ય હું યતીનને હાથે વીલ કરાવીને લઈ લઈ શકું. મને ખાતરી છે કે સમ્રાટ બહાદુર અણુઘટતાં દબાણ (undue influence)નો આરોપ મૂકીને અદાલતમાં મુકદ્દમો માંડવા નહિ જાય. પણ જુઓ કાકી, હવે તમારી સાથે આ ઘરની વાત કરી લઉં. મારો અસીલ —

માસી : અખિલ, હવે એકબે સાચી વાત કહેવા દે.

ઘરમાં ને બહાર જૂઠી વાત બોલી બોલીને મારો શ્વાસ રૂંધાઈ ગયો છે. હવે સાંભળ, તારો અસીલ તું પોતે જ છે, એ વાત હું પહેલેથી જ જાણું છું.

અખીલ : આ શું કહો છો, કાકી!

માસી : બસ, ભોળવવાની કાંઈ જરૂર નથી. તેં સારું જ કર્યું છે. હું જાણું છું કે મારી મિલકતમાં તમારો જ હક્ક છે એટલા માટે તમો સદા તેના ઉપર નજર રાખતા આવ્યા છો—

અખિલ : છી, છી, એવું —

માસી : તેમાં ખોટું શું છે, કહેને ? તમે મારા છોકરા જેવા જ તો છો. તમને જ બધું આપી જાત. અમો બે બહેનો હતી, પણ બાપુ મોટી બહેન ઉપર ક્રોધે ભરાઈને મને બધી મિલકત આપી ગયા. તે ક્રોધ શમવા પહેલાં જ તેમનું મૃત્યુ થયું. આજે તેઓ સ્વર્ગમાં છે, તેમનો ક્રોધ આજે રહ્યો નથી. એટલા માટે જ બાપુની સંપત્તિ તેમના દૌહિત્રને માટે મેં ખરચી નાખી છે. લક્ષ્મીની કૃપાથી તમારે કોઈ વાતની ઊણપ નથી.

અખિલ : એ વિષે તમને મેં કાંઈ કહ્યું છે કોઈ દહાડો ?

માસી : બુદ્ધિ હોય તો બોલવાની કાંઈ જરૂર પડતી નથી. ઘર બંધાવવાનો નશો યતીનને વળગ્યો. એ નશામાં કેટકેટલાં અસહ્ય દુ:ખો રહેલાં છે, તે તમો પાકી બુદ્ધિના કાયદાવાળાઓ નહિ સમજો.

હું આ — એની માસી — એટલે મારી છાતી ફાટવા લાગી — ઉછીના કાઢવા કયાંથી? તારી પાસે જ આવવું પડયું. તેં એક ખોટો અસીલ ઊભો કરી —

હિમિનો પ્રવેશ

હિમિ : માસી, ગોરાણી આવ્યાં છે.

માસી : બહેન, તું તેમને જરા બેસવા કહે. હું હમણાં આવું છું.

[હિમિ જાય છે.]

અખિલ : કાકી, તમારી આ ભાણેજની ઉંમર કેટલી હશે?

માસી : સત્તર હમણાં જ પૂરાં થયાં. આ વરસે જ આઇ. એ.ની પરીક્ષા આપશે.

અખિલ : અવાજ બહુ જ મીઠો છે. બહારથી એનું ગીત મેં સાંભળ્યું છે.

માસી : એ બંને ભાઈબહેન એક જ જાતનાં છે. મોટાભાઈ ઘર બાંધે છે. એ ગીત ગાય છે. બંનેમાં એક જ સૂરની લીલા છે.

અખિલ : વિવાહ સંબંધ —

માસી : ના, એના મોટાભાઈ માંદા પડયા ત્યારથી એ વાત કોઈને બોલવા પણ દેતી નથી. ભણવા કરવાનું બધું છોડીને અહીં જ પડી છે.

અખિલ : પણ સારો વર શોધી આપી શકું એમ છું. જો કહી--

માસી : જેવો અસીલ શોધી આપ્યો હતો તેવો જ ને ?

અખિલ : નહિ કાકી, મશ્કરી નથી કરતો. મને થાય છે કે, એને જો એકાદ હારમોનિયમ મોકલું તો તેમાં તમારે —

માસી : કાંઈ વાંધો નથી. પણ એને હારમોનિયમ તો ગમતું નથી.

અખિલ : ગીતની સાથે ?

માસી : ગીતની સાથે એસરાજ વગાડે છે.

અખિલ : વારુ તો એસરાજ —

માસી : એની પાસે તો છે એસરાજ.

અખિલ : બીજો એક થશે. સંપત્તિ વધારવી એનું નામ જ તો શ્રીવૃદ્ધિ.

માસી : ભલે. આપજે એસરાજ. હવે મારી વાત સાંભળ. આજ સુધી આ તારા અસીલને મારાં બાપીકા ઘરેણાં વેચીને જ વ્યાજ આપતી આવી છું. કોઈ કોઈ વાર અસીલ જ્યારે ત્રણ દિવસમાં જ વસૂલ કરવાની તાકીદ આપતો પત્ર લખતો ત્યારે હું વ્યાજ વધારી આપ્યા કરતી : એટલે આજે હવે મારી પાસે કંઈ રહ્યું નથી. આમ કાકીની સંપત્તિ ભત્રીજાની તિજોરીમાં જ ગઈ છે. પ્રેતલોકમાં મારા સસરાને સંતોષ થયો હશે — પણ મારા બાપુ, યતીનની મા --પરલોકમાં તેમની આંખમાંથી જો આંસુ પડતાં હોય —

હિમિનો પ્રવેશ

હિમિ : મોટાભાઈ તમને બોલાવ બોલાવ કરે છે, માસી. તરફડ તરફડ કરે છે અને વારે વારે ભાભીની વાત પૂછ્યા કરે છે. તેનો જવાબ કેમે કર્યો મારા મોંમાંથી તો નીકળતો નથી. મારું તો ગળું જ રૂંધાઈ જાય છે.

(બે હાથે મોં દાબીને રુએ છે.)

માસી : રડીશ નહિ, બહેન, રડીશ નહિ. હું યતીનની પાસે જાઉં છું.

અખિલ : કાકી, હું જો કાંઈ કરી શકું એમ હોય તો કહેજો. હું કહો તો યતીનની પાસે જઈને —

માસી : હા, યતીનની પાસે જવું પડશે. તેનું પેલું વીલ —

[જાય છે.]

રોગીનો ઓરડો

યતીન : મણિ આવી નહિ ? આટલી બધી વાર કરી કંઈ ?

માસી : તે તો ભારે થઈ! જઈને જોઉં છું તો દૂધ ગરમ કરવા જતાં બાળી નાખ્યું હતું એટલા માટે રડવા માંડયું હતું. મોટા ઘરની છોકરી, દૂધ ખાતાં જ આવડે, ગરમ કરતાં શીખી હોય તો ને! તારું કામ કરવાનો જીવ થાય એટલે કરે છે. બહુ સમજાવી સમજાવીને ટાઢી પાડીને તેને બિછાનામાં સુવાડીને આવી છું. છો જરા ઊંઘતી.

યતીન : માસી !

માસી : શું, ભાઈ ?

યતીન : મને સમજાય છે કે હવે દિવસ પૂરા થવા આવ્યા, પણ કોઈ વાતનો ખેદ નથી. મારે માટે શોક કરશો નહિ.

માસી : ના, બાપુ. શોક કરવાનો મારો વારો પૂરો થયો છે. ભગવાને મને એટલું સમજાવ્યું છે કે જીવવું એ જ સારું અને મરવું એ જ ખરાબ એમ નથી.

યતીન : મૃત્યુ મને મધુર લાગે છે. આજે સામે પારના ઘાટ પરથી શરણાઈ સાંભળી શકું છું. હિમિ ક્યાં છે ?

માસી : પેલી શું બારી આગળ ઊભેલી !

હિમિ : કેમ મોટાભાઈ, શું જોઈએ ?

યતીન : બહેન મારી, તું આમ છુપાઈ છુપાઈને રહીશ નહિ. તારાં આંસુનો અવાજ હું જાણે મારા હૈયામાં સાંભળી શકું છું. જોઉં તારો હાથ. મને બહુ સારું છે. પેલું ગીત ગા તો બહેન. "યદિ હોલો જાબાર ક્ષણ."

[હિમિ ગાય છે.]

યદિ હોલો જાબાર ક્ષણ
તમે જાઓ દિયે જાઓ શેષેર પરશન.
બારેબારે જેથાય આપન ગાને
સ્વપન ભાસાઈ દૂરેર પાને

માઝે માઝે દેખે જેઓ શૂન્ય બાતાયાન —
સે મોર શૂન્ય બાતાયાન.
વનેર પ્રાંતે ઐ માલતીર લતા
કરુણ ગંધે કય કી ગોપન કથા.
ઓરિ ડાલે આર–શ્રાવણેર પાખી
સ્મરણખાનિ આનબે ના કિ?
આજ–શ્રાવણેર સજલ છાયાય વિરહ મિલન
આમાદેર વિરહ મિલન. *

માસી : હિમિ, શીશીમાં ગરમ પાણી ભરી લાવ. પગે લગાડવી પડશે.

[હિમિ જાય છે.]

યતીન : વેદના થાય છે માસી, પણ જેટલું માનો છો તેમાંનું કશું નથી. મારો અને મારી વેદનાનો જાણે ધીમે ધીમે વિચ્છેદ થતો જાય છે. ભરેલી નૌકાની પેઠે જીવન-જહાજની સાથે તે બાંધેલી હતી — આજે બંધન કપાઈ ગયાં છે, તેને જોઈ શકું છું પણ તે હવે મારી સાથે વળગેલી નથી. આ ત્રણ દિવસમાં મણિને દિવસના કે રાતના એક વાર પણ જોઈ નહિ.

* જો જવાની ઘડી આવી હોય તો જા, છેવટનો સ્પર્શ દેતો જા. હું જ્યાં બેસીને વારે વારે મારાં ગીતમાં સ્વપ્નોને દૂર દૂર વહેતાં મૂકું છું ત્યાં તે મારી સૂની બારી તરફ કોઈ કોઈ વાર જોતો જજે. વનને છેવાડે પેલી માલતીલતા કરુણ ગંધ મારફતે શી ગુપ્ત વાત કહે છે. એની ડાળ ઉપર બીજા શ્રાવણનું પંખી સ્મરણ નહિ લાવે ? આ શ્રાવણની સજળ છાયામાં તો વિરહ અને મિલન છે — આપણાં વિરહ અને મિલન.

માસી : ભાઈ, જરા દાડમનો રસ પી. તારું ગળું સુકાઈ ગયું છે.

યતીન : મારું વીલ કાલે લખાઈ ગયું છે. મેં તે તને બતાવ્યું કે નહિ? કાંઈ યાદ આવતું નથી.

માસી : મારે જોવાની જરૂર નથી, યતીન.

યતીન : મા જ્યારે મરી ગઈ, ત્યારે તો મારું કશું જ હતું નહિ. તારું ખાઈને તારે જ હાથે હું મોટો થયો. એટલે કહેતો હતો —

માસી : આ વળી શું બોલે છે? મારું તો માત્ર આ એક ઘર અને થોડી સંપત્તિ હતી. બાકીની બીજી તો બધી તારી પોતાની જ કમાણી છે.

યતીન : પણ આ ઘર—

માસી : શાનું મારું ઘર? કેટલાય ઓરડા તેં ઉમેર્યા છે. મારું જે હતું તે તો હવે શોધ્યુંયે જડતું નથી.

યતીન : મણિ તને મનમાં મનમાં ખૂબ —

માસી : હું શું તે જાણતી નથી? તું હમણાં ઊંઘી જા.

યતીન : મેં મણિને બધું લખી આપ્યું છે ખરું, પણ બધું તારું જ કહેવાય. એ કાંઈ થોડી જ કોઈ દિવસ તારી આમન્યા લોપવાની છે?

માસી : એની આટલી ચિંતા શાને કરે છે ભાઈ?

યતીન : તારો આશીર્વાદ એ જ મારું સર્વસ્વ છે. તું મારું વીલ જોઈને એવું કદી મનમાં ધારીશ નહિ —

માસી : આ તું શું બોલે છે, યતીન? તારી વસ્તુ તું મણિને

આપે તેમાં હું ખોટું લગાડું એટલું બધું બળેલ મારું મન છે?

યતીન : પણ તને પણ હું—

માસી : જો યતીન, હવે હું ચિડાઈ જઈશ. તું ચાલ્યો જવાનો અને મને રૂપિયાથી ભોળવી રાખી જવાનો?

યતીન : માસી, રૂપિયા કરતાં જો બીજું વધારે મહાન કંઈક તને—

માસી : દીધું છે, યતીન બહુ દીધું છે. મારું સૂનું ઘર તેં ભર્યું હતું એ મારાં અનેક જન્મનાં ભાગ્ય. આજ સુધી તો હૃદય ભરીને મળ્યું છે. આજે જો મારું લેણું પૂરું થઈ ગયું હોય તો ફરિયાદ કરવાની નથી. આપી દે. લખી આપ ઘરબાર, સરસામાન, ઘોડાગાડી, જર જમીન -- જે હોય તે મણિને નામે બધું લખી આપ. એ બધો ભાર મારાથી નહિ સહેવાય.

યતીન : તને ભોગ ઉપર રુચિ નથી પણ મણિની ઉંમર નાની છે એટલે—

માસી : એવું બોલીશ નહિ, ધનસંપત્તિ દેવી હોય તો દેજે પણ ભોગવવી—

યતીન : શા માટે નહિ ભોગવે માસી?

માસી : નહિ રે નહિ, ભોગવી નહિ શકે. કહું છું કે એને રુચિ નહિ રહે. ગળું સુકાઈ ને લાકડું થઈ જશે. કેમે કર્યો કશો રસ નહિ પામે.

યતીન : (મૂંગો રહી નિશ્વાસ નાખીને) આપવા જેવી વસ્તુ તો કોઈ —

માસી : ઓછું શું આપી જાય છે ? ઘરબાર, ધનદોલતને રૂપે જે આપી ગયો તેનું મૂલ્ય શું એ કદી સમજવાની નથી ?

યતીન : મણિ કાલે આવી હતી ? મને યાદ નથી આવતું.

માસી : આવી હતી, તું ઊંઘતો હતો. માથા આગળ ઘણી વાર સુધી બેસી બેસીને —

યતીન : આ તો ભારે નવાઈ ! મને બરાબર તે જ વખતે સ્વપ્ન આવ્યું હતું કે મણિ જાણે મારા ઓરડામાં આવવા માગે છે, બારણાં સહેજ માત્ર ઉઘાડાં થયાં છે, ઠેલાઠેલી કરે છે, પણ કેમે કર્યાં વધારે ખૂલતાં જ નથી પણ માસી, તમો જરા વધારે પડતું કરો છો. એને જોવા દો કે સંધ્યા સમયના પ્રકાશની માફક કેવી અતિ સહજ રીતે મારું ધીરે ધીરે —

માસી : ભાઈ તારા પગ ઉપર આ પશમની શાલ ઓઢાડી દઉં, પગનાં તળિયાં ઠંડાં થઈ ગયાં છે.

યતીન : ના, માસી, શરીર પર કંઈ પણ ઓઢવાનું ગમતું નથી.

માસી : ખબર છે યતીન, આ શાલ મણિએ તૈયાર કરેલી છે. રાતદિવસ આટઆટલા ઉજાગરા કરીને તારે માટે તયાર કરી છે. કાલે જ પૂરી કરી.

[યતીન શાલ લઈને બે હાથ વડે જરા ફેરવે છે. પોતાના પગ ઉપર ઢાંકી દે છે.]

યતીન : મને તો લાગે છે કે, જાણે હિમિ એ શાલ ભરતી હતી. મણિને તો ભરવાનું ગમતું નથી. તેને આવડે છે શું ?

માસી : સ્નેહને જોરે સ્ત્રી શીખે. હિમિએ એને શીખવ્યું ! છેસ્તો, એમાં ભરતની ભૂલ ઘણીયે છે —

યતીન : હિમિ, તું પંખો બંધ કર, બહેન. આવ, મારી પાસે બેસ. આજે જ પંચાંગમાં જોઈને તને કહી દઈશ, કે ક્યારે વાસ્તુનું મુહૂર્ત આવશે.

હિમિ : રહેવા દો, મોટાભાઈ, એ બધી વાત —

યતીન : હું હાજર રહી શકવાનો નથી એમ ધારીને કદાચ — હું હાજર રહીશ, બહેન, તે દિવસે ઘરની હવાના અણુએ અણુમાં હું હાજર રહીશ. તમો સમજી શકશો. જે ગીત ગાવાનું છે, તે મેં નક્કી કરી મૂક્યું છે. પેલું ‘અગ્નિશિખા.’ એક વાર સંભળાવતો.

[હિમિ ગાય છે.]

અગ્નિશિખા, એસો એસો,
આનો આનો આલો
દુઃખે સુખે શૂન્ય ઘરે પુણ્યદીપ જ્વાલો
આનો શક્તિ, આનો દીપ્તિ,
આનો શાંતિ, આનો તૃપ્તિ
આનો સ્નિગ્ધા ભાલોબાસા,
આનો નિત્ય ભાલો.

એસો શુભ લગ્ન બેયે
એસો હે કલ્યાણી
આનો શુભ સુપ્તિ આનો
જાગરણખાનિ
દુઃખરાતે માતૃવેશે
જેગે થાકો નિર્નિમેષે,
ઉત્સવ આકાશે તવ
શુભ્ર હાસિ ઢાલો.*

યતીન : ગીતમાં કયા ઉત્સવની વાત છે, ખબર છે હિમિ?

હિમિ : ના!

યતીન : અરે! અનુમાન તો કર!

હિમિ : હું અનુમાન કરી શકતી નથી.

યતીન : હું કરી શકું છું. જે દિવસ તારાં લગ્ન થશે તે દિવસે ઉત્સવની સવારથી—

હિમિ : બસ કરો, મોટાભાઈ, બસ કરો.

યતીન : હું જાણે તેની બંસરી સાંભળી શકું છું. ભૈરવીના સૂર વાગી રહ્યા છે. મેં લખી મૂક્યું છે, તારા લગ્નના ખરચાને માટે—

હિમિ : મોટાભાઈ, ત્યારે હું જાઉં?

---

* હે અગ્નિશિખા આવ, આવ. પ્રકાશ લાવ. દુઃખમાં અને સુખમાં શૂન્ય ઘરમાં પુણ્ય પ્રદીપ પ્રગટાવ. તું શક્તિ લાવ, દીપ્તિ લાવ, શાંતિ લાવ, તૃપ્તિ લાવ, સ્નિગ્ધ પ્રેમ લાવ, સદા કલ્યાણ લાવ. હે કલ્યાણી, તું શુભ મુહૂર્તે આવ. શુભ સુપ્તિ અને જાગરણ લાવ. દુઃખની રાતે માતારૂપે તું અનિમેષ નયને જાગતો રહેજે, ઉત્સવના આકાશમાં તારું શુભ્ર હાસ્ય વેરજે.

યતીન : ના, ના. બેસ, પણ વાસ્તુને દિવસે મારે બદલે તારે જ બધું શણગારવું પડશે. યાદ રાખજે, ધોળાં પદ્મ જેટલાં મળે તેટલાં. ઓરડામાં જે આસન તૈયાર થાય તે ઉપર અમારા લગ્નની પેલી લાલ બનારસી ચાદર —

શંભુનો પ્રવેશ

શંભુ : ડાકટર સાહેબ પુછાવે છે કે મારે આજે રાત્રે રહેવું પડશે ?

[શંભુ જાય છે.]

યતીન : પણ આજે ઊંઘની દવા નહિ આપતા, તેથી તો મારી ઊંઘ પણ ડોળાઈ જાય છે અને જાગરણ પણ ડોળાઈ જાય છે. વૈશાખની બારસે અમારાં લગ્ન થયાં હતાં. માસી, કાલે તે જ તિથિ છે. મણિને મારે એ જ વાતની યાદ આપવી છે. બે મિનિટ બોલાવી લાવ. ચૂપ થઈ ગઈ કંઈ? મારું મન તેને કંઈ કહેવા માગે છે એટલા માટે જ આ બે રાત મને ઊંઘ નહિ આવી. હવે મોડું ન કરો. પછી વખત મળવાનો નથી. ના, માસી, તમારું આ રોવું મારાથી સહન નથી થતું. આટલા દિવસ માસી શાંત હતી. આજ કેમ —

માસી : ઓરે યતીન, મેં તો ધાર્યું હતું કે મારું રોવાનું બધુંય પૂરું થઈ ગયું છે — પણ આજે હવે રહેવાતું નથી.

યતીન : હિમિ ઉતાવળી ઉતાવળી કેમ ચાલી ગઈ?

માસી : થાક ખાવા ગઈ. હમણાં પાછી આવશે.

યતીન : મણિને બોલાવી લાવ.

માસી : જાઉં છું, ભાઈ, શંભુ બારણા પાસે છે. જો કાંઈ જોઈએ તો તેને બોલાવજે.

[જાય છે.]

પાસેનો ઓરડો

[અખિલનો પ્રવેશ. ઉતાવળે ઉતાવળે આંસુ લૂછીને હિમિ ઊઠી ઊભી થાય છે.]

હિમિ : માસીને બોલાવું છું.

અખિલ : જરૂર નથી. એવું અગત્યનું કાંઈ કામ નથી.

હિમિ : મોટાભાઈના ઓરડામાં જવાના છો?

અખિલ : ના, અહીંથી જ ખબર લઈ જઈશ. યતીનને કેમ છે?

હિમિ : ડાકટર કહે છે કે આજ સ્થિતિ સારી નથી.

અખિલ : કેટલાય દિવસથી તમો રાતદિવસ મહેનત કરો છો. હું તો આવ્યો છું તમને જરા આરામ દેવાને. મને લાગે છે કે રોગીની સેવા હું પણ કંઈક —

હિમિ : ના, તે બને જ નહિ. મને જરાયે થાક લાગ્યો જ નથી.

અખિલ : વારુ, તો હું તમારી સાથે સાથે કામ કરવા લાગું.

હિમિ : એ બધું કામ—

અખિલ : ખબર છે કે વકીલાત કરતાં બહુ ભારે છે!

હિમિ : ના. હું એવું નથી કહેતી.

અખિલ : ના, સાચી વાત છે. મારે જો કાંજી તૈયાર કરવી પડે તો કદાચ ઘરને જ આગ લગાડી મૂકું.

હિમિ : શું બોલો છો તમે!

અખિલ : જરા પણ અતિશયોક્તિ કરતો નથી. ઘરમાં આગ લગાડવાનો અમને અભ્યાસ છે. સમજતી નથી? જોતી કેમ નથી, તું તો યતીનને માટે કાંજી તૈયાર કરે છે, હું કદાચ એવું કાંઈ તૈયાર કરીને બેઠો છું કે જે એને માટે પથ્ય ન હોય, એટલું જ નહિ પણ નીરોગીને પણ ભારે પડે. તું બેસ, બે વાત તારી સાથે કરી લઉં.

હિમિ : હમણાં પણ વાત કરવા જેવો—

અખિલ : રામ રામ, વાત કરતાં જો આવડતી હોય તો ધંધો જ છોડી દીધો હોત. બીજો બંકિમ ચાટુજ્જે થઈ ગયો હોત. હસે છે શું? અમારે ઘણી વાતો બનાવવી પડે છે, એ જરા પણ ગમતું નથી. વાર્તા જો બનાવી શકતો હોત તો આ ધંધો છોડી દેત. પણ તેં શું વાર્તા લખવાનું શરૂ કરી દીધું છે?

હિમિ : ના.

અખિલ : નાટક લખવા—

હિમિ : ના. મને એ બધું આવડતું નથી.

અખિલ : કેમ જાણ્યું ?

હિમિ : ભાષા મળતી નથી.

અખિલ : નાટક તૈયાર કરવામાં ભાષાની જરૂર પડતી નથી. નોટબોટ કશું જ જોઈતું નથી. કદાચ અત્યારે જ તારો નાટક શરૂ થઈ પણ ગયો હોય, કોણ કહી શકે ?

હિમિ : હું જાઉં છું, માસીને બોલાવી લાવું છું.

અખિલ : ના, કાંઈ જરૂર નથી. હું નકામી વાત બંધ કરું છું. કામની વાત જ કાઢું છું. મેં તો યતીનને જ કહેવાનો વિચાર રાખ્યો હતો પણ તેનું શરીર હમણાં —

હિમિ : તેમના વેપાર વિષે કાંઈ વાત મારે કાને આવી છે કે નહિ એમ મને હમેશાં પૂછ્યા કરે છે. તમો કદાચ —

અખિલ : હું જાણું છું. વેપાર ડૂબી ગયો છે.

હિમિ : પગે લાગું છું. એ વાત તેમને કહેશો નહિ. બીજું જે થવાનું હોય તે થાય, એમનું આ ઘર તો —

અખિલ : યતીન ઘરની વાત કરે છે ખરો ?

હિમિ : માત્ર એ એક જ વાત કરે છે. એક દિવસ ભપકા સાથે વાસ્તુ થવાનું છે, તેની જ યોજના —

અખિલ : વાસ્તુની તૈયારી તો થઈ ગઈ છે —

હિમિ : તમે કેવી રીતે જાણ્યું ?

અખિલ : મારી ઑફિસમાંથી જ થઈ છે — પટાવાળાઓ કપડાં પહેરીને લગભગ તૈયાર —

હિમિ : જુઓ, અખિલબાબુ, આ હસવાની વાત નથી –

અખિલ : તે શું હું જાણતો નથી ? તારી આગળ છુપાવવાથી શું વળવાનું હતું ? આ ઘર દેવામાં —

હિમિ : ના, ના. તે બને જ નહિ. અખિલબાબુ, દયા કરો —

અખિલ : પણ આટલી બધી ચિંતા શાને કરે છે ? તને તો બધી ખબર છે, તારા મોટાભાઈ તો હવે બહુ દિવસ —

હિમિ : ખબર છે, ખબર છે. મોટાભાઈ ન રહે એ સહન થાય પણ તેમનું આ ઘર સુધ્ધાં જો જાય, તો તો મારી છાતી જ ફાટી જાય. એ તો તેમના પ્રાણ કરતાં —

અખિલ : જો, તું સાહિત્ય, ગણિત, લૉજિક વગેરેમાં વર્ગમાં પૂરા માર્ક પામતી હશે, પણ સંસારજ્ઞાનમાં ત્રીજા વર્ગમાં પણ પાસ થઈ નહિ શકે. સંસારકર્મમાં ધર્મ નામે કોઈ ચીજ નથી. એના નિયમ —

હિમિ : મને ખબર નથી. તમારે પગે લાગું છું. આ ઘર તમારે બચાવવું જ પડશે. આપની ઑફિસના —

અખિલ : પટાવાળાઓને ઢોલી બનાવવા પડશે. તેમના હાથમાં શરણાઈ દેવી પડશે. લૉ–કૉલેજમાં લયતત્ત્વના બધા અધ્યાય ભણ્યો છું. માત્ર તાનલયનો અભ્યાસ કર્યો નથી. એ કદાચ તારી પાસેથી જ —

માસીનો પ્રવેશ

માસી : અખિલ, શું ચાલે છે? હિમિ રડે છે કેમ?

અખિલ : વાસ્તુની યોજનામાં જરા વાંધો પડ્યો છે માટે —

માસી : તે એની સાથે એ બધી વાત શું કામ —

અખિલ : એના મોટાભાઈએ એની ઉપર જ વાસ્તુનો બધો ભાર નાખ્યો છે, એવું મેં સાંભળ્યું છે. તેથી કામમાં કોઈ પણ જાતની મુશ્કેલી ન આવે તે માટે બધાને છોડીને એણે મને જ પકડ્યો છે. તો તમે બધાં જ જો મનમાં લો તો તો જોઈએ જ શું, વાસ્તુના કામમાં હું પણ કમર કસીને લાગી જાઉં. વાત તો સમજો છો ને, કાકી?

માસી : સમજી છું. માત્ર કમર બાંધ્યે ના ચાલે. બંધન વધારે પાકું કરવું પડશે. હમણાં તેનો વિચાર કરવાનો વખત નથી. હમણાં તો યતીનને તું આશ્વાસન આપ કે તેના ઘર ઉપર કોઈનો હાથ નહિ પડે.

અખિલ : બહુ સારું. શણનો બજાર ચઢચો છે એમ કહેશો એટલે થયું. હવે એમને આંસુ લૂછી નાખવાને કહો—

ડાકટરનો પ્રવેશ

ડાકટર : વકીલ કે? ત્યારે તો થયું.

અખિલ : જુઓ, શનિ મોટો કે કલિ એ વિષે ચર્ચા કરવાથી લાભ શો? બંગાળ દેશમાં આપના હાથમાંથી બચીને જે થોડા ઘણા લોકો જીવતા રહે છે; તેમના જેવા તેવા ઘર ઉપર જ અમારો ધંધો—

ડાકટર : આ ઘરમાં તે ધંધો ચલાવવાને બહુ વાર નથી. હું જોઈ આવ્યો છું.

અખિલ : ભય બતાવશો નહિ મહાશય, મરણથી જ તમારો વેપાર પૂરો થાય છે. અમારો તો ત્યાર પછી જ સારી રીતે જામે છે. ના, ના, બહુ થયું, રહેવા દો એ વાત. કાકી, આ કહી જાઉં છું, વાસ્તુના બંદોબસ્તનો બધો ભાર લેવાને હું તૈયાર છું. તે સાથે સાથે બીજોયે થોડો ભાર પણ—બહારના ઓરડામાં બેઠો છું, જ્યારે જરૂર પડે ત્યારે બોલાવજો.

[જાય છે.]

ડાક્ટર : હજીયે વહુ નહિ આવી. તમે પણ ઘણી વારથી તેના ઓરડામાં ગયાં નથી.

માસી : મણિની વાત પૂછતાં શો જવાબ દેવો તે સૂઝતું નથી. હવે તો મારાથી વાતો ઉપજાવી કઢાતી નથી. જાત પર જ ધિક્કાર છૂટે છે તે જરા ઊંઘી જાય પછી ઓરડામાં જઈશ.

ડાક્ટર : હું બહાર રાહ જોઉં છું. રોગી કેમ છે તે કલાકેક પછી કહેવડાવજો. એટલામાં વકીલને અટકાવી રાખવો પડશે. એ લોકનું મોઢું જોતાં સ્વાભાવિક અસ્વસ્થતાથી જ નાડી જાઉં જાઉં કરી ઊઠે છે.

[જાય છે.]

અંક બીજો

રોગીનો ઓરડો

બારણા પાસે શંભુ : પાડોશણનો પ્રવેશ

પાડોશણ : શંભુ કે ?

શંભુ : હા, મોટીબહેન.

પાડોશણ : જરા યતીનને મળવું છે. માસી નથી એટલામાં —

શંભુ : શું કરશો ત્યાં જઈને, મોટીબહેન ?

પાડોશણ : નાટોરના મહારાજાને ત્યાં એક નોકરી ખાલી

પડી છે. મારા છોકરાને માટે યતીનની ચિઠ્ઠી લખાવી —

શંભુ : મોટીબહેન, એ કદી નહિ બને. માસી જાણશે તો જીવતાં નહિ રહીએ.

પાડોશણ : જાણશે શી રીતે? હું ચટપટ પાંચ મિનિટમાં —

શંભુ : માફ કરો, મોટીબહેન, એ કદી નહિ બને.

પાડોશણ : નહિ બને! તારી માસી માને છે કે અમારો ચેપ લાગવાથી તેનો ભાણેજ જીવશે નહિ. આમ પોતાનો તો જરા વિચાર કરી જો. ધણીને ખાધો, એક પૂરી છોકરી તે પણ ગઈ, બાપ મા કોઈને રહેવા ન દીધાં. હવે બાકી રહ્યો છે આ યતીન. એને પૂરો કરશે ત્યારે એ ખસશે. ત્યાં વિના એ મરવાની નથી. હું કહી રાખું છું, શંભુ, જોજે માસી જ એને વળગી છે. યતીનની આશા નથી.

શંભુ : પેલો મને બોલાવે છે. તમે હવે જાઓ.

પાડોશણ : ગભરાઈશ નહિ, હું આ ચાલી.

[જાય છે.]

ઓરડામાં શંભુનો પ્રવેશ

યતીન : (પગલાંના અવાજથી ચમકીને) મણિ!

શંભુ : બાબુ, એ તો હું શંભુ! મને બોલાવતા હતા?

યતીન : જરા તારી શેઠાણીને બોલાવી લાવ.

શંભુ : કોને ?

યતીન : તારી શેઠાણીને.

શંભુ : તે તો હજી આવ્યાં નથી.

યતીન : ક્યાં ગયાં છે ?

શંભુ : સીતારામપુર.

યતીન : આજે ગયાં ?

શંભુ : ના, આજે ત્રણ દિવસ થયા.

યતીન : તું કોણ છે ? મને શું આંખે બરાબર દેખાય છે ?

શંભુ : હું શંભુ.

યતીન : બરાબર બોલ તો. મારી કાંઈ ભૂલ તો નથી થતી ને ?

શંભુ : ના બાબુ.

યતીન : કયા ઓરડામાં છું હું ? આ શું સીતારામપુર છે ?

શંભુ : ના, કલકત્તામાં એ તો આપનો સૂવાનો ઓરડો.

યતીન : ખોટું નથી ? આ બધું જૂઠું નથી ?

શંભુ : હું માસીમાને બોલાવી લાઉં.

[જાય છે]

માસીનો પ્રવેશ

યતીન : હું મરી ગયો નથી એ મારે શી રીતે જાણવું, માસી ?

માસી : આ તું શું બોલે છે, યતીન ?

યતીન : તું જ મારી માસી ને ?

માસી : ત્યારે શું યતીન ?

યતીન : હિમિને બોલાવને. તેને મારી પાસે બેસવા દે. હમણાં ક્યાંય જાય નહિ.

માસી : આવ તો હિમિ, અહીં બેસ તો !

યતીન : પેલી બંસી બંધ કરાવી દેને, એ વાસ્તુને માટે મંગાવી છે ? એની હવે જરૂર નથી.

માસી : પાસેને ઘેર લગ્ન છે, એ તો ત્યાં વાગે છે.

યતીન : લગ્નની બંસી ? એમાં આટલું બધું રુદન કેમ છે ? બિહાગ છે કે શું ? તને મારા સ્વપ્નની વાત મેં કહી કે નહિ માસી ?

માસી : કયું સ્વપ્ન ?

યતીન : મણિ જાણે ઓરડામાં આવવાને માટે બારણું હડસેલતી હતી. કોઈ પણ રીતે બારણું આટલાથી વધારે ઊઘડ્યું જ નહિ. તે બહાર ઊભી ઊભી જોવા લાગી. કોઈ પણ ઉપાયે અંદર આવી જ ન શકી ! બહુયે બોલાવી પણ તેનાથી ગૃહપ્રવેશ થયો જ નહિ. નહિ થયો, નહિ થયો, નહિ થયો. (માસી નિરુત્તર) સમજ્યો છું માસી, સમજ્યો છું. હું દેવાળિયો છું. બિલકુલ દેવાળિયો છું, બધી બાજુથી. આ ઘર પણ રહ્યું નથી — બધું વેચાઈ ગયું છે, માત્ર પોતાને ભોળવતો હતો.

માસી : ના, યતીન, ના, સમ ખાઈને કહું છું કે તારું ઘર સલામત છે — અખિલ આવ્યો છે, જો કહેતો હોય તો તેને બોલાવું.

યતીન : ઘર ત્યારે છે? તે તો રાહ જોઈ શકશે, મારી માફક તે કાંઈ છાયા નથી. વરસોનાં વરસો બારણાં ખુલ્લાં રાખી છો ઊભું રહેતું. કેમ માસી?

માસી : ઊભું રહેશેસ્તો યતીન! તારા સ્નેહથી ભર્યું ભર્યું રહેશે.

યતીન : બહેન હિમિ, તું રહેજે મારા ઓરડામાં. એક દિવસ કદાચ વખત આવશે, ને તે ઓરડામાં પ્રવેશ કરશે. તે દિવસે હું ગમે તે લોકમાં હઈશ તોપણ મને ખબર પડશે. હિમિ, હિમિ!

હિમિ : શું મોટાભાઈ?

યતીન : તારે માથે ભાર છે, બહેન. યાદ છે ને, કયું ગીત ગાવાનું છે તે?

હિમિ : છે. અગ્નિશિખા —

યતીન : બહેન, કોઈના ઉપર ગુસ્સો કરીશ નહિ. બધાંને ક્ષમા કરજે. અને મને જ્યારે સંભારે ત્યારે યાદ કરજે : "મારા ઉપર મોટાભાઈ હમેશાં હેત રાખતા, આજે પણ રાખે છે." ખબર છે, માસી, મારા આ ઘરમાં હિમિનાં લગ્ન થશે, આપણા પેલા જૂના મકાનમાં; જ્યાં મારી માનાં લગ્ન થયાં હતાં ત્યાં. તે મકાનને હું જરા પણ અડચો નથી.

માસી : એમ જ કરશું, ભાઈ.

યતીન : માસી બીજે જન્મે તું મારી છોકરી થઈને જનમજે, તને લાડથી મોટી કરીશ.

માસી : શું કહે છે, યતીન ? વળી પાછી સ્ત્રી થઈને જનમવાની ? તારા જ ખોળામાં છોકરો થઈને જન્મું એવી જ કામના કરને.

યતીન : ના, છોકરો નહિ. છી, નાનપણમાં જેવી હતી, તેવી અજોડ સુંદર થઈને તું મારે ઘેર આવશે. હું તને શણગારીશ.

માસી : હવે લવારો ન કર, જરા ઊંઘી જા.

યતીન : તારું નામ પાડીશ લક્ષ્મીરાણી.

માસી : એ તે કંઈ નવા જમાનાનું નામ થયું ?

યતીન : ના, નવું નહિ. તું તો મારે હમેશની જૂના જમાનાની. તે તારો સુધાભર્યો જૂનો જમાનો લઈને તું મારે ઘેર આવજે.

માસી : તારા ઘરમાં કન્યાદાયનું દુઃખ લઈને આવવાની ઇચ્છા હું તો રાખતી નથી.

યતીન : તું મને દુર્બળ માને છે ? માસી દુઃખમાંથી મને બચાવવા માગે છે ?

માસી : બાપુ, મારું તો સ્ત્રીનું હૃદય, હું જ દુર્બળ છું એટલે બહુ જ બીતી બીતી તને બધાં દુઃખોમાંથી હંમેશાં બચાવવા માગતી આવી છું. પણ મારું શું ગજું ? કંઈ જ કરી શકી નહિ.

યતીન : માસી, એક વાત ગર્વથી કહી શકું છું. જે મળ્યું નથી તેને માટે કદી મેં ખેંચતાણ કરી નથી. આખો જન્મારો હાથ જોડીને પ્રાર્થના જ કરી છે. મિથ્યા જોઈતું નહોતું એટલે જ મારે આટલી ધીરજ રાખવી પડી. સત્ય કદાચ હવે દયા કરશે. પેલું કોણ, માસી, પેલું કોણ છે ?

માસી : ક્યાં છે ! કોઈ તો નથી, યતીન !

યતીન : તું એક વાર પેલા ઓરડામાં જોઈ આવ, મેં જાણે—

માસી : ના. ભાઈ, કોઈ જણાતું નથી.

યતીન : પણ મેં સ્પષ્ટ જાણે —

માસી : કંઈ નથી યતીન.

ડાકટરનો પ્રવેશ

યતીન : આ કોણ છે એ ? ક્યાંથી આવે છે ? કંઈ ખબર છે ?

માસી : એ તો ડાકટર.

ડાકટર : તમે એની પાસે રહેશો નહિ. તમારી સાથે બહુ જ બોલે છે.

યતીન : ના, માસી, જવાનું નથી.

માસી : વારુ ભાઈ, હું પેલા ખૂણામાં જઈને બેસું છું.

યતીન : ના, ના, મારી પાસે બેસ, મારો હાથ પકડીને.

ભગવાન તારા હાથમાંથી જ મને પોતાના હાથમાં લેશે.

ડાકટર : વારુ ત્યારે. બોલશો નહિ. પેલી દવા ખાવાનો વખત થયો.

યતીન : વખત થયો ! વળી ભોળવવાને આવ્યો છે ? વખત હવે થઈ ગયો છે. ખોટી સાંત્વનાની મને જરૂર નથી. વિદાય કરી દો, બધાંને વિદાય કરી દો. માસી, મારી તો માત્ર તું છે. કોઈ મિથ્યા મારે જોઈતું નથી. આવ બહેન હિમિ, મારી પાસે બેસ.

ડાકટર : આટલો બધો ઉશ્કેરાટ સારો નહિ.

યતીન : તો હવે મને ઉશ્કેરશો નહિ.

[ડાકટર જાય છે.]

ડાકટર ગયા, હવે મારા બિછાનામાં બેસ. તારા ખોળામાં માથું રાખીને સૂઉં.

માસી : સૂ ભાઈ, જરા ઊંઘી જા.

યતીન : ઊંઘવાનું કહેશો નહિ. હજી પણ મારે જરા જાગવાની જરૂર છે. સંભળાય છેને ? આવે છે. હમણાં આવશે. આંખ ઉપર કેટલું બધું ઘેન ચડે છે ! ગોરજ લગ્ન, ગોરજ લગ્ન હતું મારું. વાસર-ઘરનાં બારણાં ઊઘડશે. હિમિ ત્યાં સુધી પેલું ગીત —

(હિમિ ગાય છે)

જીવનમરણેર સીમાના છાડાયે
બંધુ હે આમાર, રયેછો દાંડાયે.

એ મોર હૃદયેર વિજન આકાશે
તોમાર મહાસન આલોતે ઢાકા એ,
ગભીર કી આશાય નિબિડ઼ પુલકે
તાહાર પાને ચાઈ દુ'બાહુ બાડાયે.

નીરબ નિશિ તવ ચરણ નિછાયે
આঁધાર—કેશભાર દિયેછે બિછાયે.

આજિ એ કોન ગાન નિખિલ પ્લાવિયા
તોમાર વીણા હતે આસિલ નાબિયા.
ભુવન મિલે જાય સુરેર રણને—
ગાનેર બેદનાય જાઈ જે હારાયે.*

માસી : ભાઈ યતીન, જરા જો તો, એ — આવે.

યતીન : કોણ ? સ્વપ્ન ?

માસી : સ્વપ્ન નહિ, મણિ. આ તારા સસરા.

યતીન : (મણિ તરફ જોઈને) તું કોણ છે ?

માસી : ઓળખાતી નથી ? એ તો તારી મણિ.

---

* જીવનમરણના સીમાડા વટાવી જઈને હે મારા પ્રિય તું ઊભો છે.

આ મારા હૃદયના વિજન આકાશમાં તારું મહાસન પ્રકાશથી ઢંકાયેલું છે. કઈ ગંભીર આશાથી અને ગાઢ પુલકથી હું બંને બાહુ લંબાવીને તેના તરફ જોઈ રહું છું.

નીરવ નિશાએ તારા ચરણની છાયામાં પોતાનો અંધારરૂપ કેશભાર બિછાવી દીધો છે.

આજે નિખિલ વિશ્વને ડુબાડી દેતું આ કયું ગીત તારી વીણામાંથી ઊતરી આવ્યું ! એ સૂરના રણકારમાં ભુવન અલોપ થઈ જાય છે. ગીતની વેદનામાં હું ખોવાઈ જાઉં છું.

યતીન : બારણું બધું ઊઘડી ગયું ?

માસી : બારણું બધું ઊઘડી ગયું.

યતીન : પણ પગ પર પેલી શાલ નહિ જોઈએ. એ શાલ કાઢી નાખ, કાઢી નાખ.

માસી : શાલ નથી. યતીન, વહુ તારે પગે પડી છે. એને માથે હાથ દઈને જરા આશીર્વાદ આપ.

લક્ષ્મીની પરીક્ષા

ગૂજરાત વિનયમંદિરની વિદ્યાર્થિનીઓને ભજવવા થાય એ હેતુથી કવિવર રવીન્દ્રનાથકૃત 'લક્ષ્મીની પરીક્ષા' નામક છંદોબદ્ધ કાવ્યનાટિકાનો આ અનુવાદ કરેલો. કવિવરે પોતે કરેલા એના અંગ્રેજી અનુવાદમાં તેમણે જે કેટલાક ભાગો છોડી દીધા છે અથવા ટૂંકાવી નાખ્યા છે, તેમાંના કેટલાક મેં આ અનુવાદમાં ઉમેરી લીધા છે, અથવા પૂરા રાખ્યા છે. એટલે આ અનુવાદ બંગાળી નાટિકાનો અવિકલ અનુવાદ નથી, તેમ અંગ્રેજી અનુવાદનો પણ સીધો અનુવાદ નથી. મેં અંગ્રેજી અનુવાદનો ઉપયોગ કરી લીધો છે એટલું જ.

પ્રવેશ પહેલો

ખીરિ દાસીનો પ્રવેશ

ખીરિ : ધરમ પૈસાદાર લોકો કરે અને બોજો બધો ઉપાડવાનો અમારે ગરીબ લોકોને. તું તો રાણી, તારી પાસે તો લાખ્ખો રૂપિયા, એટલે લહેરથી દાન, ધ્યાન, વ્રત બધું કરે; તારે તો માત્ર હુકમ જ કરવાનો. પણ રાતદિવસ વૈતરું તો અમારે કરવું પડે છે. છતાં જશ અને પુણ્ય બધાં તને મળે અને અમારે તો આ હડસેલા જ ખાવાના.

નેપથ્યમાંથી : ખીરિ, ખીરિ, ઓ ખિરી—!

ખીરિ : આ પાછી મારા નામની પોક પડી! મારે તો નહાવાખાવાનુંયે છોડી દેવું કે શું?

રાણી કલ્યાણીનો પ્રવેશ

કલ્યાણી : શું થયું છે? મોઢું કેમ ચડયું છે?

ખીરિ : કામ ક્યાં નીઠે છે! મારેયે શરીર છે, કાંઈ લોઢુંલાકડું નથી. દહાડેદહાડે મારું શરીર કેવું ઘસાતું જાય છે એ તો જુઓ!

કલ્યાણી : કેમ તને એટલું બધું શું દુઃખ છે?

ખીરિ : કંઈ નહિ, નહિ જોવાનો બામણશરમણ, કે નહિ જોવાનો કેળીકણબી — આખા ગામનું વૈતરું કરવાનું. ગામમાં કોઈને ત્યાં ચૂલો સળગતો હોય તો મારા સમ. અને તમારું તો બધાંને રોજનું નોતરું. બધાંનાં વાસણ માંજી માંજીને અને પાનનાં બીડાં વાળી વાળીને મારાં તો આંગળાંયે ઘસાઈ ગયાં. હું એકલી આટઆટલું વૈતરું કરું છું, પણ કોઈને લગારે દયા આવે છે!

કલ્યાણી : એમાં વાંક તારો જ છે. તારી કુહાડા જેવી જીભ કોઈને ટકવા દે તો કે? પછી હું શું કરું?

ખીરિ : એ વાત સાચી. મારાથી નથી દેખી ખમાતું. પણ હું કાંઈ અમથી નથો કાઢી મૂકતી—મારાથી અન્યાય નથી જોયો જતો. કોણ જાણે ક્યાંથી બધાં ચોરટાં અહીંયાં આવે છે, અને જે હાથ આવ્યું તે ઉઠાવી જાય છે. હું જો તેમને ન હાંકી કાઢતી હોત તો મને મારી નાખીને તેઓએ તમને હાંકી કાઢયાં હોત.

કલ્યાણી : એ બધાં ચોર અને તું ધરમની પૂતળી!

ખીરિ : હું ધરમની પૂતળી છું, એવું હું કદી કહેતી જ નથી, માનતી પણ નથી. હું પણ જે હાથ આવ્યું તે ઉઠાવી જાઉં છું અને સવારસાંજ

તમને આશીર્વાદ આપું છું. પણ મારે હાથ તો બે જ છે. ઈશ્વરે હાથ આપ્યા છે તે લેવા માટે જ. એટલે તમે જેમ જેમ નોકરો વધારો છો, તેમ તેમ હાથ પણ વધતા જ જાય છે.

કલ્યાણી : વાહ! બે જ કેવા? તારાં ભાણુજાં, ભત્રીજાં, પોઇતર, દોહિતર બધાં આવે છે તે? — તેમને બબ્બે હાથ નહિ હોય? હું તો દંગ જ થઈ જાઉં છું. તારી વાત સાંભળીને મને ગુસ્સોય ચડે છે, અને વળી હસવુંયે આવે છે.

બીરિ : તમે જો હસવાનું થોડું રાખ્યું હોત અને ગુસ્સે થવાનું વધારે રાખ્યું હોત તો મારો સ્વભાવ સુધરી ગયો હોત.

કલ્યાણી : સુધર્યો સુધર્યો — એ તો તું લાકડાંમાં જાય તોય તારો સ્વભાવ નહિ બદલાય.

બીરિ : એ વાત કબૂલ છે. અને એથી જ મને ખાતરી છે કે મરણ પણ મને ઝડપવાની એકાએક હિંમત કરે એમ નથી. પણ તમારા દરવાજા આગળ તો જુઓ — દુનિયાભરનાં આળસુઓ ભેગાં થયાં છે. કોઈના ધણીને ખાવાનું મળતું નથી, તો કોઈની માનું શ્રાદ્ધ કરવાનું બાકી છે. આમ જાત જાતનાં જૂઠાણાં ભરી ભરીને થેલા લાવે છે અને રૂપિયે ભરીને લઈ જાય છે. લેવું હોય તો ભલે લઈ જાય, લઈ લઈને તે કેટલુંક લઈ જવાનાં છે! પણ આંખમાં ધૂળ

નાખે તે શી રીતે ખમાય ?

કલ્યાણી : તું શું કામ બડબડ કરે છે? તે લોકો ધૂળ નાખે છે એ હું સમજું છું. હું એ પણ સમજું છું કે એ લોકો ગરીબ છે, અને હું રાણી છું. આપવાથી મને સુખ થાય છે, માટે હું આપું છું. હશે. પણ ગઈ કાલે સાંજે બધાંને જમવાની વખતે મીઠાઈ અને દૂધ કેમ ખૂટ્યાં હતાં?

ખીરિ : તે કંદોઈ અને દૂધવાળા ધરમરાજાના અવતાર નથી કાંઈ! હાય હાય! — તમને તો મારા ઉપર વહેમ આવ્યો — ઓ મા —

કલ્યાણી : હવે ખોટું ખોટું રડવાનું રહેવા દે.

ખીરિ : આ આવ્યાં ખરું રડનારાં.

પાડોશની સ્ત્રીઓનો પ્રવેશ

સ્ત્રીઓ : રાણીમાતાની જય થાઓ!

ખીરિ : જરા સાંભળો સાંભળો, ભરેલાં પેટ વગર આવા ઘાંટા પડાતા હશે કે?

કલ્યાણી : તારી સાથે આ છોકરી કોણ છે? પહેલાં જોઈ સાંભરતી નથી!—

૨ જી સ્ત્રી : એ તો આપણા મધુની નવી વહુ. તમને પગે લગાડવા લાવી છું.

ખીરિ : એ તો હું સમજી!

૨ જી સ્ત્રી : આમ આવ, રાણીમાને પગે લાગ.

કલ્યાણી : પાસે આવ—શરમાય છે શું કામ! (વીંટી પહેરાવી) કેવું રૂટડું મોં છે! જોયું ખીરિ!

ખીરિ : વાહ! પણ એના કરતાં તમારી વીંટી વધારે સુંદર છે.

૨ જી સ્ત્રી : પણ એકલું રૂપ હોય તેથી શું વળ્યું? પિયરથી ઘરેણાં નામે લાવી નથી.

ખીરિ : લોકો તો એવું કહે છે કે તે તો બધાં તારી પેટીમાં સહીસલામત પડેલાં છે.

કલ્યાણી : આવ અંદર આવ.

[બીજી સ્ત્રી અને વહુ સાથે કલ્યાણી અંદર જાય છે.]

૧ લી સ્ત્રી : જોઈ પક્કાઈ!

ખીરિ : હું તે કોની જોઉં અને કોની રહેવા દઉં!

૩ જી : પણ આણે તો હદ કરી.

ખીરિ : એ તો કોઈની વહુને ઘરેણાં મળે ને કોઈના પેટમાં તેલ રેડાય.

૩ જી : તમે તો ખરી મશ્કરી ઉડાવો છો ને માસી; — અમારું તો હસતાં હસતાં પેટે દુખવા આવ્યું.

૧ લી : ગમે તેમ કહો, પણ આપણી રાણી જેવું ઉદાર મનીખ મળવું મુશ્કેલ છે.

ખીરિ : એટલે કે એના જેવું બેવકૂફ મળવું મુશ્કેલ છે.

૩ જી : વાત ખોટી નથી. જુઓને પેલે દહાડે પેલી આંધળી આન્ધી કેવી છેતરીને પૈસા કઢાવી ગઈ હતી? મારાથી તો આ નથી ખમાતું.

૪ થી : અને પેલી ઠચરી કુંભારડી કેવો સરસ ગરમ ધાબળો કઢાવી લઈ ગઈ હતી — ખોટું ખોટું રડીને.

૧ લી : હવે જવા દે ને એ વાત.

૪ થી : ના, ના, દાન આપવાની કોણ ના કહે છે, પણ કંઈ અક્કલ તો વાપરવી કે નહિ? કે પછી જે આવ્યું તેને આંખ મીંચીને આપ આપ જ કરવું.

ખીરિ : એ તો મને પણ પેટારો ભરીને રૂપિયા મળે તો હુંયે મીઠું મીઠું જ બોલું.

૪ થી : એઓ આમ હલકા લોકો સાથે બહુ ભળે છે, એ મને તો નથી ગમતું.

૩ જી : પેલી કેદારની મા વગર બીજી કોઈ બહેનપણી જ ન મળી!

૪ થી : એ તો હલકા લોકોને મોઢે વખાણ સાંભળવાની યુક્તિ છે.

ખીરિ : એ તો દુનિયાની રીત જ છે: આપલેનો વહેવાર છે. એ આપણા મોંમાં ખાવાનું મૂકે છે, તે તેમાંથી વખાણ સાંભળવા માટે જ. ખાવાનું

તરત જ ખવાઈ જાય છે, અને વખાણ તો સદા કાનને ઠાર્યા કરે છે.

૪ થી : આ પેલી વહુને લઈને પાછી આવી.

વહુની સાથે બીજી સ્ત્રીનો પ્રવેશ

૧ લી : અલી, શું મળ્યું, જોઉં જોઉં.

૨ જી : કંઈ નહિ. ફક્ત આ એક જોડ જડાવ કંકણ.

૩ જી : તારું નસીબ જ વાંકું. લઈ જતી વખતે તો ઠસ્સો એવો કર્યો હતો, જાણે ઘરેણાંથી વહુનું શરીર નહિ મઢી દેવાની હોય!

૪ થી : તને યાદ છેને, જ્યારે પ્યારી વહુને પગે લગાડવા લાવી હતી ત્યારે તેને તો હાર અને ઉપરથી બે એરિંગ પણ આપ્યાં હતાં.

૨ જી : કોણ કેટલું ગરીબ છે, એ કોણ જુએ છે; કોણ કેટલું ગરીબ દેખાય છે તે જ એ લોકો તો જોવાનાં.

૪ થી : મોટા માણસો કદી કશો વિચાર જ કરતાં નથી. એ તો પોતાના આનંદ ખાતર દાન આપે છે.

બીરિ : જો લક્ષ્મી મારા ઉપર પ્રસન્ન થાય તો હું બતાવી આપું કે દયાદાન શી રીતે કરવાં.

૨ જી : તારી ઇચ્છા પૂરી થાઓ. તારા ઘરમાં ધન ઊભરાઓ.

૧ લી : હવે બંધ કરો તમારો લવારો. રાણીમાનાં પગલાં સંભળાય છે.

૪ થી : (મોટેથી) રાણી તો દયાની મૂર્તિ જ જોઈ લેવાં — જાણે બીજાં લક્ષ્મી!

૨ જી : એમના હાથમાં પડીને ધન પણ ધન્ય થયું.

કલ્યાણીનો પ્રવેશ

કલ્યાણી : મોડી રાત થઈ તોયે શાની કમિટી બેઠી છે?

ખીરિ : એ તો આ બધાં તમારી કીર્તિનું ખેડાણ કરી રહ્યાં હતાં. એમણે ખેડી, નીંદી, રાંપી ફેરવી જમીન સાફ કરી, અને હું વચમાં વચમાં બી રોપતી ગઈ.

કલ્યાણી : મોડી રાત થઈ, હવે સૌ સૌને ઘેર જાઓ. પણ એક વાત ધ્યાનમાં રાખજો કે લોભને કદી થોભ હોતો નથી. સૌને સૌસૌની ઇચ્છા પ્રમાણે દાન દેવા જાય તો કલ્પવૃક્ષ પણ ખવાઈ જાય — પછી મારી તો વાત જ શી કરવી!

[જાય છે.]

૪ થી : સાંભળ્યું કે, સંતાઈને આપણી વાત સાંભળી લાગે છે.

ખીરિ : સંતાઈને સાંભળવું પડે એવાં હવે એ અબૂઝ રહ્યાં નથી. એ સમજે છે કે એના મોઢા ઉપર

તમે જેટલાં વધુ પડતાં વખાણ કરો છો, તેટલી પાછળથી એની નિંદા પણ કરો છો. ઉપકારની મીઠાઈ નિંદાની ચટણી વિના ગળે જ ઊતરતી નથી. મચ્છર જેનું લોહી પીને માતે છે તેને જ ડંખ મારે છે. દેવતાને દૈત્ય ન બનાવે તો કળિકાળ શાનો?

૪ થી : ખરેખરું, તમારે જરા સંભાળીને ચાલવું જોઈએ. તમે તો જે મોંમાં આવ્યું તે બોલી નાખો છો.

૩ જી : તું સંભાળે એટલે થયું.

ખીરિ : હવે બહુ થયું. ઘાંટા પાડવા બંધ કરો. પેટ ભરીને ખાધું, મોં ભરીને નિંદા કીધી, હવે ઘેર જઈને ઈશ્વરનું નામ લો.

[પાડોશણો જાય છે.]

ઓ બિનિ, ઓ કિનિ, ઓ કાશી!

કાશી : શું છે, મોટી બહેન?

કિનિ : શું છે, કાકી?

બિનિ : શું છે, માસી?

ખીરિ : ચાલો, ખાઈ લો.

છોકરીઓ : અમને ભૂખ નથી.

ખીરિ : ખાવાનું મળે ત્યારે ખાઈ જ લેવું — ભૂખ શું

ને ભૂખ શું ! થોડું દૂધ અને પેંડા છે તે ખાઈને સૂઈ જાઓ.

કાશી : આખો દહાડો તે કેટલું ખાઈએ ?

ખીરિ : પણ ખાવાનું ક્યાં સહેજે મળે છે ? અરે બિનિ, તારી પેલી રૂપાની કાંસકી કેમ માથામાં જણાતી નથી ?

બિનિ : તે તો કાલે પેલા ફળિયાની ખેતુની છોકરીએ રડીને લઈ લીધી.

ખીરિ : ઓહ, સમજી ! આ ઘરની હવામાં જ દાનના રોગનાં જંતુ રહેલાં છે. કંઈ બહુ તાલેવંત થઈ ગઈ કે શું ? તું તારે પાછી તારી માની પાસે જ જા : અહીંની હવા તને નહિ સદે. રાણી તો ગમે એટલું આપે છે, તોય એને ખૂટતું નથી, અને તેં તો આપ્યું એટલે સદાયનું ગયું, એટલીયે તને સમજ નથી પડતી ? જાઓ, હવે સૂઈ જાઓ.

[કિનિ, બિનિ, કાશી જાય છે.]

કલ્યાણીનો પ્રવેશ

ખીરિ : હવે તો મારાથી નથી રહેવાતું.

કલ્યાણી : મને વિશ્વાસ નથી આવતો.

ખીરિ : મારા સમ, હું મશ્કરી નથી કરતી. દેશથી કાગળ

આવ્યો છે કે, મારી ફોઈ મરણપથારીએ પડી છે. દવાના પૈસાયે નથી.

કલ્યાણી : આ તારી ફોઈના શ્રાદ્ધ માટે તું મારી પાસે રૂપિયા લઈ ગઈ હતી તેને હજી પૂરું વરસેય થયું નથી.

ખીરિ : હા, હા. તે તો મરી ગયેલી — ખરી વાત. તમે મારી ફોઈની યાદ ભારે રાખો છો !

કલ્યાણી : તને સીધી રીતે માગી લેતાં શું થાય છે? જૂઠું બોલ્યા વિના નહિ ચાલે? પકડાઈ જાય છે તોય શરમાતી નથી?

ખીરિ : વારે વારે 'આપો આપો' કહેતાં કંટાળો આવે છે, એટલે કાકીને કે ફોઈને શોધવી પડે છે.

કલ્યાણી : પણ મેં તને કદી ના પાડી છે?

ખીરિ : બિલાડી મરેલા પંખીનો પણ શિકાર કર્યા પછી તેને ખાય છે. હું પણ મારી ટેવ તાજી રાખવા જૂઠું બોલું છું. હું ખરું કહું છું, તમારી પાસેથી ખોટાં બહાનાં કાઢીને પણ પસા કઢાવી શકાય છે.

કલ્યાણી : પણ આ વખતે નહિ મળે.

ખીરિ : સારું, એની મને ચિંતા નથી, આજે નહિ તો કાલે આપશો. મને કંઈ ઉતાવળ નથી. પણ હું તમને ગળે હાથ મૂકીને કહું છું કે હવે ફરીને ફોઈનું નામ નહિ લઉં.

[કલ્યાણી હસતી હસતી જાય છે.]

હાશ! પારકા પાસે લેવામાં સુખ પણ છે અને દુ:ખ પણ છે. હે લક્ષ્મીમાતા, તમારા વાહન ઘુવડને આ ઘર એટલું બધું ગમી ગયું છે કે તમને વારે વારે અહીં લઈ આવ્યા કરે છે. એક દહાડો ભૂલથી જો તે તમને મારે ત્યાં લઈ આવે તો હું તેની પૂજા કરું, અને તેને એટલા તો ઉંદરનો નૈવેદ્ય ધરાવું કે પછી તેનાથી ઊઠીને ઉડાય જ નહિ. મારે બારણે જ પડી રહેવું પડે.

લક્ષ્મી પ્રગટે છે

આ વળી આટલી રાતે કોણ માથું પકવવા આવ્યું!

લક્ષ્મી : ત્યારે હું જાઉં?

શ્રીરિ : ઊભી રહે, ઊભી રહે, જોઉં. આ માથે શું પહેર્યું છે?—હીરાનો મુગટ જેવો દેખાય છે. આ તારા હાથમાં સોનાની પેટીમાં શું છે? આટલા બધા દાગીના, આટલું બધું ઝવેરાત ક્યાંથી આણ્યાં? ગિલિટ કરેલાં તો નથી ને! નંગ ખોટાં તો નથી ને? દિલે શાનું અત્તર ચોપડ્યું છે? કમળના જેવી સુગંધ મઘમઘી રહી છે ને! કેમ આવી છે? તારું નામ શું?

લક્ષ્મી : લક્ષ્મી.

ખીરિ : નાટકમાંની તો નથી ને ?

લક્ષ્મી : ના, સ્વર્ગમાંની.

ખીરિ : એમ, એમ ! હું તો ઓળખી જ ન શકી. માતાજી આવો, બેસો. આરામ કરો. આવ્યાં છો તો હવે ઠરીને રહો. જવાની ઉતાવળ કરશો નહિ. તમે ચકોર માણસો ઉપર એકાએક પ્રસન્ન થતા નથી, એનું કારણ હું સમજું છું. બુદ્ધિમાન કદી ભૂખે મરવાનું નથી, એટલે તમે બેવકૂફોની જ સંભાળ રાખો છો.

લક્ષ્મી : તારી શેઠાણીને ઠગીને પેટ ભરતાં તને શરમ નથી આવતી ?

ખીરિ : તમે બુદ્ધિમાન ઉપર મહેર કરતાં નથી, એટલે બુદ્ધિમાનો લક્ષ્મીવાનોને ઠગીને પેટ ભરે છે.

લક્ષ્મી : હું સરળ બુદ્ધિની કદી અવગણના કરતી જ નથી. પણ દુષ્ટ બુદ્ધિનો મને તિરસ્કાર છે.

ખીરિ : બુદ્ધિ અતિશય સરળ રહે તો ભોટમાં ખપે, પણ તમે મહેર કરતાં હો તો હું સદા ભોટ રહેવા પણ તયાર છું.

લક્ષ્મી : હું તારા ઉપર મહેર કરું, પણ પછી તું કોઈને દાન આપશે ખરી ? — અપાશે તારાથી ?

ખીરિ : જરૂર, તમે એક વાર પરીક્ષા તો કરી જુઓ. પેટ ભરીને ખાધા પછી જે વધે તે આપવામાં

શી મુશ્કેલી આવવાની હતી! તમે જો રાણીને દાસી બનાવો અને મને રાણી બનાવો. તો તે પણ રોજ નવાં નવાં બહાનાં કાઢી મારી પાસે પૈસા કઢાવવા આવશે, અને કોઈને દમડી સરખી આપવાનો તેનો જીવ ચાલશે નહિ. જ્યારે હું, એ આજે છે એવી બેવકૂફ બની જઈશ અને બધાંય ખોટાં બહાનાં સાચાં માની છૂટે હાથે દાન આપવા મંડીશ.

તથાસ્તુ. હું તને રાણી બનાવું છું. તું દાસી હતી એ વાત લોકો ભૂલી જશે. પણ ધ્યાન રાખજે — મારે શરમાવાનું નહિ થાય.

પડદો

પ્રવેશ બીજો

રાણીવેશે ખીરિ અને તેની દાસીઓનો પ્રવેશ

ખીરિ : બિનિ!

બિનિ : કેમ માસી !

ખીરિ : માસી શાની કહે છે ? તારા જેવી મૂર્ખ મેં કોઈ ન જોઈ. ગરીબગુરબાં ઘાંચીગોલાં હોય તે માસીને માસી કહે: તુ તો રાણીની ભાણેજ થઈ છે. જરા વિનય શીખ. માલતી!

માલતી : જી, બાસાહેબ!

ખીરિ : રાણીની ભાણેજ રાણીને શું કહીને બોલાવે તે આ મૂર્ખ છોકરીને જરા શીખવ તો.

માલતી : છી, છી. રાણીને કદી એકલી માસી કહેવાય કે? રાણીમાસી કહેવાય. શીખી રાખ.

ખીરિ : યાદ રહેશે કે? કાશી ક્યાં ગઈ?

કાશી : કેમ રાણીમા ?

ખીરિ : તારી ચાર ચાર દાસી ક્યાં ગઈ ?

કાશી : રાતદિવસ ચાર ચાર દાસીઓને શું કામ સાથે ફેરવ્યા કરવી? હું તો કંટાળી ગઈ.

ખીરિ : માલતી !

માલતી : જી, બાસાહેબ.

ખીરિ : આ છોકરીને સમજાવ તો કે આખો દિવસ દાસી શું કામ સાથે રાખવી જોઈએ.

માલતી : તમે કંઈ ઘાંચીગોલાં નથી, રાણીની દોહિતર છો. જે નવાબના કુટુંબમાં હું પહેલાં હતી તેની બેગમે નોળિયા પાળ્યા હતા. એક એક નોળિયા પાછળ ચાર ચાર દાસી હતી, અને સિપાઈઓ તો વળી જુદા.

ખીરિ : સાંભળ્યું કે કાશી?

કાશી : સાંભળ્યું.

ખીરિ : ત્યારે બોલાવ તારી દાસીને. કિનિ, બળ્યા મોઢાની!

કિનિ : કેમ રાણીકાકી?

ખીરિ : બગાસું ખાધું તોય ચપટી કેમ ન વગાડી? માલતી!

માલતી : જી, બાસાહેબ!

ખીરિ : આને જરા કાયદા શીખવ.

માલતી : આટઆટલું કહું છું પણ કંઈ અસર જ થતી નથી. બેગમ જ્યારે છીંક ખાય ત્યારે ચપટી વગાડવાનું જો કોઈ ભૂલી ગયું તો તેનું આવી જ બન્યું જાણવું. તરત જ તેને શૂળીએ ચડાવી નાકમાં સળી ઘોંચી છીંકાવી છીંકાવીને તેનો જીવ કાઢી નાખે.

ખીરિ : તારિણી, સોનાની ડબ્બીમાં પાનનાં બીડાં લઈ આવ તો. મારી ચામર ધરનારી ક્યાં ગઈ?

તારિણી : તે તો રાંડ ચાલી ગઈ. કહે છે, પગાર માગી-માગીને થાકી પણ મળ્યો નહિ.

ખીરિ : હલકીજાત — હરામજાદી, રાણીના ઘરમાં દાસી થઈ તોયે સંતોષ ન થયો — પગાર ન મળ્યો તેમાં આટલો બડબડાટ? કીડીને પાંખો ઊગે તે મરવા માટે.

તારિણી : પેલા મહોલ્લાની મોતી રાણીમાતાજીને મળવા આવી છે.

ખીરિ : માલતી!

માલતી : જી, બાસાહેબ!

ખીરિ : નવાબને ઘેર મળવા આવનાર માણસો કેવી સલામી ભરતાં હતાં?

માલતી : કુર્નિસ બજાવી માથું હેઠું રાખીને આવે છે, અને જતી વખતે કુર્નિસ બજાવતાં પાછે પગે પાછાં જાય છે.

ખીરિ : જા તો માલતી, મોતીને બરાબર કુર્નિસ કરાવીને લઈ આવ તો.

મોતીને લઈને માલતી પાછી પ્રવેશે છે

માલતી : માથું નીચું નમાવ, ભોંયે હાથ લગાડ. હવે હાથ નાકે લગાડ. ત્રણ ડગલાં આગળ ચાલ, માથું નમાવ.

મોતી : મારી તો ડોકીયે દુખી ગઈ.

માલતી : ત્રણ વાર નાકે હાથ લગાડ.

મોતી : બરડે વા આવ્યો છે, તે પીઠ પણ ફાટફાટ થાય છે.

માલતી : ત્રણ ડગલાં આગળ ચાલ, ત્રણ વાર ફરી ભોંયે હાથ લગાડી નાકે લગાડ.

મોતી : મારી ભૂલ થઈ અહીં આવી તે. આના કરતાં તો નાકલીટી તાણવી સારી. રાણીમાનો જય થાઓ. આજ એકાદશી છે.

ખીરિ : એ તો અમારા જોષી ક્યારના કહી ગયા. તિથિવાર કહેનાર મારે બહુ માણસો છે.

મોતી : રૂપિયો પાવલી મળે તો રાણીમાની જય ગાતી-ગાતી ઘેર જાઉં.

ખીરિ : એ તો નહિ મળે તોયે જવું પડશે. ચાલી જા, કુર્નિસ બજાવતી. માલતી!

માલતી : જી, બાસાહેબ!

ખીરિ : આને કુર્નિસ કરાવીને પાછી લઈ જા.

મોતી : હું જાઉં ત્યારે.

માલતી : ઊભી રહે, ફરતી નહિ. ત્રણ વાર નીચી નમી ધૂળ નાકે લગાડ. ત્રણ પગલાં પાછળ હઠ. જોજે પડતી. માથું નીચું કર.

મોતી : હાય હાય, ક્યાંથી અહીં આવી પડી! કુર્નિસ બજાવી બજાવીને ખૂંધ નીકળી આવી – અને મળ્યું તો કંઈયે નહિ. રાણી કલ્યાણી કેવી મીઠાશથી વાત કરે છે – તે કોડી આપે તોયે કરોડ આપ્યા જેવું લાગે છે. અહીં હીરામાણેક મળે તોયે ધૂળ બરાબર.

ખીરિ : પણ એ ધૂળે મળવાની આશા રાખીશ નહિ.

માલતી : સાચવીને ઊઠજે. પાછી પડતી નહિ.

[મોતી જાય છે.]

ખીરિ : બિનિ!

બિનિ : જી, રાણીમાસી!

ખીરિ : તારા હાથમાંની પેલી ચૂડી કોઈ ચોરી ગયું કે શું?

બિનિ : કોઈ ચોરી નથી ગયું.

ખીરિ : ત્યારે ખોવાઈ ગઈ?

બિનિ : ના, ખોવાઈયે નથી ગઈ.

ખીરિ : ત્યારે કોઈએ પડાવીને લઈ લીધી?

બિનિ : ના, રાણીમાસી.

ખીરિ : ત્યારે એને પાંખ તો નહિ આવી હોયને! વસ્તુ કાં તો પાસે રહે, કાં તો ચોરાઈ જાય, કાં તો

ખોવાઈ જાય, કે કોઈ ઠગીને લઈ જાય, એ સિવાય એનું બીજું શું થાય?

બિનિ : મેં આપી દીધી.

ખીરિ : એટલે કે કોઈ તારી પાસેથી પડાવી લઈ ગયું? કોણ લઈ ગયું? કહે તો.

બિનિ : મલ્લિકા. આપણી બધી દાસીઓમાં એ સૌથી ગરીબ છે. પગાર વિના બિચારીનાં છોકરાં ભૂખે મરે છે. વળી મારે ક્યાં ચૂડીની ખોટ છે? ટોપલો ભરીને પડી છે, એક ગઈ તોયે શું?

ખીરિ : સાંભળો આ બેવકૂફની વાત! જે સાધારણ સ્થિતિનાં હોય તે કીર્તિ કમાવા સારુ દાન કરે. પણ ધનવાન તો દાન કરે તોયે લોકો તો અવગુણ જ ગાવાનાં. લોકોના લોભને કદી થોભ હોતો નથી. એટલે આપણે તો દાન કરવું જ નહિ. માલતી!

માલતી : જી, બાસાહેબ!

ખીરિ : મલ્લિકાને એકદમ રજા આપવી જોઈએ.

માલતી : તેને તો હું કાઢી મૂકીશ.

ખીરિ : પણ પેલી ચૂડી સાથે ન લઈ જાય તે ધ્યાન રાખજે. આ મારા મહેલ આગળ કોણ શરણાઈ વગાડે છે? છ દાસી જઈને જોઈ આવો તો.

(તારિણી જઈને પાછી આવે છે.)

તારિણી : એ તો વરઘોડો જાય છે.

ખીરિ : રાણીના મહેલ આગળ થઈને વરઘોડો! મારું માથું ચડત તો? ધારો કે હું સૂતી જ હોત તો? કાચી ઊંઘમાંથી જગાડતને? માલતી!

માલતી : જી, બાસાહેબ!

ખીરિ : આવી વખતે નવાબને ત્યાં શું કરે છે?

માલતી : વરને પકડીને જેલમાં લઈ જાય છે. અને ત્યાં ત્રણ દિવસ ને ત્રણ રાત સુધી બે શરણાઈવાળાઓ તેના બન્ને કાન આગળ શરણાઈ વગાડ્યા કરે છે. ત્યાર પછી જો તે જીવતો રહ્યો હોય તો તેને ફાંસીએ ચડાવે છે.

ખીરિ : જાઓ, પહેરાવાળાઓને કહો કે વરઘોડામાંના દરેક માણસને દસ દસ ખાસડાં મારે.

૧ લી દાસી : દસ જ ખાસડાં! એ તો પંપાળ્યા જેવું થશે!

૨ જી દાસી : આપણાં રાણી બહુ દયાળુ છે!

ખીરિ : બસ, હવે મારા દેખતાં જ મારાં વખાણ કરવાં રહેવા દો. મને શરમ આવે છે.

એક દાસીનો પ્રવેશ

દાસી : નવ મહિના થયા મને પગાર મળ્યો નથી. ગાંઠનું ખાઈને વૈતરું કરવાનું તે ક્યાં લગી પોસાય? જોઈએ તો મને પગાર આપી દો અથવા મને ઘેર જવા દો.

ખીરિ : તારો પગાર ચૂકવી દેવામાં કંઈ નુકસાન નથી. છતાં મને તો તને રજા આપવાનું જ વધારે પસંદ પડે છે. પગાર વહેંચવામાં કડાકૂટ કેટલી? હિસાબકિતાબ બધા જોવા પડે. રજા તો ઝટ આપી દેવાય — ખાતુંપોતું પણ જોવાનું નહિ. માલતી!

માલતી : જી, બાસાહેબ!

ખીરિ : તારી શી સલાહ છે?

માલતી : એને ઓછામાં ઓછા સો રૂપિયા તો દંડ કરવો જ જોઈએ.

ખીરિ : પણ એ બિચારી ગરીબ છે, એટલે હું નેવું રૂપિયા માફ કરું છું.

૧ લી દાસી : રાણીમા, તમે બહુ ભલાં છો!

૨ જી દાસી : કેવી નસીબદાર, નેવું રૂપિયા તો એમ ને એમ જ મળી ગયા!

૩ જી દાસી : નેવું કેવા, હજારમાંથી નવસો નેવું મળ્યા એમ જ કહોને!

૪ થી દાસી : આવું દાન તો કોક જ કરતું હશે.

ખીરિ : તમે ફરી વખાણે ચડી ગયાં કે! — તું હવે કુર્નિસ બજાવીને રસ્તે પડ. અને રડવાનું બાકી રહ્યું હોય તેટલું મહેલની બહાર બેસીને પૂરું કર.

[માલતી તેને કાયદા કરાવીને લઈ જાય છે.]

દાસી : રાણીમા, દરવાજે કોઈ મોટા ઘરની બાઈ ઊભી છે.

ખીરિ : હાથી પર આવી છે કે રથમાં ?

દાસી : ચાલીને આવી લાગે છે.

ખીરિ : તો પછી એને મોટા ઘરની શાની કહે છે ?

દાસી : એનો ચહેરો સાચે જ રાણીના જેવો છે.

ખીરિ : મોઢા ઉપર કંઈ મોટા લોકનું નામ નથી લખ્યું હોતું. એ તો ગાડીઘોડા ઉપરથી જ પરખાય.

માલતીનો પ્રવેશ

માલતી : રાણી કલ્યાણી આપણે દરવાજે ઊભાં છે.

ખીરિ : ચાલતાં આવ્યાં છે ?

માલતી : એવું જ લાગે છે. આખું શરીર ધૂળે ભરાઈ ગયું છે.

ખીરિ : એને અંદર આવવા દીધા વગર તો છૂટકો જ નથી. પણ એને સરખું આસન કોણ આપે? નીચું આસન આપું તોયે ખોટું. હવે શું કરવું ?

૧ લી દાસી : થોડે દૂર બેસાડીએ તો ?

૨ જી દાસી : તમે મોં ફેરવીને બેસો તો ?

૩ જી દાસી : તમે થાકી ગયાં છો કહીને પાછી કાઢીએ તો ?

ખીરિ : માલતી !

માલતી : જી, બાસાહેબ !

ખીરિ : તું કાંઈ સલાહ આપ. શું કરીએ ?

માલતી : આસન રાખીએ જ નહિ તો ? ઊભાંઊભાં જ પતાવીએ તો શું ખોટું ? કશી પંચાત જ નહિ.

ખીરિ : ધન્ય છે તારી બુદ્ધિને ! મારી સવાસો દાસીઓને પેલા બારણા આગળ હારબંધ ઊભી રાખો. શશી, તું મારું છત્ર પકડ. તારિણી, તું મને ચામર કર. માલતી !

માલતી : જી, બાસાહેબ !

ખીરિ : બરાબર છે ને ?

માલતી : બિલકુલ.

ખીરિ : હવે તેને બોલાવી લાવ.

[માલતી જાય છે.]

કિનિ, બિનિ, કાશી, બધાં સ્થિર ઊભાં રહેજો. ખબરદાર હાલ્યાં છો તો.

કલ્યાણી અને માલતીનો પ્રવેશ

કલ્યાણી : કુશળ છો ને ?

ખીરિ : હું તો કુશળ રહેવા જ પ્રયત્ન કરું છું, પણ આ લોકો ક્યાં રહેવા દે છે !

કલ્યાણી : રાણીસાહેબ, મારે તમારી સાથે જરા એકાંતમાં વાત કરવી છે.

ખીરિ : આના કરતાં એકાંત બીજે ક્યાં મળવાનું હતું ? આપણે બે જ છીએ. આ તો બધી દાસીઓ છે. માલતી !

માલતી : જી, બાસાહેબ!

ખીરિ : દાસીઓને બહાર કાઢી મુકાય?

માલતી : એ તે કદી બને?

ખીરિ : સોનાનો દાબડો કોણ જાણે ક્યાં ગયો? ખોળી લાવ તો.

દાસી : આ રહ્યો.

ખીરિ : એ નહિ, પેલો બીજો એક મોતીજડિત છે ને, તે લઈ આવ.

[બીજો દાબડો લાવે છે.]

એને તો ઢાંકણા ઉપર ચૂનાના ડાઘ લાગ્યા છે. તમારાથી તો હું તોબા થઈ ગઈ. જા, પેલો બીજો હીરાજડીત છે તે લઈ આવ. ના, રહેવા દે; તે ન લાવતી. પેલો પન્નાનો છે તે લઈ આવ.

કલ્યાણી : ત્યારે હું મારી વાત પતાવી લઉં. પઠાણ બાદશાહે મારું રાજ્ય ખૂંચવી લીધું છે.

ખીરિ : શું કહો છો? ત્યારે તો બધાં જ ગામો ગયાં — ગોપાલનગર, કાનાઈપુર, રાધાનગર —

કલ્યાણી : એ બધાં જ ગયાં.

ખીરિ : હાથમાં કાંઈ રોકડ તો રહ્યું છે ને?

કલ્યાણી : કંઈ જ નહિ.

ખીરિ : અરે! પેલો તમારો હીરાનો હાર, માણેકની કંઠી, પેલી લાખ રૂપિયાની દામણી —

કલ્યાણી : એ બધુંય ગયું.

ખીરિ : અરરર ! શાસ્ત્રમાં કહ્યું જ છે કે લક્ષ્મી ચંચળ છે. અને તમારું પેલું રત્નસિંહાસન અને હીરા-જડિત છત્ર, તે પણ ગયાં કે શું ?

કલ્યાણી : હા.

ખીરિ : ચાર દિવસનું ચાંદરણું કહે છે, તે કાંઈ ખોટું નહિ. તમારો મહેલ તો રહ્યો છે ને ?

કલ્યાણી : તે પણ લશ્કરના કબજામાં છે.

ખીરિ : આ તો વાર્તા જેવું લાગે છે. ગઈ કાલની રાણી આજે ભિખારણ બની ગઈ. માલતી !

માલતી : જી, બાસાહેબ !

ખીરિ : ખરું ને ?

માલતી : એ તો, જે ચડે તે પડે જ.

કલ્યાણી : મને જો અહીં થોડા દિવસ આશ્રય મળે તો ગયેલું રાજ્ય પાછું મેળવવા પ્રયત્ન કરી જોઉં.

ખીરિ : તમે મારે ત્યાં રહો એ તો મારું અહોભાગ્ય લેખાય. પણ દુઃખની વાત છે કે મારો મહેલ આવડો મોટો છે છતાં મારે ત્યાં એટલી બધી દાસીઓ છે. કે ક્યાંય તલપૂરે જગ્યા નથી. જો હું મારો ખંડ છોડીને બહાર તંબૂમાં રહું તો તમારો સમાસ થાય.

૧લી દાસી : ઓ મા, એવું તે થાય?

૨જી દાસી : અરે, એમ કરશો તો કેટલી અગવડ પડશે તેનો કંઈ વિચાર કર્યો?

૩જી દાસી : જોકે તમારો તંબૂ કંઈ જેવો તેવો તંબૂ નથી, છતાં છતે રાજમહેલે તંબૂમાં રહેવું પડે એ કેમ ખમાય?

૪થી દાસી : તમને તંબૂમાં રહેતાં જોઈને અમારી તો છાતી જ ફાટી જાય.

કલ્યાણી : ના ના, તમારે એટલી બધી તકલીફમાં પડવાની જરૂર નથી. હું રજા લઉં છું ત્યારે?

ખીરિ : બસ, જશો? હં—પણ જરા આમ આવો તો સહેજ ખાનગી વાત કરવી છે. જો તમે કંઈ થોડુંઘણું ઝવેરાત લાવ્યાં હો ને અહીં મૂકી જવું હોય તો મૂકી જાઓ. તે સલામત રહેશે.

કલ્યાણી : કશું જ રહ્યું નથી.

ખીરિ : સારું ત્યારે. બપોર તો ચડી પણ ગયા. આજે શરીરે સારું નથી. તેમાં વળી સવારમાં જો વધારે બોલવું પડે છે તો મારું તો માથું ચડી આવે છે. માલતી!

માલતી : જી, બાસાહેબ!

ખીરિ : કાનાઈને ખબર નથી કે મારે નાહવાનો વખત થાય ત્યારે શરણાઈ વગાડવાની છે?

માલતી : એને તો હું પાંશરો કરીશ.

[કલ્યાણી જાય છે.]

ખીરિ : માલતી, મારું રત્નસિંહાસન તો બરાબર સંભાળીને મૂકયું છે ને?

માલતી : જી, બાસાહેબ!

ખીરિ : આ મોટાં કીર્તિ ખાટવા ગયાં હતાં તેની ફજેતી તો જોઈ ને?

માલતી : મારું તો હસવું માતું નથી. ગઢવી પાછા ઠેરના ઠેર.

દાસીનો પ્રવેશ

દાસી : કોઈ બાઈ બારણે આવી છે. કહેતાં હો તો પાછી કાઢું?

ખીરિ : ના ના, બોલાવી લાવ. આજે કોણ જાણે કેમ હું ખુશમિજાજમાં છું.

બાઈ પ્રવેશે છે

બાઈ : ભારે આફતમાં આવી પડી છું.

ખીરિ : એ તો ખબર છે. તે વિના કોઈ મારું મોઢું જોવા આવે એમ નથી.

બાઈ : કાલે મારા ઘરમાં ચોરી થઈ છે.

ખીરિ : એટલે તેનો બદલો મારી પાસેથી લેવો હશે?

બાઈ : આપ જો જરા દયા કરો —

ખીરિ : તારા ઘરમાં ચોરી થઈ એ માટે હું તારા ઉપર દયા કરું, પણ મારા ઘરમાંથી તું લઈ જશે તે બદલ મારા ઉપર કોઈ દયા કરવાનું છે ?

બાઈ : શું કરવા દુઃખમાં ગરીબનું અપમાન કરો છો ? તમારે ન આપવું હોય તો ન આપશો. પણ મને કોઈ મદદ કરે એવું હોય તો તેનું નામ તો મહેરબાની કરીને કહો.

ખીરિ : રાણી કલ્યાણીનું નામ તો સાંભળ્યું છે ને ? તે ભારે દાનેશ્વરી છે. મારું માણસ તને તેનો મહેલ બતાવવા આવશે.

બાઈ : તેનો મહેલ તો મને ખૂબ જાણીતો છે. હું પાછી તેને ત્યાં જ જઈશ. (પોતાનું સ્વરૂપ પ્રગટ કરીને) હું લક્ષ્મી છું. તારે ત્યાં મેં બહુ અપમાન વેઠયું. હવે પાછી તેને ત્યાં જાઉં છું. પણ એટલું યાદ રાખજે કે પૈસાથી કદી માણસનું મન મોટું થતું નથી.

ખીરિ : તમારે જવું હોય તો જાઓ ત્યારે, પણ નિયમસર કુર્નિસ બજાવીને જાઓ. માલતી, માલતી, તારિણી ! ક્યાં ગઈ બધી દાસીઓ ? બિનિ ! કિનિ ! કાશી ! ક્યાં ગઈ બધી ?

કલ્યાણીનો પ્રવેશ

કલ્યાણી : તું તો ગાંડી થઈ ગઈ કે શું? તને શું થયું છે? હજી તો રાત છે. મળસકુંયે થયું નથી. આ ભુમરાણ શાનું મચાવ્યું છે? તેં તો આખો મહોલ્લો જગાડયો!

ખીરિ : ઓ મા! આખી રાત મને કેવાં વિચિત્ર સ્વપ્નાં આવ્યાં! સ્વપ્ન ઊડી ગયાં એ સારું થયું. જરા ઊભાં રહો, મને તમારી ચરણરજ લેવા દો. તમે મારાં રાણી છો અને હું તમારી સદાની દાસી છું.

મફતિયાં માલપાણી

શ્રી રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળીનો આ અનુવાદ ભજવવાના હેતુથી કરેલો હોઈ મૂળના શબ્દેશબ્દને વળગી રહેવાનો પ્રયત્ન નથી કર્યો.

ઑફિસના પોશાકમાં અક્ષય બાબુનો પ્રવેશ

(હસતા હસતા): આજે ખરો લાગમાં લીધો છે. ભાઈ સાહેબ રોજ પારકે પૈસે લહેર ઉડાવે છે અને રાજાબાદશાહના જેવી લાંબીચોડી વાતો કરે છે. મહેરબાન આજ વરસેક દિવસ થયાં રોજ કહે છે કે આજે જમાડીશ, કાલે જમાડીશ, અને જમાડવાની વાત નહિ! જેટલી આશા આપી તેના ચોથા ભાગનુંયે જો ભોજન આપ્યું હોત ને તો આજ સુધીમાં ત્રણ રાજસૂય યજ્ઞો થઈ ગયા હોત. હશે. પણ આજે તો મહામહેનતે નોતરું મળ્યું છે. બે કલાકથી અહીં બેઠો છું છતાં હજી ભાઈનાં દર્શન થતાં નથી. છેતર્યો તો નહિ હોય ને? (નેપથ્યમાં જોઈને) અરે એઈ, તારું નામ શું? ભૂલો કે માધુ કે હરિ?

ચંદ્રકાંત? સારું ભાઈ ચંદ્રકાંત. ભાઈ ચંદ્રકાંત, તારા શેઠ ક્યારે આવશે ભાઈ?

શું કહ્યું? શેઠ હોટલમાંથી ખાવાનું લાવવા ગયા છે? શું કહે છે? આજ તો ત્યારે રીતસરની જ્યાફત ઊડવાની!

ભૂખ પણ કકડીને લાગી છે! ખમણ તો હશે જ. અને લસણ નાખેલી કઢી પણ આવવાની જ ત્યારે તો. બસ વાટકો ઉપાડીને જ પીવાના. અને શાક તો ત્રણચાર વાનીનાં આવશે. વળી ઉનાળો છે એટલે શીખંડ નહિ તો રસ તો ખરો જ ખરો. સાથે જો ઈદડાં હોય તો પછી કશી ખામી નહિ રહે! આજ સવારથી જમણી આંખ ફરકયા કરે છે, એટલે મને તો લાગે છે કે ઈદડાં ને રસ જ આવશે! અરે ઓ ચંદ્રકાંત, તારા શેઠ ક્યારેકના ગયા છે?

ઘણી વારના ગયા છે? ત્યારે તો હવે બહુ વાર નહિ લાગે. ત્યાં સુધી એક ચલમ ભરી આપને. હું ક્યારનો બોલ બોલ કરું છું પણ તું કંઈ જવાબ જ દેતો નથી!—

તંબાકુ બહાર નથી? શેઠ કબાટમાં મૂકી ગયા છે? આ તો નવું જ સાંભળ્યું! એ તે કંઈ શેરનાં કાગળિયાં હતાં? હવે શું કરવું? મને જરા અફીણ ખાવાની ટેવ છે. એટલે હવે તંબાકુ વગર રહેવાય એમ નથી. અરે ઓ માધુ, ના, ના, ચંદ્રકાંત, ગમે તેમ કરીને માળી બાળી પાસેથી માગીને એક ચલમ તંબાકુ લાવને ભાઈ.

બજારમાંથી વેચાતો લાવવો પડશે? પૈસા જોઈએ છે? સારુ ભાઈ, તેમ. આ લે, એક પૈસાનો તંબાકુ ચટ કરતો લઈ આવ.

એક પૈસાનો તંબાકુ નહિ ચાલે? કેમ નહિ ચાલે? ભાઈ, મને કંઈ સચીનનો નવાબ બવાબ તો નથી માની બેઠો ને? સોળ રૂપિયાના ભાવનો તળબદો તંબાકુ નહિ હશે તોયે મને તો ચાલશે — એક પૈસામાં થઈ રહેશે.

હૂકોચલમ પણ વેચાતાં લાવવાં પડશે? તે પણ તારા શેઠ તિજોરીમાં મૂકી ગયા છે કે શું? ઇંડિયા બેંકમાં સેફ ડિપોઝીટ તરીકે જ મૂકી આવવાં હતાં ને? અરે વાહ રે! આ તો અજબ જગ્યાએ આવી પડયો છું. ભલે, લે, આ છ પૈસા ટ્રામના ભાડા માટે રાખ્યા હતા. ઉદય આવશે એટલે એની પાસે વ્યાજ સિક્કે લેવા પડશે! અત્યાર સુધી ઊભાં ઊભાં અને ફરી ફરીને મારા તો પગે દુખી ગયા. આમ ક્યાં લગી ઊભા રહેવું? આ એક ખુરસી છે ખરી, પણ ભાર ખમશે એમ લાગતું નથી. લાવ નીચે જ બેસીએ.

(ધોતિયાના છેડા વતે ધૂળ ઝાટકી નાખી છાપું બિછાવી બેસે છે, અને ગણગણ કરતો ગાય છે.)

હમેશાં જો મળે આવી
મફતની મોજ કરવાને

કેમ અલ્યા, તંબાકુ લાવ્યો? શું? એકલી ચલમ જ? હૂકો ક્યાં છે? અહીં છ પૈસામાં હૂકો મળતો નથી? ચલમના જ બે આના પડે છે? જો ભાઈ ચંદ્રકાંત, બહારથી હું જેટલો દેખાઉં છું તેટલો બધો બેવકૂફ નથી. શરીર કરતાં બુદ્ધિ જરા સૂક્ષ્મ છે. તારા શેઠ હૂકોચલમ પણ લોઢાની તિજોરીમાં રાખે છે, એનું કારણ હવે સમજાયું. માત્ર તારા જેવા રત્નને બહાર રાખે છે, એ જ તેમની ભૂલ છે. મને લાગે છે કે તારે ઝાઝા દિવસ બહાર રહેવુંયે નહિ પડે. સરકાર બહાદુરને એક વખત ખબર પડવી જોઈએ — તરત જ પહેરાની વ્યવસ્થા કરી આપશે અને તને ખૂબ સાચવીને રાખશે. હશે. પણ તંબાકુ વગર તો મારો જીવ જાય છે. (ચલમમાં દમ મારી ખોંખતાં ખોંખતાં)

ઓ બાપ રે! આ ક્યાંનો તંબાકુ! આ તો વીલ કરીને તાણવો પડે એવો લાગે છે! બે દમ મારતાં જ મારું તો માથું ફરી ગયું. રહેવા દે ભાઈ, મારે એ નહિ જોઈએ. તારા શેઠને પહેલાં આવવા દે. પણ તારા શેઠને આવવાની કંઈ ઉતાવળ હોય એમ લાગતું નથી. તે કદાચ એકે એકે ઈંદડાં પૂરાં કરતો હશે અને અહીં મારા પેટમાં એવી લાય લાગી છે કે હમણાં કપડાં સળગી ઊઠશે એવી ધાસ્તી લાગે છે. તરસ પણ ખૂબ લાગી છે. પણ જો પાણી માગીશ તો હમણાં ચંદ્રકાંત કહેશે કે પ્યાલો વેચાતો લાવવો પડશે. શેઠ કબાટમાં મૂકી ગયા છે. કંઈ નહિ, પાણી વિના ચલાવીશું. બાગમાંથી એકાદ નારિયેળ પડાવી લઈએ.

અરે ભાઈ ચંદ્રકાંત, એક કામ નહિ કરે? બાગમાંથી એક લીલું નારિયેળ નહિ પાડી લાવે? બહુ તરસ લાગી છે.

કેમ? કેમ નહિ મળે? બાગમાં તો પુષ્કળ નારિયેળ છે. હું હમણાં જોઈને આવ્યોને.

બધાં ઝાડ આપી દીધેલાં છે? તે હશે ભાઈ, પણ એક નારિયેળ નહિ મળે?

પૈસા જોઈએ? પૈસા તો હવે રહ્યા નથી. તો રહેવા દે. શેઠને આવવા દે, ત્યાર પછી જોઈ લેવાશે. — ખીસામાં પગારના પૈસા તો છે. પણ એને વટાવવા આપવાનો જીવ ચાલતો નથી. હજી સરકારના રાજ્યમાં આવો મોટો એક ધાડપાડુ છૂટો ફરે છે, એની મને ખબર નહોતી! — હવે તો ઉદય આવે તો સારું!

આ આવતો લાગે છે! પગલાં સંભળાય છે. હા....શ. સારું થયું. અરે ઓ ઉદય, ઓ ઉદય! ક્યાં છે, આ તો નહોય. તું કોણ છે ભાઈ?

શેઠે તને મોકલ્યો છે? તેના કરતાં જાતે આવ્યા હોત તો સારું થાત. ભૂખે હું તો મરવા જેવો થઈ ગયો છું.

હોટલના શેઠે મોકલ્યો છે? ગુમાસ્તાએ? કેમ, તેમની સાથે તો મારે કંઈ સંબંધ નથી. કંઈ ખાવાનું મોકલ્યું છે કે શું? ખમણ બમણ?

નથી મોકલ્યું? બિલ મોકલ્યું છે? ઉપકાર થયો! જે શેઠના નામનું બિલ છે તેઓ અહીં નથી.

અરે ના રે ના! હું નહિ! આ ખરી મુશ્કેલી,— મારા સમ, ના.

તને છેતરવાથી મને શો લાભ બાપુ? હું અહીં નોતરું જમવા આવ્યો છું ને ત્રણ કલાકથી બેઠો છું — તું હોટલમાંથી આવે છે એટલે તને જોઈને પણ કંઈક સંતોષ વળે છે! તારી આ ચાદર જો રાંધીએને તો તેમાંથીયે કંઈ નહિ તોયે — ગભરાઈશ નહિ. હું તારી ચાદર નહિ લઉં, પણ બિલ પણ મારે જોઈતું નથી.

આ ભલી આફત દેખું! અરે ભાઈ ના કહું છું ના, હું ઉદય બાબુ નથી, હું તો અક્ષય બાબુ છું.

મારું નામ હું જાણું કે તું જાણે? આટલી બૂમ શું કરવા પાડે છે? તું નીચે જઈને જરા બેસ, ભાઈ, ઉદય બાબુ હમણાં આવશે.

સવારમાં આટલા માટે મારી જમણી આંખ ફરકતી હતી? હોટલમાંથી ભાણાને બદલે બિલ આવી પહોંચ્યું.

અકલિત તવ લીલા, પ્રભુ!

હે ભગવાન! તમારી જ અકળ કળાને લીધે સમુદ્ર-મંથન વખતે પણ એકને અમૃત અને એકને હલાહલ મળ્યું હતું. આ હોટલમંથનમાં પણ શું એક જણને મજા અને બીજાને તેનું બિલ મળવાનું છે? અને વળી તે પણ એપાંચ દિવસનું લાગતું નથી!

તું વળી કોણ છે? શેઠે મોકલ્યો છે? શેઠની મોટી મહેરબાની! પણ શેઠ શું એવું માને છે કે તારું મુખદર્શન કરતાં જ મારી ભૂખતરસ મટી જશે? તારા શેઠ તો બહુ સારા માણસ લાગે છે.

શું કહ્યું? ધોતિયાંના પૈસા? કોનાં ધોતિયાંના?

ઉદય બાબુ ધોતિયાં લઈ આવે અને અક્ષય બાબુ તેના પૈસા ચૂકવે! તારી પણ અક્કલની બલિહારી છે!

ખરું કે? કેમ જાણ્યું કે મારું નામ જ ઉદય બાબુ છે? કપાળ ઉપર નામની છાપ મારી હશે, કેમ? મારું અક્ષય બાબુ નામ તને પસંદ નહિ પડ્યું કે શું?

મેં નામ બદલ્યું છે? સારું ભાઈ, પણ શરીર તો કંઈ સહેલમાં બદલાય એમ નથી ને! મારામાં અને ઉદય બાબુમાં શું મળતાપણું જોયું, કહે તો?

ઉદય બાબુને કદી નજરે જોયા નથી? — કંઈ વાંધો

નહિ. જરા સબૂર ખમ. તારા મનનો એ ખેદ હમણાં દૂર થશે. બહુ વાર નહિ થાય. તેઓ હમણાં આવશે.

અરે માર્યા! આ વળી કોણ આવે છે? આપ મહેરબાન ક્યાંથી પધારો છો? તમને પણ અહીં નોતરું છે કે શું?

ઘરભાડું? કયા ઘરનું ભાડું? આ ઘરનું? ભાડાનો દર શો છે?

મહિને સત્તર રૂપિયા? તો હિસાબ કરીને કહોને સાડા ત્રણ કલાકનું કેટલું ભાડું થાય?

મશ્કરી કરતો નથી, ભાઈસાહેબ. મશ્કરી કરવા જેટલું મન પ્રફુલ્લ નથી. અહીંનું નોતરું આવ્યું હતું એટલે સાડા ત્રણ કલાકથી હું અહીં આવ્યો છું! એનું પણ જો ભાડું આપવાનું હોય તો ન્યાયની રીતે હિસાબ કરીને લઈ લો. તંબાકું સુધ્ધાં ગાંઠના પસાનો તાણ્યો છે.

જી ના, આપનું અનુમાન સાચું નથી — આપની જરા ભૂલ થઈ છે — મારું નામ ઉદય નથી, અક્ષય છે. આવી સામાન્ય ભૂલથી એમ તો કંઈ ખાસ નુકસાન થતું નથી, પણ ઘરભાડું ઉઘરાવતી વખતે માબાપે જે નામ પાડ્યું હોય તે જ કાયમ રાખીને ચાલવું તે સારું!

મારે ઘરમાંથી નીકળી જવું પડશે એમ કહો છો? માફ કરજો, એ નહિ બને. સાડા ત્રણ કલાક થયાં પેટમાં હોળી લાગી છે, અને હવે જ્યારે ભોજન આવવાનો વખત થયો ત્યારે તમે ગાળ દેશો એટલે હું ઘર છોડીને ચાલ્યો જઈશ એવો ગર્દભ મને માનશો નહિ. આપ અહીં જ

બેસો. જે જે કહેવું હોય તે કહી જાઓ. હું જમ્યા પછી ઘર છોડી જઈશ !

બોલી બોલીને મારું ગળુંયે સુકાઈ ગયું. હવે તો બોલાતુંયે નથી. ભૂખથી પેટમાં વેંત વેંતના ખાડા પડી ગયા. આ કોઈનાં પગલાં સંભળાય. અરે ઉદય, ઓ મારા અંધની લાકડી, હૈયાના હાર, આંખના તારા, એક વાર દર્શન આપ. હવે તો નથી રહેવાતું !

તું વળી કોણ છે ? જો ગાળબાળ દેવાની હોય તો ત્યાં બેસીને શરૂ કરી દે. હોકારો પૂરનાર ઘણા જણ ત્યાં બેઠા છે.

હરિબાબુએ મને બોલાવ્યો છે ? એ વાત સાંભળીને મને ખૂબ સંતોષ થયો. તે મારા ઉપર ખૂબ હેત રાખે છે, એમાં શક નહિ; પણ મારા પરમ મિત્ર જેમણે મને નોતરું દઈને બોલાવ્યો છે, તેઓ દેખા જ દેતા નથી, અને જેમની સાથે મને કદી ઓળખાણપિછાન નહોતી તેઓ આજ સવારથી ઉપરાછાપરી મારી સંભાળ લે છે, એનું કારણ શું ? વારુ ભાઈ, હરિબાબુ નામે કોઈ એક ગૃહસ્થ કેમ મને અચાનક યાદ કરે છે, અને મને મળવા આમ અધીરા થઈ ગયા છે ? કંઈ કહી શકીશ ?

શું ? મારી સ્ત્રીને માટે બંગડી ઘડાવવા નમૂનો જોવા તેમને ત્યાંથી બંગડી લઈ આવ્યો હતો તે મેં પાછી જ આપી નથી ? જુઓ, આ સંબંધે મારે ઘણું કહેવાનું છે, પણ હાલ તુરત તો આટલું જ કહીને સંતોષ માનું છું કે, મેં કોઈને ત્યાંથી કોઈ ઘરેણાં આણ્યાં નથી, અને

મારે ઓ જ નથી. જે બધી અગત્યની વાતો મારે કહેવાની હતી તે આજે કહેતો નથી, માફ કરજો. ગળું સુકાઈ ગયું છે. તરસથી છાતી ફાટી જાય છે! તમે હવે અરધોક કલાક રાહ જુઓ, એટલામાં તમે બધી ખબર જાણવા પામશો. (મોટેથી) ઓ ઉદય, ઓ ઉદ્દા, અરે અભાગિયા, પાજી, છછુંદર, ડૅમ, સૂવર, સ્ટુપિડ — આ મારું પેટ તો બળી ગયું, ગળુંયે સુકાઈ ગયું, માથું ફાટી ચાલ્યું — ઓ નરાધમ, કુલાંગાર !—

ના ના, ભાઈસાહેબ, તમને નથી કહેતો! તમો આમ આકળા થશો નહિ. હું તો ભૂખનો માર્યો મારા પ્રાણપ્રિય મિત્રને બોલાવું છું. તમે લોકો બેસો!

હવે નથી બેસાતું, એમ? બહુ મોડું થઈ ગયું છે? એ મને કંઈ કહેવું પડે એમ નથી. મોડું થઈ ગયું છે એમાં શંકા નથી. તો પછી હું તમને આગ્રહ કરીને રોકી રાખવા માગતો નથી. તો આપ ભલે પધારો! આપની સાથે મીઠી વાતચીત કરવામાં મારો વખત ખૂબ આનંદમાં ગયો!

પણ તમે હવે જે શબ્દો બોલો છો તે જરા વધારે પડતા લાગે છે! ખૂબ નિકટના મિત્રને પણ માણસ પ્રેમથી સ્યાલક કહેતાં અચકાય છે, પણ તમો તો થોડી જ ઓળખાણમાં મારી સાથે આટલી બધી આત્મીયતા બતાવો છો, એથી મને જરા સંકોચ અને શરમ લાગે છે. તમો મારી પાસે જેટલાની આશા રાખો છો, તેટલું હું આપી શકવાનો નથી.

હવે તમે બસ કરો! તમે બે વેળ નિયમિત ભોજન કરો છો, એટલે તમને ખબર નહિ હોય કે માણસ ભૂખ્યો થાય છે ત્યારે તેનો સ્વભાવ કેવો થઈ જાય છે. એટલે જ હવે તમે મને આ સ્થિતિમાં ચીડવવાની હિંમત કરો છો!

જુઓ પાછા, ફરી બોલ્યા કે? જુઓ ભાઈ, મને તમે નહિ પહોંચો. શરીર જોઈને એટલુંયે સમજતા નથી? મહા મહેનતે ગુસ્સો દબાવી રાખ્યો છે — રખેને એકાદ ખૂનખૂન થઈ જાય. ભલે, મને ચીડવો, જોઉં વારુ! જોઉં તો ખરો કે તમારામાં કેટલું પાણી છે! તમે ચીડવો ત્યારે ખરા. આ જુઓ, હું ખૂબ ગંભીર થઈને શાંત બનીને બેસું છું! ઓ બાપરે! આ લોકો તો બધા મળીને મારવાની વાત કરે છે. ખાલી પેટે માર નહિ ફાવે. વારુ, ભાઈ, તમો બધા બેસો. તમો દરેક જણ કેટલું માગો છો કહો. — સારું થયું કે પગારના પૈસા ખીસામાં હતા, નહિ તો આજ ભગવાનનું નામ લઈને ભૂખે પેટે જ દોટ મૂકવી પડત. હમણાં તો જીવ બચાવું, ત્યાર પછી રૂપિયા ઉદયની પાસેથી લઈ લેવાશે!

તું ફકત પાંચ રૂપિયા માગે છે, પણ તેં પંચાવન રૂપિયાની ગાળ દઈ દીધી છે — આ લે તારા રૂપિયા.

અરે એ — તારું હોટલનું બિલ આ ચૂકવી દઉં છું, જો કોઈ વાર કવખતે તમારે શરણે આવી પડું તો ઓળખાણ રાખજે.

તું ત્રણ મહિનાનું ઘરભાડું માગે છે ને? એક મહિનાનું ભાડું આજ આપું છું, બાકીનું પછી લઈ જજે.

તેં તો ભાઈ મને ગાળ દઈને સોળેસોળ આના વસૂલ કરી લીધા, એટલે તારું મન પણ કંઈક હળવું થયું લાગે છે. હવે આશીર્વાદ દઈને રસ્તે પડ!

•

અરે ભાઈ, તારાં ઘરેણાં પાછાં આપવાં એ સહેલી વાત નથી. જો મારી સ્ત્રી હોત તોયે તે પાછાં લાવવાં મુશ્કેલ થઈ પડત: સ્ત્રી છે જ નહિ, અને તારાં ઘરેણાં તેને આપ્યાં જ નથી, તો પછી તે પાછાં લાવવાં એ કેટલું કઠણ કામ છે તે સહેજ વિચાર કરશે તો તને પણ સમજાશે. છતાં જો તું હઠ જ પકડશે તો પછી મારે તારા હરિબાબુને ત્યાં આવવું પડશે — પણ ખાવાનું આવે છે કે નહિ એની હજી થોડી વાર રાહ જોયા વિના ખસવાનું મન થતું નથી! ઓરે, હવે તો નથી રહેવાતું. ચંદ્ર, ઓ ચંદ્ર, અહીં ઉદયનો તો સંબંધ જ જણાતો નથી, હવે તો માત્ર તું સુધ્ધાં જો અસ્ત થઈ જાય તો પછી મારે તો પૂરેપૂરું અંધારું જ વળી જાય. ચંદ્ર, ઓ ચંદ્રકાંત. આ આવ્યો! ચંદ્ર, તું તો તારા શેઠને બરાબર ઓળખતો હઈશ. સાચું કહેજે, આજ, કાલ કે પરમ દિવસ સુધીમાં તે હોટલમાંથી આવશે ખરા?

બનતાં સુધી નહિ આવે? આટલા અનુભવ પછી મને તારી વાત પર વિશ્વાસ આવે છે. ભાઈ, ખૂબ ભૂખ લાગી છે. હવે ગાળ દેવાનો પણ વખત રહ્યો નથી. આ અડધો લઈને જો ચટ દઈને કંઈ ખાવાનું લઈ આવે તો મારો જીવ બચે. ભાઈસાહેબ રાજાબાદશાહના જેવો રોફ રાખે અને કામકાજ કંઈ કરે નહિ; અમને થતું આ શી રીતે ચલાવે છે! હવે બધી ખબર પડી! પણ રોજ આટઆટલી

ગાળ ખાવી, આટઆટલાં બિલ પાછાં ઠેલવાં, એ કંઈ જેવી તેવી વાત નથી ! આટલી મહેનત આપણને તો નહિ પોસાય, એના કરતાં ઘાણી ખેંચવી તે સારી.

અરે કેમ અલ્યા ? એકલા મમરા કેમ લઈ આવ્યો ? બીજું કંઈ મળ્યું નહિ ? પૈસા કંઈ પાછા આવ્યા ?

નહિ ? સારું, તો લાવ, મમરા તો મમરા.

[ખાય છે.]

ઓ ચંદ્ર, શું કહું, ભૂખને પ્રતાપે આ વાસી મમરા પણ અમૃત જેવા લાગે છે ! ઘણી ઘણી જ્યાફતો ખાધી છે, પણ આવી મજા કયાંય નથી ચાખી ! ચંદ્ર, તું સાચે જ સુધાકર છે, પણ આજે કલંકનો હિસ્સો જ જરા વધી ગયો. નારિયેળ પણ લાવ્યો છે ? એને માટે કાંઈ જુદું આપવું પડશે કે શું ?

નહિ આપવું પડે ? મનમાં દયા છે ખરી. હવે જો એક ગાડી બોલાવી લાવે તો આસ્તે આસ્તે ઘેર પહોંચું.

અહીં ગાડી મળતી નથી ? ત્યારે તો ભારે આફત ! મારાથી આમ ભૂખે પેટે થાકેલે શરીરે ચાર માઈલ નહિ ચલાય. ભોજનની આશા હતી એટલે આવતી વખતે જોર હતું. હવે શું કરવું ? ચાલો, નીકળીએ ત્યારે !

અરે ભગવાન ! હવે અત્યારે હરિબાબુને ત્યાં જવું પડશે ? ચંદ્ર, આજ તેં મારા ઉપર અનેક ઉપકાર કર્યા છે, હવે બીજું કંઈ નહિ પણ આ ભાઈને જરા સમજાવ કે હું ઉદય બાબુ નથી, હું તો રતનપોળનો અક્ષય બાબુ છું.

એ તારું કહ્યું નહિ માને? એનો ઝાઝો વાંક નહિ કાઢી શકું, કદાચ એ તને ઘણા વખતથી ઓળખતો હશે. ગમે તેમ હવે મારામાં ઝઘડો કરવાનું જોર રહ્યું નથી. ધીમે ધીમે હરિબાબુને ત્યાં જ જાઉં. ભાઈ, જોઈને મારી દશા. જો રસ્તામાં જ કાંઈ થયું, તો અગ્નિસંસ્કારનો ખર્ચ તારે માથે જ પડશે. — પહેલેથી કહી રાખું છું.

ચંદ્ર, તું પાછો શું કામ હાથ લંબાવે છે? તમારા પ્રતાપે આજે એટલા સસ્તામાં ભોજન જમ્યો છું કે ઘણા દિવસ લગી મને હવે ભૂખ જ લાગવાની નથી. હજી શું જોઈએ છે?

ઓ! બક્ષિસ! એ પતાવેલી જ સારી. જો આટલું બધું કર્યું તો છેવટે એટલી ઊણપ શું કામ રાખું! પણ મારી પાસે હવે એક જ રૂપિયો બાકી છે. તેમાંથી બાર આના મારે ગાડીભાડા માટે રાખવા છે. જો તારી પાસે કંઈ પરચૂરણ હોય તો —

પરચૂરણ નથી? (ખીસું ઉલટાવી છેલ્લો રૂપિયો આપી) તો આ લે ભાઈ, તમારા ઘરમાંથી હું તો બિલકુલ ગજ-ભુક્ત કપિત્થ જેવો થઈને નીકળ્યો.

પણ આ બધા રૂપિયા મેં આપ્યા તે ઉદય પાસે પાછા શી રીતે કઢાવાશે! કોઈ કીમતી વસ્તુ જો હાથમાં આવે, તો તે આડમાં રાખી લેવાય.

કીમતી વસ્તુમાં તો આ એક ચંદ્રકાંત છે! પણ એને રાખવો એ મારું કામ નથી, મને જ એ ખિસ્સામાં ઘાલીને ફરે એવો છે.

(ખૂણામાંનો એક કબાટ જોરપૂર્વક ઉઘાડીને) વાહ ! આ સારું થયું ! અછોડો પણ સુંદર છે ! તો તો ઘડિયાળ અને અછોડો બંને જ રાખી લઉં.

કેમ રે ચંદ્ર, આટલો બધો ગભરાયેલો કેમ દેખાય છે ?

પોલીસ ! પોલીસ આવે છે ?

મારે ભાગી જવું જોઈએ ? કેમ, મેં શું ગુનો કર્યો છે ? એક ગૃહસ્થને ત્યાં નોતરું જમવા આવ્યો છું, અને તેનીયે મને જોઈએ એટલી સજા થઈ ચૂકી છે !

અરે, વાત સાચી લાગે છે ! ચંદ્ર ક્યાં ગયો ? હરિબાબુનો પેલો માણસ પણ જણાતો નથી, બધા નાસી ગયા લાગે છે.

જો ભાઈ, શરીર પર હાથ ઉગામીશ નહિ. પરિણામ સારું નહિ આવે. હું પણ ગૃહસ્થ છું, ચોર નથી.

અરે, અરે, આ શું કરે છે ! વાગે છે ! ભાઈ, આજ આખો દિવસ મમરા ખાઈને રાહ જોવામાં કાઢ્યો છે, આજે મને તમારા લોકોની આ મશ્કરી સારી નથી લાગતી.

સિપાઈ દાદા, જોઈએ તો ચાપાણીના પૈસા લો. (ખીસામાં હાથ ઘાલીને) હાય, હાય, એક પૈસોયે નથી ! જમાદાર સાહેબ, જો તમારે ચોર પકડવો હોય તો ચાલો હું તમને બતાવું છું ! જેલ શરૂ થઈ ત્યારથી આજ સુધીમાં આવો મોટો ચોર આખી દુનિયામાં નહિ જોયો હોય !

મેં શું કર્યું છે, કહો તો ખરા. જીવન બાબુના નામની સહી કરીને હેમિલ્ટનની દુકાનેથી ઘડિયાળ લઈ

આવ્યો છું ? જમાદાર સાહેબ, ગૃહસ્થ થઈને ગૃહસ્થ ઉપર આવો આરોપ મૂકતાં અચકાતા પણ નથી ?

અરે આ શું કરો છો ? શું કરવા આમ ખેંચો છો ? એ મારી ઘડિયાળ નથી, જો અછોડો બછોડો તૂટી ગયો તો હું મુશ્કેલીમાં આવી પડીશ.

શું ! આ જ તે હેમિલ્ટનની ઘડિયાળ ! ઓ બાપરે ! સાચું કહો છો ? તો ભલે લઈ જાઓ, લઈ જાઓ, અત્યારે ને અત્યારે લઈ જાઓ. પણ ઘડિયાળ ભેગો મનેયે શું કરવા ખેંચો છો ? હું કાંઈ સોનાની ચેન થોડો જ છું. હું સોનાનો અક્ષય છું ખરો, પણ તે તો મારી માને મન.

જો છોડી શકો એમ ન જ હોય તો ચાલો, બાપુ. મારા પર સૌ કોઈ હેત રાખે છે, એનો પુરાવો મને સવારથી અત્યાર સુધીમાં ખૂબ મળી ચૂક્યો છે. હવે તમારા મેજિસ્ટ્રેટનું હેત મારા ઉપર ન ઊતરે તો ગંગા નાહ્યા.

અંત્યેષ્ટિસત્કાર

પહેલું દૃશ્ય

[રાય કૃષ્ણકિશોર બહાદુર મરણપથારીએ પડેલા છે. ચંદ્રકિશોર, નંદકિશોર અને ઇન્દ્રકિશોર એ ત્રણ પુત્રો મસલત કરવામાં ગૂંથાયેલા છે. ડૉકટરસાહેબ હાજર છે. સ્ત્રીઓ રડુંરડું થઈ રહી છે.]

ચંદ્ર : કોને કોને લખું ?

ઇન્દ્ર : રેનાલ્ડ્ઝ સાહેબને લખ.

કૃષ્ણ : (મહાકષ્ટે) શું લખશો, ભાઈ ?

નન્દ : તમારા મૃત્યુસમાચાર.

કૃષ્ણ : પણ હજી તો હું મર્યોયે નથી, ભાઈ !

ઇન્દ્ર : તમે હજી મર્યા નથી એ ખરું, પણ અમારે તો અમુક વખત નક્કી કરીને લખી નાખવું પડશે ને ?

ચંદ્ર : જેમ બને તેમ જલદી સાહેબોના કૉન્ડોલન્સ લેટર્સ (દિલાસાપત્રો) મેળવીને છાપાંઓમાં છપાવી દેવા જોઈએ. બધું પતી ગયા પછી છપાવીશું તો તેની ઝાઝી અસર નહિ થાય.

કૃષ્ણ : જરા સબૂર કરો—પહેલાં મને મરવા દો.

નન્દ : સબૂર કર્યે હવે ચાલે એમ નથી, બાપુ. સિમલા, દાર્જિલિંગ વગેરે ઠેકાણે જેઓને કાગળો

લખવાના છે તેઓની એક યાદી કરીએ. તમે બોલવા માંડો.

ચન્દ્ર : વાઇસરોય સાહેબ, ઇલ્બર્ટ સાહેબ, વિલ્સન સાહેબ, બેરસ્ફોર્ડ સાહેબ, મેકોલે, પિકોક —

કૃષ્ણ : ભાઈ, મારા કાન આગળ આ બધાં કોનાં નામો લો છો? એના કરતાં ભગવાનનું નામ લો. આખરે તે જ સહાય કરનાર છે. હરિ હે —

ઇન્દ્ર : ઠીક યાદ આવ્યું — હેરિસન સાહેબનું નામ યાદ જ નહોતું આવતું.

કૃષ્ણ : ભાઈ, રામ રામ બોલો —

નન્દ : હું — રામ્સે સાહેબને તો ભૂલી જ ગયો હતો.

કૃષ્ણ : નારાયણ નારાયણ —

ચંદ્ર : નંદ, લખ તો નારેન સાહેબનું નામ, લખ તો.

સ્કંદકિશોરનો પ્રવેશ

સ્કંદ : વાહ, તમે ખરા, મૂળ વાત જ ભૂલી ગયા!

ચન્દ્ર : શું છે, કહે તો ખરો.

સ્કંદ : શ્મશાનઘાટે જવાના પ્રોસેશન (સરઘસ)માં જેઓ આવનાર હોય તેઓને પહેલેથી ખબર આપવી જોઈશે ને!

કૃષ્ણ : ભાઈ, મૂળ વાત કઈ થઈ! પહેલાં હું મરું તો ખરો, ત્યાર પછી —

ચંદ્ર : એની કશી ફિકર નથી. ડૉક્ટર!

ડૉક્ટર : જી.

ચંદ્ર : બાપુને હવે કેટલી વાર છે? બધાને ક્યારે આવવાનું કહીએ?

ડૉક્ટર : મને લાગે છે કે — (સ્ત્રીઓ રડે છે.)

સ્કંદ : (ખીજવાઈ જઈ ને) મા, તમે તો ભારે ધાંધલ મચાવી મૂકી. પહેલાં વાત તો પૂછી લેવા દે. ડૉક્ટર સાહેબ, ક્યારે?

ડૉક્ટર : મને લાગે છે કે રાત—(ફરી રુદન)

નન્દ : આ તો મુશ્કેલી થઈ. કામની વખતે આવું કરો એ નહિ ચાલે. તમારા રડવાથી શું વળવાનું છે? અમે મોટા મોટા સાહેબોના કૉન્ડોલન્સ લેટર્સ છાપાંમાં છપાવવાના છીએ.

[સ્ત્રીઓને બહાર કાઢી મૂકવામાં આવે છે.]

સ્કંદ : ડૉક્ટર, કેમ લાગે છે?

ડૉક્ટર : અત્યારની સ્થિતિ ઉપરથી તો એમ લાગે છે, કે રાત્રે ચાર વાગ્યે મરણ થશે.

ચંદ્ર : ત્યારે તો હવે વખત — જા તો નન્દ, દોડ તો, સ્લીપો ઊભોઊભો છપાવી લાવ તો.

ડૉક્ટર : પણ પહેલાં દવા —

સ્કંદ : અરે, તમારું દવાખાનું કંઈ નાસી નથી જવાનું. પ્રેસ બંધ થઈ જશે તો ભારે આફત થઈ પડશે.

ડૉક્ટર : જી, પણ દરદી ત્યાં સુધી —

ચંદ્ર : તેથી જ તો આ ઉતાવળ કરીએ છીએ. કદાચ સ્લીપો છપાવવા પહેલાં જ દરદી—

નન્દ : સારું, આ ચાલ્યો.

સ્કંદ : લખી દેજે કે કાલે આઠ વાગ્યે પ્રોસેશન શરૂ થશે.

*

દૃશ્ય બીજું

સ્કંદ : કેમ ડોકટર ! ચારને બદલે સાત થયા !

ડોકટર : (ભોંઠો પડીને) હં—નાડી હજી પણ બરાબર જોરમાં ચાલે છે.

ચંદ્ર : વાહ, તમે જબરા ડોકટર લાગો છો ! ખરા મુશ્કેલીમાં નાંખ્યા.

નન્દ : દવા લાવતાં મોડું થયું તેથી જ આ આફત પેદા થઈ. ડોકટરની દવા બંધ કરી એટલે જ બાપુને હોશિયારી આવતી જાય છે.

કૃષ્ણ : અત્યાર સુધી તો તમે બધા ખૂબ પ્રફુલ્લિત હતા અને હવે કેમ એકાએક મૂંઝવણમાં પડી ગયા લાગો છો ? મને તો હવે સારું લાગે છે.

સ્કંદ : પણ અમને સારું નથી લાગતું ને. અમે તો સ્મશાનઘાટે જવાની ગોઠવણ કરી બેઠા છીએ.

કૃષ્ણ : હં, મારે મરવું જ જોઈતું હતું.

ડોકટર : એક કામ કરો તો બધી મુશ્કેલી ટળી જાય.

ઇન્દ્ર : શું ?

સ્કંદ : શું ?

ચંદ્ર : શું ?

નન્દ : શું ?

ડૉકટર : એમને બદલે તમે કોઈ વખતસર મરી જાઓ !

*

દશ્ય ત્રીજું

[બહાર લોકો ભેગા થયા છે]

કાનાઈ : અરે સાડાઆઠ વાગ્યા. વાર શાની છે ?

ચંદ્ર : બેસો, જરા હૂકો તો પીઓ.

કાનાઈ : હૂકો તો સવારથી પીએ જ છીએ તો.

વિપિન : કયાં છે ? તમારી કંઈ તૈયારી તો જણાતી નથી.

ચંદ્ર : તૈયારી તો બધી થઈ ગઈ છે — કશું બાકી નથી — હવે માત્ર —

રામતારણ: શું છે ચંદ્ર — હવે વિલંબ કરવો ઠીક નથી.

ચંદ્ર : તે તો હું સમજું છું, પણ —

હરિહર : વિલંબ કેમ થાય છે ? ઑફિસનો વખત થવા આવ્યો. આ છે શું !

ઇન્દ્રાકશોરનો પ્રવેશ

ઇન્દ્ર : અધીરા થશો નહિ. હવે પતી ગયું છે — ત્યાં સુધી કૉન્ડોલન્સ લેટર્સ વાંચો, (હાથોહાથ

આપીને) આ ગવર્નર સાહેબને, આ હેરિસનનો, આ સર જેમ્સ —

સ્કંદકિશોરનો પ્રવેશ

સ્કંદ : આ લો, છાપાંમાં આવેલા બાપુના મરણસમાચાર વાંચો. આ 'સ્ટેટ્સમન,' આ 'ઇંગ્લિશમેન' —

મધુસૂદન : (જાદવને) જોયું ને ભાઈ, આપણા બંગાળી લોકો કદી પંકચ્યુયાલિટી (નિયમિતતા) સમજવાના જ નહિ.

ઇન્દ્ર : ખરું કહ્યું, મરવાના ખરા, પણ પંકચ્યુયલ નહિ થવાના.

[છાપાં અને દિલાસાપત્રો વાંચતાં વાંચતાં]

રાધામોહન : હાય હાય ! આવા પુરુષનોયે આવો અંત !

રસિક : ' જે જાયું તે જાય
ફૂલ્યું જે તે કરમાશે !'
એવું જે કવિએ કહ્યું છે. તે સાવ સાચું છે.
' જે જાયું તે જાય —

એ ડી એસ્કવાયર : O Tempora, O Morse !

તર્કવાગીશ : चलच्चित्तं, चलद्वित्तं चलज्जीवन हाय हाय, हाय.

ન્યાયવાગીશ : यदुपते: क्व गता मथुरापुरी रघुपतेः क्व गता— (કંઠ રૂંધાઈ જાય છે.)

દુઃખીરામ : હાય કૃષ્ણકિશોર બાબુ ! તમે ક્યાં ગયા રે !—

કૃષ્ણકિશોર : (નેપથ્યમાંથી ક્ષીણ સ્વરે) હું અહીં જ છું, ભાઈ ! આમ રાડો પાડો તો તમને મારા સમ છે.

અનુવાદકનાં પુસ્તકો

૧	ચુંબન અને બીજી વાતો	૧૯૨૮
૨	કાવ્યપરિચય ભા. ૧–૨ (શ્રી રા. વિ. પાઠક સાથે)	૧૯૨૮
૩	પરિણીતા (શ્રી શરચ્ચંદ્ર)	૧૯૩૧
૪	ખાદીનું વ્યાપક અર્થશાસ્ત્ર (શ્રી જેઠાલાલ ગાંધી સાથે)	૧૯૩૧
૫	વિસર્જન (શ્રી રવીન્દ્રનાથ)	૧૯૩૨
૬	પૂજારિણી અને ડાકઘર (શ્રી રવીન્દ્રનાથ)	૧૯૩૨
૭	પલ્લીસમાજ (શ્રી શરચ્ચંદ્ર)	૧૯૩૩
૮	ચંદ્રનાથ (શ્રી શરચ્ચંદ્ર)	૧૯૩૩
૯	સ્વદેશી સમાજ (શ્રી રવીન્દ્રનાથ)	૧૯૩૪
૧૦	સાબરમતી (સંપાદન)	૧૯૩૪
૧૧	ઘરે બાહિરે (શ્રી રવીન્દ્રનાથ)	૧૯૩૫
૧૨	ચતુરંગ અને બે બહેનો (શ્રી રવીન્દ્રનાથ)	૧૯૩૬
૧૩	સત્તાવન	૧૯૩૮
૧૪	નૌકાડૂબી (શ્રી રવીન્દ્રનાથ)	૧૯૩૮
૧૫	ઉપેન્દ્રની આત્મકથા	૧૯૩૯
૧૬	કલ્કી (શ્રી રાધાકૃષ્ણન)	૧૯૩૯
૧૭	ગીતાંજલિ અને બીજાં કાવ્યો (શ્રી રવીન્દ્રનાથ)	૧૯૪૨
	તીર્થસલિલ (શ્રી દિલીપકુમાર રાય)	૧૧૪૨
૧૯	પૂર્વ અને પશ્ચિમ (શ્રી રવીન્દ્રનાથ)	૧૯૪૨
૨૦	નિઃસંતાન (વિવિધ)	૧૯૪૨
૨૧	વિશ્વપરિચય (રવીન્દ્રનાથ)	૧૯૪૩
૨૨	કાવ્યવિચાર (શ્રી સુરેન્દ્રનાથ દાસગુપ્ત)	૧૯૪૪
૨૩	ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ (શ્રી કુમારપ્પા)	૧૯૪૫
૨૪	લક્ષ્મીની પરીક્ષા (શ્રી રવીન્દ્રનાથ)	૧૯૪૭

મુદ્રકઃ શારદા મુદ્રણાલયઃ અમદાવાદ